અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

13 MARCH-2026 FRIDAY | Vol. : 17 | Issue : 249 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  સેન્ટ્રલ ફોર્સમાં 93000 જગ્યાઓ ખાલી: CRPFમાં સૌથી વધુ 27 હજાર, સરકારે સંસદમાં જણાવ્યું- 5 વર્ષમાં....

4  કોંગ્રેસના તીખા સવાલોથી સરકાર સ્તબ્ધ

6  શું ધોનીએ યુવરાજ સિંહને ટીમ ઈન્ડિયાથી બહાર કઢાવ્યો? પૂર્વ સિલેક્ટરે કર્યો ખુલાસો

7  ભારત સામે ટ્રમ્પે નવું હથિયાર ઉગામ્યું: શું છે 'સેક્શન 301', અમેરિકાએ ભારત સહિત 16 દેશ સામે તપાસ શરૂ કરી....


# અમેરિકાએ હાથ ઊંચા કર્યા, ઓઇલ ટેન્કરોને સુરક્ષા નહીં આપે

## USAના ઉર્જા મંત્રીએ કહ્યું- અમારી નૌસેના તૈયાર નથી, હાલમાં ઈરાનને નિશાન બનાવવા પર ફોકસ

**તેહરાન, તા.12**

અમેરિકા હાલમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં ઓઈલ ટેન્કરોને સૈન્ય સુરક્ષા નહીં આપે. અમેરિકી ઉર્જા મંત્રી ક્રિસ રાઈટે કહ્યું છે કે તેમની નૌસેના અત્યારે ટેન્કરોને એસ્કોર્ટ કરવા માટે તૈયાર નથી. CNBC ન્યૂઝ સાથેની વાતચીતમાં રાઈટે કહ્યું કે અમેરિકાનું ફોકસ આ સમયે ઈરાનની આક્રમક ક્ષમતાઓ અને તેમને સપોર્ટ કરનારા ઉદ્યોગોને નિશાન બનાવવા પર છે. આ જ કારણસર ટેન્કરોની સુરક્ષા માટે એસ્કોર્ટ મિશન અત્યારે શરૂ કરવામાં આવ્યું નથી.

તેમણે કહ્યું કે આ વ્યવસ્થા ટૂંક સમયમાં લાગુ થઈ શકે છે અને અમેરિકી નૌસેના મહિનાના અંત સુધીમાં આ મિશન માટે તૈયાર થઈ શકે છે. આ મામલે રક્ષા અધિકારીઓ સાથે ચર્ચા જારી છે.

ઈરાનમાં ફસાયેલા ભારતીયોની મદદ કરી રહી છે સરકાર: MEA મુજબ, ઈરાનમાં હાજર ભારતીયોને સુરક્ષિત બહાર કાઢવા માટે સરકાર મદદ કરી રહી છે. અઝરબૈજાન અને આર્મેનિયાના રસ્તે પરત ફરનારાઓને વિઝા અને સરહદ ઓળંગવામાં સહાયતા આપવામાં આવી રહી છે. ઈરાનમાં આશરે 9 હજાર ભારતીય નાગરિકો: વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ઈરાનમાં આશરે 9 હજાર ભારતીયો છે. જેમાં વિદ્યાર્થીઓ, નાવિકો, વેપારીઓ, પ્રોફેશનલ્સ અને શ્રદ્ધાળુઓ સામેલ છે.

પીએમ મોદીએ ખાડી દેશોના નેતાઓ સાથે વાત કરી: વડાપ્રધાન મોદીએ ખાડી દેશોના નેતાઓ સાથેની વાતચીતમાં વહેલી તકે શાંતિ સ્થાપવા માટે સંવાદ અને કૂટનીતિ પર ભાર મૂક્યો હતો.

નાગરિકોની સુરક્ષા પર ભારતનો ભાર: ભારતે સંઘર્ષમાં સામાન્ય લોકોને થતા નુકસાનથી બચાવવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ઈરાનના ખાડી દેશો પર હુમલાની વચ્ચે ઘણી મોટી નાણાકીય કંપનીઓએ પોતાના કર્મચારીઓને મિડલ ઈસ્ટની ઓફિસોથી દૂર રહેવા માટે કહ્યું છે.

સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ, ગોલ્ડમેન સેક્સે ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓને ઘરેથી કામ કરવાનો નિર્દેશ આપ્યો છે અને સ્થાનિક પ્રશાસનની સલાહ માનવા માટે કહ્યું છે. સિટી બેંકે સાવચેતીના ભાગરૂપે UAE માં પોતાની મોટાભાગની બ્રાન્ચ



ગુરુવારથી શનિવાર સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. કતારમાં HSBC એ પોતાના ગ્રાહકોને જણાવ્યું કે દેશમાં તેની તમામ શાખાઓ આગામી આદેશ સુધી અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવી છે. આ પગલાં એ નિવેદનના એક દિવસ પછી ઉઠાવવામાં આવ્યા છે, જેમાં તેહરાનના એક સૈન્ય પ્રવક્તાએ કહ્યું હતું કે ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ સાથે જોડાયેલા પ્રાદેશિક આર્થિક ઠેકાણાઓને નિશાન બનાવી શકે છે. લેબનોનમાં ઈઝરાયલી હુમલામાં મરનારાઓની સંખ્યા વધીને 687 થઈ ગઈ છે. માહિતી મંત્રી પોલ મોરકોસે ગુરુવારે આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું કે મરનારાઓમાં 98 બાળકો પણ સામેલ છે. આ ઉપરાંત 15 ડોક્ટર અને બચાવકર્મીઓના પણ મોત થયા છે, જ્યારે 45 લોકો ઘાયલ થયા છે. અમેરિકા હાલમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં તેલ ટેન્કરોને સૈન્ય સુરક્ષા આપશે નહીં. અમેરિકી ઉર્જા મંત્રી ક્રિસ રાઈટ જણાવ્યું છે કે તેમની નૌસેના અત્યારે ટેન્કરોને એસ્કોર્ટ કરવા માટે તૈયાર નથી.

CNBC સાથેની વાતચીતમાં રાઈટે કહ્યું કે, અમેરિકાની સૈન્ય તાકાત આ સમયે ઈરાનની આક્રમક ક્ષમતાઓ અને તેમને સપોર્ટ કરનારા ઉદ્યોગોને નિશાન બનાવવા પર કેન્દ્રિત છે. આ જ કારણસર ટેન્કરોની સુરક્ષા માટે 'એસ્કોર્ટ મિશન' હજુ શરૂ કરવામાં આવ્યું નથી. તેમણે ઉમેર્યું કે આ વ્યવસ્થા ટૂંક સમયમાં લાગુ થઈ શકે છે અને અમેરિકી નૌસેના મહિનાના અંત સુધીમાં આ મિશન માટે તૈયાર થઈ શકે છે. આ મામલે સંરક્ષણ અધિકારીઓ સાથે ચર્ચા ચાલી રહી છે. ઈરાનના નવા સુપ્રીમ લીડર અયાતુલ્લા સૈયદ મુજતબા ખામેનેઈ થોડી વારમાં પોતાનું પ્રથમ નિવેદન જાહેર કરશે. ઈરાનના સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, તેમનું લેખિત નિવેદન ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે.

સરકારી મીડિયાનું કહેવું છે કે સુપ્રીમ લીડર તરીકે ચૂંટાયા બાદથી ખામેનેઈ ન તો જાહેરમાં દેખાયા છે અને ન તો તેમનું કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું છે. એવું જણાવવામાં આવ્યું છે કે પ્રથમ નિવેદનમાં મુજતબા દેશ અને વર્તમાન પરિસ્થિતિ અંગે વાત કરી શકે છે. લેબનોનમાં ઈઝરાયલી હુમલામાં 15 સ્વાસ્થ્યકર્મીઓના મોત થયા છે, જ્યારે અન્ય 45 લોકો ઘાયલ થયા છે. લેબનોનના માહિતી મંત્રાલયના જણાવ્યા અનુસાર, મૃતકોમાં એમ્બ્યુલન્સ ક્રૂ પણ સામેલ છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, તાજેતરના દિવસોમાં તેજ થયેલા હુમલાઓમાં અનેક મેડિકલ સ્ટાફ અને એમ્બ્યુલન્સ કર્મચારીઓ પણ નિશાના પર આવ્યા હતા. લેબનોનમાં 2 માર્ચથી ચાલુ ઈઝરાયલી હુમલાઓમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 634 લોકોના મોત થઈ ચૂક્યા છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં થાઇ જહાજ પર થયેલા હુમલા બાદ થાઈલેન્ડે ઈરાન પાસેથી માફી માગવાની માગ કરી છે. જહાજમાં આગ લાગી હતી અને ક્રૂને જહાજ છોડી દેવાની ફરજ પડી હતી. થાઈલેન્ડના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ ઘટના અંગે સ્પષ્ટતા માંગવા માટે ઈરાની રાજદૂતને બોલાવવામાં આવ્યા છે.

અહેવાલો અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા થાઈ જહાજ પર ગોળા વાગવાથી આગ લાગી હતી અને જહાજને નુકસાન થયું હતું. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ પાછળથી પુષ્ટિ કરી હતી કે જહાજને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈરાની અધિકારીઓએ તાજેતરમાં જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોએ ઈરાન પાસેથી મંજૂરી લેવી પડશે. ઈઝરાયલે કહ્યું છે કે તેની વાયુસેનાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા એક મહત્વપૂર્ણ સ્થળ પર હુમલો કર્યો છે. આ હુમલો તેહરાનની દક્ષિણ-પૂર્વમાં આવેલા પારચિન સૈન્ય સંકુલની તાલેઘાન સાઈટ પર કરવામાં આવ્યો હતો.

## મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાનો પ્રસ્તાવ તૈયાર: લોકસભાના 120, રાજ્યસભાના 60 સાંસદોએ હસ્તાક્ષર કર્યા

**નવી દિલ્હી, તા.12**



વિરોધ પક્ષોએ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટે પ્રસ્તાવ લાવવા માટે સાંસદોની સહીઓ એકઠી કરી લીધી છે. સૂત્રો અનુસાર, આ પ્રસ્તાવ ગુરુવાર અથવા શુક્રવારે સંસદના બંને ગૃહો (લોકસભા અને રાજ્યસભા)માં રજૂ કરી શકાય છે.

એક વરિષ્ઠ સાંસદે જણાવ્યું કે હસ્તાક્ષર એકઠા કરવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. અત્યાર સુધી લોકસભામાં પ્રસ્તાવ આપવા માટે લગભગ 120 સાંસદો અને રાજ્યસભામાં લગભગ 60 સાંસદોએ આ નોટિસ પર હસ્તાક્ષર કર્યા છે.

લોકસભામાં CEC ને હટાવવાના પ્રસ્તાવ માટે ઓછામાં ઓછા 100 સાંસદોની સહીઓ જરૂરી હોય છે. રાજ્યસભામાં આ માટે ઓછામાં ઓછા 50 સાંસદોની સહીઓ જરૂરી હોય છે.

સૂત્રો અનુસાર આ નોટિસ INDIA ગઠબંધનના તમામ પક્ષોના સાંસદોએ મળીને સાઈન કરી છે. આ પહેલીવાર છે જ્યારે મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા માટે આવી નોટિસ આપવામાં આવી રહી છે.

વિપક્ષનો આરોપ છે કે CEC ઘણીવાર સત્તાધારી ભાજપને ફાયદો પહોંચાડવામાં મદદ કરી રહ્યા છે, ખાસ કરીને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) નામની મતદાર યાદીની સમીક્ષા પ્રક્રિયાને લઈને. વિપક્ષનું કહેવું છે કે આ પ્રક્રિયા કેન્દ્ર સરકારને ફાયદો પહોંચાડવા માટે કરવામાં આવી રહી છે.

ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં આ પ્રક્રિયાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો છે કે ચૂંટણી પંચ અસલી મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવી રહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનરને તે જ રીતે હટાવી શકાય છે જે રીતે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હટાવવામાં આવે છે. અન્ય ચૂંટણી કમિશનરોને હટાવવા માટે મુખ્ય ચૂંટણી કમિશનરની ભલામણ જરૂરી હોય છે.

જજિસ (ઈન્ક્વાયરી) એક્ટ 1968 અનુસાર, જો બંને ગૃહોમાં એક જ દિવસે નોટિસ આપવામાં આવે છે, તો તપાસ સમિતિ ત્યારે જ બનશે જ્યારે બંને ગૃહોમાં પ્રસ્તાવ સ્વીકારી લેવામાં આવશે. ત્યારબાદ લોકસભા સ્પીકર અને રાજ્યસભા ચેરમેન મળીને એક સંયુક્ત તપાસ સમિતિ બનાવશે.

## J&Kના પૂર્વ CM ફારુક અબ્દુલ્લા પર ફાયરિંગ: સુરક્ષા જવાનોએ તેમને બચાવ્યા

**જમ્મુ, તા.12**

નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ અને જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા પર બુધવારે રાત્રે એક વ્યક્તિએ ફાયરિંગ કર્યુ. સદનસીબે, તેમને ગોળી વાગી નહીં. અધિકારીઓના જણાવ્યા મુજબ, ફારુક જમ્મુમાં એક લગ્નમાં હાજરી આપવા પહોંચ્યા હતા. તેમની સાથે રાજ્યના નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરી પણ હતા. ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. તેમાં દેખાય છે કે 70 વર્ષીય હુમલાખોર કમલ સિંહ જામવાલ પાછળથી આવીને ફારુકના માથા પર રિવોલ્વર તાકી રહ્યો છે. સુરક્ષા જવાનોએ તાત્કાલિક હુમલાખોરનો હાથ હટાવ્યો, જેના કારણે હવામાં ફાયરિંગ થયું.

જોકે, તેમની સાથે હાજર સુરક્ષ જવાનોએ તેમને બચાવી લીધા અને હુમલાખોરને પકડી લીધો. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે અને હુમલા પાછળના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને હુમલાના હેતુની તપાસ કરવામાં આવી રહી છે.



હુમલાખોર કમલે પોલીસને જણાવ્યું હતું કે, 'તે છેલ્લા 20 વર્ષથી ફારુક અબ્દુલ્લાને મારવા માંગતો હતો. એ જ મારો હેતુ હતો.'

પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોર ઘણા વર્ષોથી લાઈસન્સવાળા હથિયારનો ઉપયોગ કરી રહ્યો છે. ફારુક અબ્દુલ્લા, સુરિન્દર ચૌધરી અને અન્ય અગ્રણી નેતાઓ નેશનલ કોન્ફરન્સના કાર્યકર સુરજીત સિંહના પુત્રના લગ્નમાં હાજરી આપી હતી. હુમલાખોર સુરજીત સિંહનો પિતરાઈ ભાઈ છે. તે એક ઉદ્યોગપતિ છે અને જૂના શહેરમાં ઘણી દુકાનો છે.

CM ઓમર અબ્દુલ્લાએ પૂછ્યું, 'Z+ સુરક્ષા વાળા વ્યક્તિની આટલી નજીક કોઈ કેવી રીતે પહોંચી ગયું?'

ફારુકના પુત્ર અને જમ્મુ અને કાશ્મીરના CM ઓમર અબ્દુલ્લાએ X પર લખ્યું, 'એક માણસ લોડેડ પિસ્તોલ સાથે પોઈન્ટ બ્લેન્ક રેન્જથી તેમની પાસે આવ્યો અને ગોળીબાર કર્યો. અલ્લાહનો આભાર, મારા પિતા બચી ગયા. સવાલ એ ઊભો થાય છે: Z+ અને NSG સુરક્ષા દ્વારા સુરક્ષિત ભૂતપૂર્વ સીએમની આટલી નજીક કોઈ કેવી રીતે પહોંચી ગયું?'

આ ઘટના બાદ, ડેપ્યુટી સીએમ સુરિન્દર ચૌધરીએ કહ્યું, "પોલીસને પૂછપરછ કરવી જોઈએ કે રોયલ પાર્કમાં આટલી મોટી ભૂલ કેવી રીતે થઈ. સ્થાનિક પોલીસમાંથી કોઈ પણ ત્યાં હાજર નહોતું. આ એક મોટી સુરક્ષા ભૂલ છે."

અધિકારીઓએ જણાવ્યું કે ફારૂક અબ્દુલ્લા અને સુરિન્દર ચૌધરી સુરક્ષિત છે. ઘટના બાદ સુરક્ષા એજન્સીઓ અને પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરીને તપાસ શરૂ કરી દીધી છે.

ઘટના બાદ ડેપ્યુટી CM સુરિન્દર ચૌધરીએ કહ્યું-પોલીસને પૂછવું જોઈએ કે રોયલ પાર્કમાં આટલી મોટી ચૂક કેવી રીતે થઈ ગઈ. ત્યાં સ્થાનિક પોલીસમાંથી કોઈ નહોતું. આ એક ખૂબ મોટી સુરક્ષા ચૂક છે.

## રાહુલે કહ્યું- પેટ્રોલિયમ મંત્રીએ એપસ્ટીનને પોતાના મિત્ર કહ્યા હતા: સ્પીકરે રાહુલને બોલતા અટકાવ્યા, પુરીએ કહ્યું- LPGની કોઈ અછત નથી, વિપક્ષના સૂત્રોચ્ચાર...

**નવી દિલ્હી, તા.12**

રાહુલ ગાંધીએ ગુરુવારે લોકસભામાં LPG સંકટનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું, "હજી તો દર્દની શરૂઆત થઈ છે. રેસ્ટોરાં બંધ થઈ રહ્યા છે, LPG અંગે ગભરાટ ફેલાયો છે, અને રસ્તા પર કામ-ધંધો કરતા લોકોને અસર થઈ રહી છે." રાહુલે કહ્યું કે કોઈપણ દેશનો પાયો તેની ઉર્જા સુરક્ષા છે. જો અમેરિકા નક્કી કરે કે આપણે રશિયા પાસેથી ગેસ કે તેલ ખરીદી શકીએ છીએ કે નહીં, તો તે સમજાતું નથી. હું સમજવાનો પ્રયાસ કરી રહ્યો છું કે આ કોયડો શું છે, અને તે કરાર સાથે સંબંધિત લાગે છે. તેલ મંત્રીએ પોતે કહ્યું છે કે તેઓ એપસ્ટીનના મિત્ર છે.

આ પછી ગૃહમાં હોબાળો મચી ગયો. સ્પીકર બિરલાએ રાહુલ ગાંધીને અટકાવતા કહ્યું, 'જે વિષય પર તમે નોટિસ આપી છે તેના પર બોલો. જો તમે આના પર બોલવા માંગતા હો, તો નોટિસ આપો.' વિપક્ષી સાંસદોએ હોબાળો મચાવ્યો. બિરલાએ પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરીને બોલવા કહ્યું. પુરીએ બોલવાનું શરૂ કરતાની સાથે જ 'એપસ્ટીન,એપસ્ટીન!' ના નારા લાગ્યા. ગુરુવારે લોકસભામાં દેશમાં સિલિન્ડર સંકટ મામલે વિપક્ષના સાંસદોએ હોબાળો મચાવ્યો હતો. તેમણે સંસદની બહાર 'નરેન્દ્ર ભી ગાયબ, સિલિન્ડર ભી ગાયબ' ના નારા લગાવ્યા હતા.

દેશભરમાં LPG સિલિન્ડરની અછત મામલે આજે સંસદ પરિસરમાં વિપક્ષી દળો વિરોધ પ્રદર્શન કર્યુ. વિવિધ રાજ્યોમાં LPG સિલિન્ડરની અછત અને વધતા ભાવોની સમસ્યાને મુદ્દો બનાવતા, વિપક્ષે સરકાર પર લોકોના રસોડા પર સીધો હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે.

રાહુલ ગાંધીએ કહ્યું, 'વડાપ્રધાન કહે છે કે ગભરાવાની કોઈ જરૂર નથી. પરંતુ તેઓ પોતે ગભરાયેલા દેખાય છે, સંપૂર્ણપણે અલગ કારણોસર. તેઓ એપ્સ્ટેઈન-અદાણી કેસને કારણે ગભરાઈ રહ્યા છે. તમે ગઈકાલે જોયું કે ગૃહમાં વડાપ્રધાનની ખુરશી ખાલી હતી. તેઓ દેશને ગભરાવાની જરૂર નથી એમ કહી રહ્યા છે, જ્યારે તેઓ પોતે ચિંતિત



દેખાય છે.' હરદીપ સિંહ પુરીએ કહ્યું- આધુનિક ઉર્જા ઈતિહાસમાં દુનિયાએ આવો સમય પહેલા ક્યારેય જોયો નથી. ભારતની ક્રૂડ ઓઈલ (કાચા તેલ)ની સપ્લાયની સ્થિતિ સુરક્ષિત છે. હાલમાં ક્રૂડ ઓઈલનો જેટલો જથ્થો સુરક્ષિત કરવામાં આવ્યો છે તેટલો જ છે જેટલો હોર્મુઝથી મળી શકતો હતો. સંકટ પહેલાં, ભારતનું લગભગ 45% ક્રૂડ સ્ટ્રેટ ઓફ હોર્મુઝના માર્ગેથી આયાત થતું હતું. વડાપ્રધાનની શાનદાર રાજદ્વારી પહોંચ અને શાખને કારણે, ભારતે એટલું ક્રૂડ વોલ્યુમ હાંસલ કર્યું છે જેટલું તે જ સમયે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી મળી શકતું હતું.

હરદીપ પુરીના ભાષણ દરમિયાન, વિપક્ષી સભ્યોએ 'જુઓ, જુઓ કોન આયા, એપસ્ટીનન કા દોસ્ત આયા' ના સૂત્રોચ્ચાર કર્યા.

હરદીપ પુરીએ લોકસભામાં જણાવ્યું હતું કે અમારી પાસે પૂરતું ક્રૂડ ઓઈલ છે. ડીઝલ, પેટ્રોલ કે ગેસ સિલિન્ડરની કોઈ અછત નથી. LNG કાર્ગો દરરોજ આવી રહ્યા છે. અન્ય માર્ગો પરથી પણ પુરવઠો આવી રહ્યો છે. CNG પુરવઠો 100% ક્ષમતા પર ચાલુ છે. અમે કેનેડા, નોર્વે અને રશિયાથી ઈંધણ લઈ રહ્યા છીએ.

LPG ઉત્પાદનમાં 28%નો વધારો થયો છે. વૈકલ્પિક ઈંધણ ચેનલો એક્ટિવેટ કરવામાં આવી છે. રિટેલર્સ દ્વારા કેરોસીન તેલ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. પરિસ્થિતિ પર નજર રાખવા માટે ત્રણ મંત્રીઓની સમિતિની રચના કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે અમે લાંબા સમયથી આવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. દેશમાં ગભરાટને કારણે માંગ વધી છે. ગેસ માટે પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે.

સ્પીકર ઓમ બિરલાએ કહ્યું- જે વિષય માટે નોટિસ આપી હતી તેના પર બોલવાની મેં તેમને તક આપી. જોકે, વિપક્ષના જવાબદાર નેતા હોવા છતાં, નોટિસ વિના અન્ય કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવી એ સંસદીય નિયમોની વિરુદ્ધ છે. આમ કરવું યોગ્ય નથી. સંસદ આ રીતે ચાલશે નહીં. સંસદ નિયમો અનુસાર કાર્ય કરશે. કોઈને પણ કોઈ ખાસ અધિકાર નથી.

બિરલા પોતાની ખુરશી પરથી ઉભા થયા અને ચાલ્યા ગયા. જગદંબિકા પાલ તેમની જગ્યાએ આવ્યા. વિપક્ષના સાંસદો વેલમાં આવી ગયા હતા. જગદંબિકા પાલે સાંસદોને વેલમાંથી જવા કહ્યું હતું.

LPG સંકટ અંગે, કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરીએ લોકસભામાં જણાવ્યું હતું કે ભારતનો ક્રૂડ સપ્લાય સુરક્ષિત છે. તેમણે કહ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા 20% અવરજવર અસર થાય છે. દેશમાં હાલમાં પૂરતો ગેસ છે. ગેસ સિલિન્ડર અંગે ગભરાવાની કોઈ જરૂર નથી. વિપક્ષી નેતા રાહુલ ગાંધી લોકસભામાં બોલી રહ્યા હતા. ઈરાન યુદ્ધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ છે. દેશમાં LPG અંગે સંકટ છે.




# ગાય પકડવા મામલે AMCના કર્મચારી પર ઢોર માલિકોનો હુમલો

## કોન્ટ્રાક્ટ કર્મીનો પીછો કરી સોસાયટીમાં ઘૂસ્યા, લાકડીથી ફટકાર્યો, કહ્યું- હવે ગાય પકડી તો જાનથી મારી નાખીશ



**અમદાવાદ, તા.12**

અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં ગાયો પકડવા મુદ્દે ભરવાડ વાસમાં રહેતા શખસો દ્વારા CNCD વિભાગમાં કોન્ટ્રાક્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓ પર હુમલો કરવાની ઘટના સામે આવી છે. રખડતા ઢોરને પકડવામાં આવી રહ્યા છે, ત્યારે ઢોર માલિકો કાયદો હાથમાં લઈને મારામારી પર ઉતરી આવ્યા હતા. જોકે, મારામારી કરવા આવ્યા હતા અને માર માર્યા બાદ ભાગતા હોવાની સમગ્ર ઘટના નજીકના એક ફ્લેટમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. ચાર શખસો વિરૂદ્ધ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં કોન્ટ્રાક્ટર કર્મચારીએ ફરિયાદ નોંધાવી છે.

રાજ્યમાં રખડતા ઢોરને કારણે અકસ્માતો અને લોકોના જીવને જોખમ હોવાથી રખડતા ઢોર નિયંત્રણ પોલિસી લાગુ કરવામાં આવી છે. જે અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશનના CNCD વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે, પરંતુ કેટલાક ઢોર માલિકો ઢોર પકડવાની કામગીરીને લઈ સરકારી કર્મચારીઓ પર હુમલા કરતા હોય છે. શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા મધુવન ગ્લોરી ફ્લેટમાં રહેતા રજનીકાંત વાઘેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના CNCD વિભાગમાં કોન્ટ્રાક્ટ કર્મચારી તરીકે ઉત્તર ઝોનમાં નોકરી કરે છે. તેમની શિફ્ટમાં પોલીસ કર્મચારીઓને સાથે લઈને રખડતા ઢોર પકડવાની કામગીરી કરવામાં આવતી હોય છે. રજનીકાંતભાઈ 10 માર્ચના રોજ બપોરે નોકરી પર ગયા હતા અને CNCD વિભાગના પોલીસકર્મીઓ સાથે ઢોર પાર્ટી લઈને સૈજપુર ટાવર SRP ગ્રાઉન્ડ થઈ કેનાલથી આલગ અલગ જગ્યા ઉપર ગાયો પકડવા પેટ્રોલિંગમાં નીકળ્યા હતા.

રજનીકાંતભાઈ ફરતા ફરતા સાંજે નરોડા વિસ્તારમાં મોટા ઠાકોરવાસ પાસે કુમારશાળા નજીક આવેલા ભરવાડવાસ નજીક પહોંચ્યા હતા. જ્યાં ત્રણ ગાયો ઉભી હતી. જેથી ઢોર પાર્ટીના માણસો દ્વારા ગાયોને કોર્ડન કરી તેને ટ્રેક્ટરમાં ચડાવતા હતા, ત્યારે ભરવાડવાસમાંથી કેટલાક શખસો આવ્યા હતા અને ગાયોને ભગાડીને જતા રહ્યા હતા. જેથી ગાય પકડી શક્યા નહોતા. ગાયો ભાગી જતા ત્યાંથી તેઓ ફરી ફરતા ફરતા ભરવાડ વાસ પાસે આવ્યા, ત્યારે ત્રણ ગયો મળી આવી હતી જેને પકડીને નીકળ્યા હતા.

બાદમાં તેઓ રાત્રે ચાર્જ સોંપીને નોકરી પૂરી કરી એક્ટિવા લઈને ઘરે પહોંચ્યા હતા. મધુવન ગ્લોરી ખાતે તેમના ફ્લેટમાં તેઓ પહોંચ્યા ત્યારે ભરવાડવાસમાં રહેતા મિહિર ભરવાડ, જયેશ ભરવાડ, પપ્પુ ભરવાડ અને અજાણ્યો શખસ ગેટ પાસે આવ્યા હતા અને મિહિર ભરવાડે તું અમારી ગયો પકડવા મ્યુનિસિપાલિટીના સાહેબોને લઈને અમારા ઘર પાસે આવે છે એમ કહીને ઝઘડો કરવા લાગ્યો હતો. જેથી તેમણે બોલાચાલી કરવાની ના પાડતા તેમના બરડાના ભાગે માર મારવા લાગ્યા હતા.

આ ઉપરાંત જમણાં હાથ પર પણ માર માર્યો હતો. ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. જેના કારણે આસપાસના અને ફ્લેટના લોકો ભેગા થઈ ગયા હતા. ચારેય લોકોએ ધમકી આપી હતી કે, હવે મ્યુનિસિપલના માણસો લઈ ભરવાડવાસમાં ગાયો પકડવા આવીશ તો જાનથી મારી નાખીશ. માર માર્યો હોવાને લઈને તેમણે ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે CNCD વિભાગના અધિકારીને પણ જાણ કરી હતી. કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# 2030ના કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખી AMC હદ આસપાસના શહેરોના વિકાસ માટે માસ્ટર પ્લાન બનાવાશે

## અમદાવાદની આસપાસ આવેલા શહેરોના ઝડપી વિકાસને સંતુલિત કરી સારા રોડ,ડ્રેનેજ,પાણીની સુવિધા અપાશે



**અમદાવાદ, તા.12**

વર્ષ-૨૦૩૦ના કોમનવેલ્થ ગેમ્સનુ અમદાવાદ યજમાન છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિ.ની હદ આસપાસના શહેરોના વિકાસ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઉટગ્રોથ એરીયા માસ્ટર પ્લાન બનાવાશે.આ શહેરોના ઝડપથી થતા વિકાસને સંતુલિત કરી સારા રોડ,ડ્રેનેજ અને પાણીની સુવિધા આપવા આયોજન કરવામા આવશે.ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને નોડલ ઓફિસર તરીકે નિમણૂંક આપવામા આવી છે. અમદાવાદ આસપાસના ૧૩૮૯ સ્કેવર મીટર માં આવેલા નાના શહેરોને આઉટગ્રોથ એરીયા માસ્ટર પ્લાન હેઠળ આવરી લેવાશે.

અમદાવાદની સાથે શહેરની હદ બહાર પણ અનેક નાના મોટા શહેરોનો ઝડપથી વિકાસ થઈ રહયો છે. આજે અમદાવાદ અને સાણંદ વચ્ચે ખાસ અંતર જોવા મળતુ નથી. અમદાવાદ આસપાસના શહેરોમાં વિકાસ થઈ રહયો હોવા છતાં માળખાકીય સુવિધાનો અભાવ છે.આ શહેરોમાંથી અમદાવાદમાં રોજ મોટી સંખ્યામા લોકો અવરજવર કરતા હોય છે.આ કારણથી રાજય સરકાર દ્વારા પણ આ શહેરોમા માળખાગત સુવિધાના વિકાસ માટે આઉટગ્રોથ એરીયા માસ્ટર પ્લાન બનાવી તેના ઉપર અમલ કરવાનો નિર્ણય કર્યો છે.મ્યુનિ.હદ આસપાસના ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત રેસિડેન્શિયલ ટાઉનશીપ, ઈન્સ્ટીટયુશનલ કેમ્પસ ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો તેમજ હદ નજીકની હાઉસીંગ સોસાયટીઓને આવરી લેવાશે.

માસ્ટર પ્લાનમાં કઈ -કઈ બાબત સમાવાશે? -શહેરીકરણનુ વિસ્તૃતિકરણ, આડેધડ વિકાસને અટકાવવો. -આસપાસની વસાહતોને માળખાગત નેટવર્ક સાથે જોડાશે. -સારા રસ્તા, ડ્રેનેજ,પાણી, સ્ટ્રીટ લાઈટ,સફાઈની સુવિધા અપાશે. -ભવિષ્યની વસ્તીના ગ્રોથને ધ્યાનમા લઈ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરાશે. - આ કામગીરી માટે ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવામા આવશે.

# CM ભૂપેન્દ્ર પટેલે સ્વર્ગસ્થ ગોવિંદભાઈ પરમારને શ્રદ્ધાંજલિ આપી: આણંદના ચિખોદરામાં પ્રાર્થનાસભામાં પરિવારજનોને સાંત્વના પાઠવી



**આણંદ, તા.12**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે આણંદના ચિખોદરા ખાતે ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારના સ્વર્ગસ્થ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારની પ્રાર્થનાસભામાં હાજરી આપી હતી. મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને શોકસંતૃપ્ત પરિવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી.

સ્વર્ગસ્થ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર 1975થી જાહેરજીવનમાં સક્રિય હતા. તેમણે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત ચિખોદરા ગામના સરપંચ તરીકે કરી હતી. બાદમાં તેઓ 1995માં પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

તેમણે રાજ્ય સરકારમાં કૃષિ રાજ્ય મંત્રી તરીકે પણ સેવા આપી હતી. ગોવિંદભાઈ પરમાર વર્ષ 2017 અને 2022માં ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય તરીકે ફરીથી ચૂંટાયા હતા. સ્થાનિક સમાજ જીવનમાં તેમની મજબૂત પકડ હતી.

તેમના અવસાનથી આ ક્ષેત્રમાં મોટી ખોટ પડી છે. આ પ્રાર્થનાસભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી, નાણા રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત અગ્રણીઓમાં જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, ધારાસભ્યો વિપુલભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ, અગ્રણી સંજયભાઈ પટેલ, ભૂતપૂર્વ ધારાસભ્યો જયંતભાઈ બોસ્કી, નિરંજનભાઈ પટેલ, જસુભા, કાંતિભાઈ સોઢા પરમાર, દિલીપભાઈ પટેલ, કેસરીસિંહ સોલંકી, વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા, ભૂતપૂર્વ મંત્રી ભરતસિંહ સોલંકી અને ચારુતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ પટેલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ચિખોદરા ગામના સરપંચ નીલમબેન અશોકભાઈ પરમાર, સ્વર્ગસ્થ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના મોટા પુત્ર અશોકભાઈ ગોવિંદભાઈ પરમાર અને નાના પુત્ર હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમાર, તેમના પત્ની મણીબેન ગોવિંદભાઈ પરમાર, દીકરીઓ ચંપાબેન ગોવિંદભાઈ પરમાર, નીતાબેન અલ્પેશકુમાર ચાવડા અને મીનાબેન રાજેન્દ્રસિંહ ગોહિલ, તેમજ ગોવિંદભાઈ પરમારના ભાઈ મેલાભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં સમાજના લોકો શ્રદ્ધાંજલિ આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

# આણંદમાં ધોરણ-11ની વિદ્યાર્થિનીનું મોત: DN હાઈસ્કૂલની હોસ્ટેલમાંથી લટકતી મળી હતી...

## સગીરાના શંકાસ્પદ મોત મુદ્દે કોળી સમાજ દ્વારા ન્યાયની માગ સાથે આવેદનપત્ર

**આણંદ, તા.12**

શહેરની પ્રતિષ્ઠિત ડી.એન. હાઈસ્કૂલના કેમ્પસમાં આવેલી ગર્લ્સ હોસ્ટેલમાં ધોરણ-11માં અભ્યાસ કરતી સગીરા ધરતીબેન ગોહીલના શંકાસ્પદ મોતને લઈને સમગ્ર ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ ઘટનાને આત્મહત્યા નહીં પરંતુ 'હત્યા' ગણાવી આજે અખિલ ભારતીય કોળી સમાજ દ્વારા આણંદ અને ખંભાત ખાતે વિશાળ રેલી યોજી ન્યાયની માગ કરવામાં આવી હતી.

તારાપુરના ફતેપુરાની વતની અને ડી.એન. હોસ્ટેલમાં રહીને ધોરણ-11માં અભ્યાસ કરતી ધરતી ગોહીલનો મૃતદેહ ગત 2 માર્ચે હોસ્ટેલના રૂમમાંથી લટકતી હાલતમાં મળી આવ્યો હતો. શરૂઆતમાં આ ઘટનાને



આત્મહત્યા ગણાવવામાં આવી હતી, પરંતુ મૃતદેહની સ્થિતિ અને હોસ્ટેલ પ્રશાસનની ભૂમિકાને લઈને અનેક ગંભીર સવાલો ઉભા થયા છે. સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ક્ષત્રિય કોળી સમાજના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. અખિલ ભારતીય કોળી સમાજના નેજા હેઠળ વિજય બારૈયા અને રાજુ સોલંકીની આગેવાનીમાં વિશાળ રેલી કાઢવામાં આવી હતી.

'દીકરીને ન્યાય આપો'ના પ્લેકાર્ડ્સ સાથે સમાજના યુવાનો અને અગ્રણીઓએ આણંદ કલેક્ટર કચેરી અને ખંભાત પ્રાંત કચેરી ખાતે સૂત્રોચ્ચાર કરી ધરણા કર્યા હતા. નિવાસી અધિક કલેક્ટર અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી આ કેસની નિષ્પક્ષ તપાસની માગ કરવામાં આવી હતી.

શારીરિક સ્થિતિ: જ્યારે મૃતદેહ મળી આવ્યો ત્યારે કિશોરીના બંને પગ જમીન પર અડેલા હતા. કબાટના હૂક સાથે દુપટ્ટો બાંધી આ રીતે આત્મહત્યા કરવી ટેકનિકલી અશક્ય હોવાનો દાવો પરિવારે કર્યો છે.

તંત્રની બેદરકારી: ઘટના બન્યા બાદ હોસ્ટેલના રેક્ટર કે શાળાના સત્તાધીશોએ પરિવારને ત્વરિત જાણ કરી ન હતી, જે શંકા પ્રેરે છે.

ભૂતકાળની ઘટના: આ જ હોસ્ટેલમાં વર્ષ 2023-24માં આરતી નામની અન્ય એક સગીરાએ પણ ફાંસો ખાઈ જીવ ગુમાવ્યો હતો. ટૂંકા ગાળામાં એક જ હોસ્ટેલમાં આ બીજી ઘટના બનતા સુરક્ષા સામે સવાલ ઉઠ્યા છે. કોળી સમાજે માગ કરી છે કે, આ સમગ્ર પ્રકરણની તપાસ કોઈ ઉચ્ચ સ્તરીય તપાસ એજન્સી દ્વારા કરવામાં આવે. જો આગામી દિવસોમાં કસૂરવારો સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને અન્ય પુરાવાઓના આધારે તપાસ તેજ કરી છે.

# કોકાકોલા કંપનીમાં કર્મચારી હુમલો: ગળતેશ્વરમાં ફ્રીઝ ચેકિંગ દરમિયાન ચાર શખ્સો લાકડાના ડંડાથી માર મારી જાતિવાચક અપશબ્દો પણ બોલ્યા




**નડિયાદ, તા.12**

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના ટીમ્બાના મુવાડા ગામમાં એક ગંભીર ઘટના સામે આવી છે. કોકાકોલા કંપનીના ફ્રીઝ ચેકિંગ કરવા ગયેલા એક દલિત કર્મચારી પર જાતિવાચક અપશબ્દો બોલી લાકડાના ડંડા વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે ભોગ બનનાર યુવકે ચાર વ્યક્તિઓ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને મારામારીની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે.

મહિસાગર જિલ્લાના બાલાસિનોરના રહેવાસી ભાવેશકુમાર બાબુભાઈ ચૌહાણ છેલ્લા પાંચ વર્ષથી કોકાકોલા એજન્સીમાં એમજીઆર તરીકે ફરજ બજાવે છે. તેમની મુખ્ય કામગીરી કંપની દ્વારા ફાળવવામાં આવેલા ફ્રીઝનું નિરીક્ષણ કરવું અને ઓર્ડર લેવાની છે. ગત 9 માર્ચના રોજ સવારે 11:15 વાગ્યે તેઓ ટીમ્બાના મુવાડા થર્મલ ચોકડી પર આવેલી સુહાની પાન પાર્લર નામની દુકાને ફ્રીઝનું ચેકિંગ કરવા ગયા હતા.

દુકાન પર હાજર શાંતિલાલ રમણભાઈ પટેલે ભાવેશકુમારને ગાળો આપી દુકાનમાં પ્રવેશવાની મનાઈ કરી હતી. જેથી ભાવેશકુમારે દુકાનની બહાર ઊભા રહીને ક્યુઆર કોડ સ્કેન કર્યો હતો. ત્યારબાદ તેઓ રોડની સામેની બાજુએ આવેલી સત કૈવલ પાન પાર્લર નામની દુકાને ઓર્ડર લેવા ગયા હતા. તે સમયે રિપલભાઈ શાંતિલાલ પટેલ અને જોગાભાઈ પરમાર એક્ટિવા લઈને ત્યાં ધસી આવ્યા હતા, જ્યારે શાંતિલાલ પટેલ પણ ચાલીને પહોંચ્યા હતા.

આ શખ્સોએ ઉશ્કેરાઈ જઈ ભાવેશકુમારને જાતિ વિષયક અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. રિપલ પટેલે તેના હાથમાં રહેલા લાકડાના ડંડા વડે ભાવેશકુમારના થાપાના ભાગે અને ડાબા પગની જાંઘ પર ઉપરાછાપરી ત્રણ-ચાર ફટકા માર્યા હતા. હુમલાથી બચવા માટે ભાવેશકુમાર નર્મદા કેનાલ તરફ દોડ્યા હતા, પરંતુ આરોપીઓએ તેમની પાછળ દોડીને પણ ગાળાગાળી કરી હતી.

આ દરમિયાન ડોક્ટર ચિન્ટુભાઈ પટેલ સફેદ ફોરવ્હીલ ગાડી લઈને ત્યાં આવ્યા અને સમાધાન કરાવવાનું કહી ભાવેશકુમારને ગાડીમાં બેસાડી પરત સત કૈવલ પાન પાર્લર લાવ્યા હતા. જોકે, ત્યાં પહોંચતા જ રિપલ પટેલે તેમને ગાડીમાંથી ખેંચી નીચે પાડી દીધા હતા અને અન્ય આરોપીઓએ સાથે મળીને લાતોથી માર માર્યો હતો. આરોપીઓએ ભાવેશકુમાર પાસે કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી માફી મંગાવી હતી અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

ઘટના બાદ ભોગ બનનાર યુવકને સારવાર માટે સેવાલીયા અને ત્યારબાદ બાલાસિનોર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે સેવાલીયા પોલીસે રિપલભાઈ શાંતિલાલ પટેલ, જોગાભાઈ પરમાર, શાંતિલાલ રમણભાઈ પટેલ અને ડોક્ટર ચિન્ટુભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગૂગલ પર સર્ફ કરીને શેરબજારમાં પૈસા રોક્યા ને છેતરાયા: મણીનગરના 73 વર્ષીય વૃદ્ધને સાયબર ઠગે નફાની લાલચ આપી 61.95 લાખ પડાવ્યા



**અમદાવાદ, તા.12**

સાયબર ગઠિયાઓ રોજ અલગ અલગ બહાના હેઠળ લોકો પાસેથી લાખો રૂપિયા પડાવે છે ત્યારે શહેરના એક વૃદ્ધને શેરબજારમાં રોકાણ કરાવવાનું કહીને ટુકડે-ટુકડે લાખો રૂપિયા પડાવ્યા છે. વૃદ્ધ પાસેથી 63.05 લાખ રૂપિયા લઈને 1.10 લાખ પરત આપ્યા હતા, જ્યારે બાકીના 61.95 લાખ પરત ન આપતા વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

મણીનગરમાં રહેતા 13 વર્ષીય વૃદ્ધ ખાનગી કંપનીમાંથી પ્રોડક્શન મેનેજર તરીકે નિવૃત્ત થયા હતા. વૃદ્ધ શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટનું કામ કરતા હતા. 17 નવેમ્બર, 2025ના રોજ તેઓ ગુગલ પર સર્ફ કરી રહ્યા હતા ત્યારે શેરબજારના રોકાણની જાહેરાત તેમણે જોઈ હતી. જે બાદ તેઓ ગ્રુપમાં એડ થયા હતા. ગ્રુપમાં અન્ય લોકો સારો નફો થયો હોય તેના સ્ક્રીનશોટ મોકલતા હતા. જેથી, વૃદ્ધને વિશ્વાસ આવી ગયો હતો જેમાં તેમને રોકાણ કરવું હોવાથી તેમણે કંપનીમાં સંપર્ક કર્યો ત્યારે તેમને લિંક મોકલવામાં આવી હતી. જે લિંક ખોલીને વૃદ્ધે તેમાં તેમની તમામ વિગતો ભરી હતી.

વૃદ્ધે શરૂઆતમાં રોકાણ કર્યું જેમાંથી તેમણે 1.10 લાખ રૂપિયા ઉપાડ્યા પણ હતા.જે બાદ વધુ રોકાણ માટે પણ વાતચીત કરીને એપ્લિકેશનમાં અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ 63 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. કુલ રકમમાંથી તેમણે 1.10 લાખ રૂપિયા ઉપાડ્યા હતા જ્યારે બાકીના 61.95 લાખ રૂપિયા ઉપાડ્યા નહતા.જે પૈસા તેમને પરત માગ્યા તો તેમને આપવામાં આવ્યા ન હતા.વૃદ્ધને તેમની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી જેથી સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

# સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટરની અમદાવાદ ગ્રામ્ય કોર્ટે જામીન અરજી ફગાવી: જમીન NA કરવાના કૌભાંડમાં રાજેન્દ્ર પટેલ જેલમાં બંધ



**અમદાવાદ, તા.12**

સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલનો જેલવાસ લંબાયો છે. જમીન કૌભાંડ કેસમાં જામીન મુક્ત થવા માટે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં કરવામાં આવેલી જામીન અરજી નકારી દેવામાં આવી છે.

સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલના અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જેમના રિમાન્ડ બાદ તેઓ જેલમાં છે. કલેકટર સહિતના સરકારી અધિકારીઓ ઉપર આક્ષેપ છે કે તેઓ જમીન NA કરવાના કરોડો રૂપિયા લેતા હતા. કલેકટર રાજેન્દ્ર પટેલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી.

અગાઉ ED વતી રિમાન્ડ માંગતા રજૂઆત કરાઈ હતી કે જમીન NA કરવા માટે ભાવ ફિક્સ કરાતો હતો.સરકારી વેબસાઈટ ઉપર આવેલી એપ્લિકેશનની બાજુમાં એક કોલમ ઉમેરી ભાવ લખાતો હતો.આવી 800 અરજીઓ મળી આવી છે. 10 કરોડથી વધુની રકમ ભ્રષ્ટાચારથી એકઠી કરાઈ છે.

આરોપીના બે ફોન સહિત હાર્ડ ડિસ્ક, મેક બુક વગેરે 10 ડિવાઈઝ કબ્જે લીધા છે.જમીન NA કરવાના ભાવની 50 ટકા રકમ કલેક્ટરને જતી અને વહીવટ કલેકટરનો PA કરતો હતો. જ્યારે બાકીની રકમ અન્ય અધિકારીઓ વચ્ચે વહેંચાતી હતી. ચેતન કણજારીયા નામના વ્યક્તિએ જમીન NA કરવા 65 લાખ જેટલી રકમ ચૂકવ્યાનું સ્વીકાર્યું છે.

# નડિયાદ હાઈવે પરથી 152 પશુઓ ભરેલી ટ્રક ઝડપાઈ: ₹11 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, ત્રણ આરોપી પકડાયા

**નડિયાદ, તા.12**

ખેડા જિલ્લાના નડિયાદ-ડાકોર રોડ એક્સપ્રેસ હાઈવે પરથી પશુઓ પ્રત્યે ક્રૂરતા દાખવીને લઈ જવાતી એક ટ્રક ઝડપી પાડવામાં આવી છે. ગત રાત્રિના સમયે તંબુ ચોકી પાસે પોલીસે આ કાર્યવાહી કરી હતી. ટ્રકમાંથી 150 બકરા-બકરી અને 2 ઘેટા સહિત કુલ 152 પશુઓને અત્યંત દયનીય હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે ત્રણ આરોપીઓની અટકાયત કરી ટ્રક અને પશુઓ સહિત કુલ 11,08,000 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઘટનાની વિગતો અનુસાર, બનાસકાંઠાના ડીસા ખાતે રહેતા અને સબંધ વિકાસ ફાઉન્ડેશનમાં સેવાકીય પ્રવૃત્તિ કરતા દિનેશભાઈ ઉમાજી ગેલોત 11 માર્ચના રોજ નડિયાદ આવ્યા હતા. તેઓ રાત્રિના સમયે ભાડાની કાર લઈને સુરત જવા નીકળ્યા હતા. તે દરમિયાન રાત્રિના આશરે 12:30 વાગ્યે નડિયાદ એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થઈ રહેલી એક ટ્રક શંકાસ્પદ જણાતા તેમણે પોલીસને જાણ કરી હતી.

દિનેશભાઈએ ટ્રક નંબર GJ-31-T-3165 માં પશુઓને ખૂબ જ ખીચોખીચ અને નિર્દયતાપૂર્વક ભરવામાં આવ્યા હોવાનું જોયું હતું. તેમણે તાત્કાલિક ખેડા નડિયાદ કંટ્રોલ રૂમમાં ફોન કરીને મદદ માંગી હતી. હાઈવે પર ઉભેલી



પીસીઆર વાનના પોલીસ કર્મચારીઓને જાણ થતા તેમણે તુરંત કાર્યવાહી કરી શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. ત્યારબાદ નડિયાદ ટાઉન પોલીસ મથકનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

પોલીસે ટ્રકની તપાસ કરતા તેમાં ચાલક સહિત ત્રણ વ્યક્તિઓ મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન ચાલકે પોતાનું નામ રાધેશ્યામ માગીલાલ ભાટ અને તેની બાજુમાં બેઠેલા શખ્સે વિનોદ મેવાલાલ ખટીક હોવાનું જણાવ્યું હતું. આ બંને રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના માવલી તાલુકાના રહેવાસી છે. ટ્રકની પાછળ બેઠેલા ત્રીજા શખ્સની ઓળખ કિશન જગદીશજી ભસઈ તરીકે થઈ હતી, જે રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાનો વતની છે.

ટ્રકની પાછળના ભાગે લાકડાનું પાટિયું મારીને ઉપર અને નીચેના એમ બે ભાગ કરવામાં આવ્યા હતા. આ બંને ખાનામાં પશુઓને હલનચલન ન કરી શકે અને શ્વાસ ન લઈ શકે તે રીતે ક્રૂરતાપૂર્વક ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યા હતા. ટ્રકમાં પશુઓ માટે પાણી કે ઘાસચારાની કોઈ જ વ્યવસ્થા રાખવામાં આવી ન હતી. આરોપીઓ પાસે આ પશુઓની હેરાફેરી માટેના કોઈ પણ કાયદેસરના પાસ કે પરમિટ પણ મળી આવ્યા ન હતા. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ મામલે ટ્રકમાં ભરેલા 150 બકરા-બકરી જેની કિંમત અંદાજે 6,00,000 રૂપિયા અને 2 ઘેટા જેની કિંમત 8,000 રૂપિયા ગણી કુલ 6,08,000 ના પશુઓ તેમજ 5,00,000 ની કિંમતની ટ્રક મળી કુલ 11,08,000 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પશુઓ પ્રત્યે ઘાતકી વર્તન દાખવવા બદલ નડિયાદ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ટ્રમ્પ પાસે યુદ્ધ સમાપ્ત કરવાનો કોઈ પ્લાન નથી: ઈરાનની તાકાતનો ખોટો અંદાજ લગાવ્યો, ઓઈલ સપ્લાય ઠપ થશે એવું વિચાર્યું નહોતું

**વોશિંગ્ટન, તા.12**

18 ફેબ્રુઆરીના રોજ જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ નક્કી કરી રહ્યા હતા કે ઈરાન પર હુમલો કરવો કે નહીં, ત્યારે ઊર્જા મંત્રી ક્રિસ રાઈટે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેમને એ ચિંતા નહોતી કે જો યુદ્ધ થશે તો મિડલ ઈસ્ટમાંથી ઓઈલના પુરવઠા પર અસર પડશે કે ઓઈલના બજારમાં મોટી ગડબડ થશે. રાઈટે કહ્યું હતું કે ગયા વર્ષે જૂનમાં જ્યારે ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાન પર હુમલા કર્યા હતા, ત્યારે પણ ઓઈલ બજાર પર વધારે અસર પડી નહોતી. તેમના મતે તે સમયે ઓઈલની કિંમત થોડી વધી હતી, પરંતુ જલ્દી જ ફરી નીચે આવી ગઈ હતી.

ટ્રમ્પના અન્ય સલાહકારો પણ અંગત રીતે આવા જ મત ધરાવતા હતા. તેમનું માનવું હતું કે ચેતવણીઓ અતિશયોક્તિપૂર્ણ રીતે આપવામાં આવી રહી છે અને ઈરાન કદાચ જ આ વખતે ઓઈલ લઈ જનારા દરિયાઈ માર્ગોને બંધ કરશે, જેમાંથી દુનિયાનો લગભગ 20 ટકા ઓઈલ પુરવઠો પસાર થાય છે. પરંતુ તાજેતરના દિવસોમાં આ આકલન ખોટું સાબિત થતું દેખાયું. ઈરાને ધમકી આપી કે તે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા ઓઈલના ટેન્કરો પર હુમલો કરી શકે છે. આ એ જ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે જેમાંથી પસાર થઈને ફારસની ખાડીમાંથી નીકળતા તમામ જહાજો પસાર થાય છે. ઈરાનની આ ધમકીઓ બાદ ખાડી ક્ષેત્રમાં વ્યાવસાયિક જહાજોની અવરજવર લગભગ અટકી ગઈ છે. આ કારણે ઓઈલની કિંમતો એક સમયે 110 ડોલર પ્રતિ બેરલને સ્પર્શી ગઈ હતી. ટ્રમ્પ પ્રશાસન હવે આર્થિક સંકટને કાબૂમાં કરવાના રસ્તાઓ શોધવામાં લાગી ગયું છે. આ સંકટને કારણે અમેરિકામાં પેટ્રોલની કિંમતો પણ વધી ગઈ છે. આ ઘટના એ પણ દર્શાવે છે કે ટ્રમ્પ અને તેમના સલાહકારોએ ખોટો અંદાજ લગાવ્યો હતો કે ઈરાન આ યુદ્ધ પર કેવી પ્રતિક્રિયા આપશે. ઈરાન આ સંઘર્ષને પોતાના અસ્તિત્વ સાથે જોડાયેલો ખતરો માની રહ્યું છે. ગયા વર્ષે જૂનમાં થયેલા 12 દિવસના યુદ્ધની સરખામણીમાં આ વખતે ઈરાને ક્યાંય વધુ આક્રમક પ્રતિક્રિયા આપી છે. તેણે અમેરિકાના સૈન્ય ઠેકાણાઓ, મિડલ ઈસ્ટના ઘણા આરબ દેશોના શહેરો અને ઈઝરાયેલના વસ્તીવાળા વિસ્તારો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. આ હુમલાઓને કારણે અમેરિકી અધિકારીઓને ઘણા પ્લાન તરત બદલવા પડ્યા. કેટલીક જગ્યાએ દૂતાવાસો ખાલી કરાવવા પડ્યા અને પેટ્રોલની વધતી કિંમતોને નિયંત્રિત કરવા માટે નવી નીતિ પર કામ કરવું પડ્યું. ત્યારબાદ મંગળવારે ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓએ સાંસદોને બંધ રૂમમાં માહિતી આપી. ત્યારબાદ કનેક્ટિકટના ડેમોક્રેટિક સેનેટર ક્રિસ્ટોફર મર્ફીએ સોશિયલ મીડિયા પર લખ્યું કે વહીવટીતંત્ર પાસે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી સુરક્ષિત રીતે ખોલવાની કોઈ યોજના નથી. વહીવટીતંત્રની અંદર પણ કેટલાક અધિકારીઓ એ વાતથી નિરાશ છે કે યુદ્ધ સમાપ્ત કરવાની કોઈ યોજના દેખાઈ રહી નથી. જોકે, તેઓ આ વાત સીધી રાષ્ટ્રપતિ ટ્રમ્પને કહેવાનું ટાળી રહ્યા છે, કારણ કે ટ્રમ્પ વારંવાર કહી રહ્યા છે કે સૈન્ય અભિયાન સંપૂર્ણપણે સફળ રહ્યું છે. ટ્રમ્પ ઘણીવાર ખૂબ મોટા લક્ષ્યોની વાત કરે છે. જેમ કે તેઓ ઈચ્છે છે કે ઈરાનમાં એવો નેતા આવે જે અમેરિકાની વાત માને. પરંતુ વિદેશ મંત્રી માર્કો રુબિયો અને સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ આવી વાત કરતા નથી. પીટ હેગસેથે મંગળવારે એમ પણ કહ્યું હતું કે અમેરિકા, ઈરાકમાં હાથ બાળી ચૂક્યું છે. તેવું તે ઈરાનમાં નહીં કરે. તેમનું કહેવું છે કે ઈરાનની મિસાઈલ તાકાત અને સૈન્ય ક્ષમતાને નબળી પાડવી એ જ અસલ હેતુ છે. જો આ થઈ જાય તો યુદ્ધ સમાપ્ત કરવાનો રસ્તો નીકળી શકે છે. હેગસેથે સ્વીકાર્યું કે ઈરાને તેના પડોશી દેશો પર જે રીતે જોરદાર જવાબી હુમલા કર્યા, તેની તીવ્રતાનો અંદાજ પેન્ટાગોનને સંપૂર્ણપણે નહોતો. જોકે તેમણે કહ્યું કે ઈરાનની આ કાર્યવાહીઓ આખરે તેની જ વિરુદ્ધ જઈ શકે છે.



તેમણે કહ્યું કે એ કહેવું મુશ્કેલ છે કે ઈરાન પાસેથી બિલકુલ આવા જ જવાબની અપેક્ષા હતી, પરંતુ આવું થઈ શકે છે, તેની સંભાવના હતી. તેમના મતે ઈરાનના આ હુમલા દર્શાવે છે કે ત્યાંની સરકાર દબાણમાં છે. આ દરમિયાન ટ્રમ્પે એમ પણ કહ્યું કે ઓઈલના સપ્લાય પર યુદ્ધની અસરથી તેઓ નારાજ છે. તેમણે ફોક્સ ન્યૂઝને કહ્યું કે ઓઈલ ટેન્કરોના ક્રૂ મેમ્બર્સને 'થોડી હિંમત બતાવવી જોઈએ' અને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા રહેવું જોઈએ. કેટલાક સૈન્ય સલાહકારોએ યુદ્ધ પહેલા ચેતવણી આપી હતી કે ઈરાન ખૂબ આક્રમક જવાબ આપી શકે છે અને અમેરિકા-ઈઝરાયેલના હુમલાને પોતાના અસ્તિત્વ માટે ખતરો માની શકે છે. પરંતુ કેટલાક અન્ય સલાહકારોને વિશ્વાસ હતો કે જો ઈરાનના ટોચના નેતાઓને મારી નાખવામાં આવે તો તેમની જગ્યાએ આવનારા નેતાઓ વધુ વ્યવહારુ હશે અને યુદ્ધ સમાપ્ત કરવાનો પ્રયાસ કરશે.

જ્યારે ટ્રમ્પને કહેવામાં આવ્યું કે યુદ્ધના કારણે ઓઈલની કિંમતો વધી શકે છે, તો તેમણે આ સંભાવનાનો સ્વીકાર તો કર્યો, પરંતુ તેને અસ્થાયી સમસ્યા ગણાવીને વધુ મહત્વ આપ્યું નહીં. તેમણે ઊર્જા મંત્રી ક્રિસ રાઈટ અને નાણાં મંત્રી સ્કોટ બેસેન્ટને સંભવિત ભાવ વધારાનો સામનો કરવા માટેના વિકલ્પો તૈયાર કરવા કહ્યું.

જોકે રાષ્ટ્રપતિએ આ વિકલ્પો વિશે જાહેરમાં ત્યાં સુધી કંઈ કહ્યું નહીં, જ્યાં સુધી યુદ્ધ શરૂ થયાના 48 કલાકથી વધુ સમય વીતી ગયો ન હતો. આ વિકલ્પોમાં અમેરિકી સરકાર દ્વારા રાજકીય જોખમ વીમો આપવો અને અમેરિકી નૌકાદળ દ્વારા જહાજોને સુરક્ષા આપવા જેવા પગલાં શામેલ હતા. હજુ સુધી નૌકાદળની આવી એસ્કોર્ટ વ્યવસ્થા શરૂ થઈ નથી. અમેરિકી ઉર્જા મંત્રી ક્રિસ રાઈટે 10 માર્ચે સોશિયલ મીડિયા પર લખ્યું કે અમેરિકી નૌકાદળે એક ઓઈલ ટેન્કરને સુરક્ષિત રીતે હોર્મુઝ સ્ટ્રેટ પાર કરાવ્યું છે. તેમની આ પોસ્ટ પછી ઓઈલ બજારમાં હલચલ મચી ગઈ અને રોકાણકારોને લાગ્યું કે પરિસ્થિતિ સુધરી રહી છે.

પરંતુ પછીથી જ્યારે પ્રશાસનના અન્ય અધિકારીઓએ કહ્યું કે આવું કોઈ એસ્કોર્ટ ઓપરેશન થયું જ નથી, તો રાઈટને તે પોસ્ટ હટાવવી પડી અને બજાર ફરીથી અસ્થિર થઈ ગયું. ઓઈલનો પુરવઠો ફરીથી શરૂ કરવાના પ્રયાસો એટલા માટે પણ મુશ્કેલ બની રહ્યા છે કારણ કે અમેરિકી ગુપ્તચર એજન્સીઓને માહિતી મળી છે કે ઈરાન સ્ટ્રેટમાં દરિયાઈ સુરંગો બિછાવવાની તૈયારી કરી રહ્યું છે. જોકે આ યોજના હજુ પ્રારંભિક તબક્કામાં હતી, પરંતુ તેનાથી ટ્રમ્પ પ્રશાસન ચિંતિત થઈ ગયું.

અમેરિકી સેનાએ મંગળવારે સાંજે કહ્યું કે તેણે સ્ટ્રેટ નજીક ઈરાનના 16 આવા જહાજોને નિશાન બનાવ્યા છે જે દરિયાઈ સુરંગો બિછાવવાની તૈયારીમાં લાગેલા હતા.

દુબઈના દરિયાકિનારે નજીક દરિયામાં ઉભેલા ઘણા વેપારી જહાજો દેખાઈ રહ્યા છે. આ વાતાવરણ શાંત થવાની રાહ જોઈ રહ્યા છે. દુબઈના દરિયાકિનારે નજીક દરિયામાં ઉભેલા ઘણા વેપારી જહાજો દેખાઈ રહ્યા છે. આ વાતાવરણ શાંત થવાની રાહ જોઈ રહ્યા છે. ઓઈલના ભાવ વધવાથી નેતાઓની ચિંતા વધી આ દરમિયાન ઓઈલના ભાવ વધવાથી વોશિંગ્ટનમાં રિપબ્લિકન નેતાઓની ચિંતા પણ વધી ગઈ છે. તેમને ડર છે કે તેનાથી મધ્યસત્ર ચૂંટણી પહેલા મતદારો વચ્ચે તેમની આર્થિક નીતિઓને નુકસાન થઈ શકે છે. અમેરિકામાં નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણીઓ યોજાવાની છે.

ટ્રમ્પ સાર્વજનિક અને ખાનગી રીતે પણ કહી રહ્યા છે કે વેનેઝુએલાનું ઓઈલ આ સંકટનો સામનો કરવામાં મદદ કરી શકે છે. મંગળવારે પ્રશાસને ટેક્સાસમાં એક નવી રિફાઈનરીની પણ જાહેરાત કરી, જેનાથી ઓઈલનો પુરવઠો વધારવામાં મદદ મળી શકે છે અને ઈરાનને કારણે ઓઈલ બજાર પર લાંબા સમય સુધી અસર નહીં થાય.

કેટલાક નિષ્ણાતોને એ પણ આશ્ચર્ય થયું કે ટ્રમ્પને આટલો વિશ્વાસ કેવી રીતે હતો કે ઓઈલનો પુરવઠો ચાલુ રહેશે. કારણ કે ગયા વર્ષે જ ટ્રમ્પે યમનના હુતી વિદ્રોહીઓ વિરુદ્ધ સૈન્ય અભિયાન શરૂ કર્યું હતું, જેમણે મિસાઈલ અને ડ્રોન હુમલાઓથી રેડ સીમાં જહાજોની અવરજવરને લગભગ રોકી દીધી હતી. ગયા વર્ષે માર્ચમાં હુતીઓ પર હુમલાની ઘોષણા કરતી વખતે ટ્રમ્પે કહ્યું હતું કે આ હુમલાઓથી વૈશ્વિક અર્થતંત્રને અબજો ડોલરનું નુકસાન થયું છે.

પરંતુ ઈરાન સાથે શરૂ થયેલા આ યુદ્ધ પછી ટ્રમ્પના નિવેદનો સતત એકસરખા રહ્યા નથી. ટ્રમ્પ ક્યારેક કહે છે કે આ યુદ્ધ એક મહિનાથી વધુ ચાલી શકે છે, તો ક્યારેક કહે છે કે આ લગભગ પૂરું થઈ ગયું છે. બીજી તરફ વિદેશ મંત્રી માર્કો રુબિયો અને રક્ષા મંત્રી પીટ હેગસેથે તાજેતરના દિવસોમાં 3 ઉદ્દેશ્યોની વાત કરી છે.

ઈરાનની મિસાઈલો અને તેમને લોન્ચ કરવાની ક્ષમતાનો નાશ કરવો. 2. મિસાઈલ બનાવતી ફેક્ટરીઓનો નાશ કરવો. 3. ઈરાનની નૌકાદળનો નાશ કરવો.

નિષ્ણાતોનું માનવું છે કે આનાથી એ સંકેત મળી શકે છે કે અમેરિકા ટૂંક સમયમાં યુદ્ધ સમાપ્ત કરવાનો માર્ગ શોધી રહ્યું છે.

જોકે, ટ્રમ્પે પોતાની પ્રેસ કોન્ફરન્સમાં ચેતવણી આપી હતી કે જો ઈરાને દુનિયાની ઊર્જા સપ્લાય રોકવાનો પ્રયાસ કર્યો તો અમેરિકા વધુ કડક પગલાં લેશે.

ટ્રમ્પ પ્રશાસનમાં અગાઉ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રહી ચૂકેલા મેથ્યુ પોટિંગરે કહ્યું કે ટ્રમ્પ કદાચ હજુ પણ યુદ્ધને થોડું વધુ આગળ વધારવાનો નિર્ણય કરી શકે છે. તેમના મતે ટ્રમ્પ નથી ઈચ્છતા કે પછીથી ફરીથી એક વધુ યુદ્ધ લડવું પડે. આ દરમિયાન યુદ્ધ સમાપ્ત કરવાના રસ્તા શોધવાની જરૂરિયાત એટલા માટે પણ વધી ગઈ છે કારણ કે ઓઈલની કિંમતો ઝડપથી વધી રહી છે અને અમેરિકા મોટી માત્રામાં મોંઘા હથિયારોનો ઉપયોગ કરી રહ્યું છે. પેન્ટાગોનના અધિકારીઓએ સંસદમાં બંધ રૂમમાં જણાવ્યું કે યુદ્ધના પહેલા બે દિવસમાં જ લગભગ 5.6 અબજ ડોલરના હથિયારોનો ઉપયોગ થઈ ચૂક્યો છે. આ આંકડો અગાઉ સાર્વજનિક રૂપે જણાવવામાં આવેલા આંકડાઓ કરતાં ઘણો વધારે છે. બીજી તરફ ઈરાનના અધિકારીઓ હજુ પણ કડક વલણ અપનાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે તેઓ વિશ્વના ઓઈલ પુરવઠા પર પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને અમેરિકા અને ઈઝરાયલ પર દબાણ લાવશે. ઈરાનના વરિષ્ઠ રાષ્ટ્રીય સુરક્ષા અધિકારી અલી લારીજાનીએ સોશિયલ મીડિયા પર લખ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ કાં તો બધા માટે શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ બનશે, અથવા યુદ્ધ ઈચ્છનારાઓ માટે હાર અને દુઃખનો માર્ગ.

## NRI મામાએ તો વટ પાડી દીધો: ભાણાના લગ્નમાં 1 કરોડનું મામેરું ભર્યું, થાળી ભરીને રોકડા રુપિયા અને 21 લાખના દાગીના સાથે મોંઘી ગિફ્ટ આપી

**સિકર, તા.12**

NRI (અપ્રવાસી ભારતીય) મામાએ એક કરોડનો મામેરું ભર્યું છે. 10 માર્ચના રોજ નિભાવવામાં આવેલી વિધિ દરમિયાન રોકડ ઉપરાંત લગભગ 21 લાખની જ્વેલરી સાથે કપડાં અને અન્ય ભેટો પણ આપવામાં આવી છે. આ આખો મામલો સીકરના કુંડલપુરનો છે. રાનોલી વિસ્તારની ભરથાવાળી કોઠીનો યાદવ પરિવાર પરંપરાગત રીતિ-રિવાજો અનુસાર બહેન મોહિની દેવીના ઘરે (કુંડલપુર) મામેરું લઈને પહોંચ્યો હતો. પરિવાર સહિત દુબઈમાં રહેતા કૈલાશ યાદવે મામેરું ભર્યું. આ દરમિયાન કૈલાશના મોટા ભાઈ નારાયણ યાદવ અને નાના ભાઈ છોટેલાલ યાદવ પણ હાજર રહ્યા.

કુંડલપુરના રહેવાસી ડો. મનોજના લગ્ન બાય (ઝુનઝુનુ)ની ડો. અંજલિ સાથે 11 માર્ચના રોજ થયા હતા. ડો. મનોજના ત્રણ મામા (કૈલાશ, નારાયણ, છોટેલાલ) છે.

વરરાજાના મામા કૈલાશ યાદવે જણાવ્યું કે, મામેરામાં 51 લાખ રૂપિયા રોકડા, લગભગ 21 લાખ રૂપિયાની જ્વેલરી સાથે કપડાં અને



અન્ય ભેટો આપવામાં આવી. કુલ મળીને એક કરોડ રૂપિયાની આસપાસનું મામેરું ભરવામાં આવ્યું છે. વરરાજાના પિતા મદન ખાતોડિયાની પલસાણામાં કપડાની દુકાન છે. મામેરામાં 500-500 રૂપિયાની નોટના 102 બંડલ આપવામાં આવ્યા.

ડૉ. મનોજના મામાનો પરિવાર રાનોલીની તનમાં ભરથાવાળી કોઠીનો રહેવાસી છે. સૌથી મોટા મામા નારાયણ યાદવ અને સૌથી નાના મામા છોટેલાલ યાદવ ગામમાં રહે છે. બીજા નંબરના મામા કૈલાશ યાદવ પરિવાર સહિત દુબઈમાં રહે છે. કૈલાશ અને છોટેલાલ પ્રોપર્ટી ડીલર છે.

કૈલાશ યાદવે કહ્યું- માતા-પિતાને વચન આપ્યું હતું કે બહેનો માટે ક્ષમતાથી વધુ સહયોગ કરીશું. ભાણેજ/ભાણીના લગ્નમાં સારું મામેરું ભરવું એ ભાઈઓની સામૂહિક વિચારસરણી હતી. બહેન મોહિની દેવીએ ત્રણેય ભાઈઓને ખૂબ સ્નેહ આપ્યો.

વરરાજાના પિતા મદન ખાતોડિયાએ કહ્યું કે આ મામા-ભાણેજ અને બહેન-ભાઈના પ્રેમનું પ્રતીક છે. બદલાતા સમયમાં બહેન-દીકરીઓને છોકરાઓ કરતાં વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે. આ સમાજ માટે સકારાત્મક વિચાર છે.

બહેનના બાળકોના લગ્ન થવા પર મોસાળ પક્ષ તરફથી મામેરું ભરવામાં આવે છે. તેને સામાન્ય બોલચાલની ભાષામાં ભાત પણ કહે છે. આ વિધિમાં મોસાળ પક્ષ તરફથી બહેનના બાળકો માટે કપડાં, ઘરેણાં, રૂપિયા અને અન્ય સામાન આપવામાં આવે છે. તેમાં બહેનના સાસરી પક્ષના લોકો માટે પણ કપડાં અને ઝવેરાત વગેરે હોય છે. વડીલોનું માનવું છે કે 'મામેરું કે ભાત'ને રાજસ્થાની સંસ્કૃતિમાં બહેન-દીકરીના ઘરે આયોજિત થતા સૌથી મોટા સમારોહ પર આર્થિક સહાય આપવા સાથે જોડવામાં આવ્યું છે. ભલે કાયદાએ આજે દીકરાઓ અને દીકરીઓને માતા-પિતાની સંપત્તિમાં સમાન હિસ્સો આપ્યો હોય, તેમ છતાં પણ મોટાભાગની બહેનો ક્યારેય તેના પર પોતાનો દાવો કરતી નથી. તેમના આ જ સ્વેચ્છાએ કરેલા ત્યાગની ભરપાઈ ભાઈઓ દ્વારા 'મામેરા'માં આપવામાં આવેલી ભેટથી પણ કરવામાં આવે છે તેમ કહેવાય છે.

## સેન્ટ્રલ ફોર્સમાં 93000 જગ્યાઓ ખાલી: CRPFમાં સૌથી વધુ 27 હજાર, સરકારે સંસદમાં જણાવ્યું- 5 વર્ષમાં CAPFમાં રાજીનામા 86% વધ્યા...

**નવી દિલ્હી, તા.12**

કેન્દ્ર સરકારે બુધવારે સંસદમાં જણાવ્યું કે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF) અને આસામ રાઈફલ્સમાં કુલ 93,139 જગ્યાઓ ખાલી છે. ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે લેખિત જવાબમાં આ માહિતી આપી.

તેમણે જણાવ્યું કે સૌથી વધુ કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF)માં 28,342 અને સૌથી ઓછા આસામ રાઈફલ્સમાં 3,749 જગ્યાઓ ખાલી છે. રાયે કહ્યું કે ભરતી પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે.

તેમાં કર્મચારી પસંદગી આયોગ દ્વારા દર વર્ષે કોન્સ્ટેબલની ભરતી, મુખ્ય રેન્ક માટે નોડલ ફોર્સની વ્યવસ્થા અને શારીરિક પરીક્ષણમાં રેડિયો ફ્રીક્વન્સી ઓળખ ટેકનોલોજીનો ઉપયોગ સામેલ છે.

સરકારના મતે CAPFમાં રાજીનામાની સંખ્યા વધી છે. 2021માં 1,255ની સરખામણીમાં 2025માં 2,333 કર્મચારીઓએ રાજીનામું આપ્યું, એટલે કે લગભગ 86 ટકાનો વધારો થયો. જ્યારે આત્મહત્યા, પરસ્પર હત્યા



અને સ્વૈચ્છિક નિવૃત્તિના કેસોમાં ઘટાડો નોંધાયો છે.

સહકારી ક્ષેત્રની ભારત ટેક્સી રાઈડ-હેલિંગ સેવાને આગામી 2 થી 3 વર્ષમાં તમામ મોટા શહેરો સુધી વિસ્તૃત કરવામાં આવશે. સહકારિતા રાજ્ય મંત્રી કૃષ્ણ પાલે જણાવ્યું હતું કે આ સેવા હાલમાં દિલ્હી-એનસીઆર અને ગુજરાતના અમદાવાદ, રાજકોટ, સોમનાથ અને દ્વારકામાં કાર્યરત છે. અત્યાર સુધીમાં 4 લાખ ડ્રાઈવરો જોડાઈ ચૂક્યા છે.

સરકાર સુરતથી નાસિક, અહમદનગર અને સોલાપુર થઈને કુર્નૂલ સુધી ગ્રીન એક્સપ્રેસવે બનાવશે. તેનાથી દિલ્હી-ચેન્નઈનું અંતર 320 કિમી ઘટશે. ગડકરીએ કહ્યું કે, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પૂર્ણ થવા પર દિલ્હી-મુંબઈની યાત્રા પણ લગભગ 12 કલાકમાં શક્ય બનશે.

2025માં એક લાખથી વધુ પેન્શન ફરિયાદો નોંધાઈ- સરકારે લોકસભામાં જણાવ્યું કે પોર્ટલ પર 2025માં 1.07 લાખ પેન્શન ફરિયાદો મળી. સરેરાશ નિકાલનો સમય 19 દિવસ રહ્યો.

પીએમ સૂર્ય ઘર યોજનાથી 31 લાખ લોકો લાભાર્થી- સરકારે જણાવ્યું કે પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ 6 માર્ચ 2026 સુધીમાં 31.12 લાખ ઘરોમાં રૂફટોપ સોલર લગાવવામાં આવ્યા. લક્ષ્ય 2027 સુધીમાં એક કરોડ ઘરોનું છે.


વરિષ્ઠ પદો પર SC/ST પ્રતિનિધિત્વનો ડેટા નથી- સંયુક્ત સચિવ અને તેનાથી ઉપરના પદો પર SC/ST પ્રતિનિધિત્વનો અલગ ડેટા રાખવામાં આવતો નથી. પદોન્નતિમાં ગ્રુપ-એની શરૂઆતની શ્રેણી સુધી 15% SC અને 7.5% ST અનામત છે.

ટીવી જાહેરાતોમાં ચમત્કારિક દાવા કરી શકાશે નહીં- સરકારે કહ્યું કે ખાનગી ટીવી ચેનલોની તમામ જાહેરાતો કેબલ ટીવી નેટવર્ક એક્ટ, 1995ના એડવર્ટાઈઝિંગ કોડ હેઠળ આવશે. ચમત્કારિક ગુણધર્મોના દાવા પ્રતિબંધિત છે, ઉલ્લંઘન પર કાર્યવાહી થાય છે.

## રિપોર્ટ- ઈરાનમાં હજુ સરકાર પાડી નહીં શકે અમેરિકા: વર્તમાન લીડરશિપનો જનતા પર સંપૂર્ણ નિયંત્રણ....

**વોશિંગ્ટન, તા.12**

અમેરિકા અને ઈઝરાયલ સતત બે અઠવાડિયાથી ઈરાનમાં હવાઈ હુમલા કરી રહ્યા છે, તેમ છતાં ઈરાનની સત્તા હજુ પણ ઘણી મજબૂત છે અને તેનું જલ્દી પડવાનું કોઈ જોખમ નથી. આ વાત અમેરિકી ગુપ્તચર એજન્સીઓના રિપોર્ટમાં સામે આવી છે. આ મામલા સાથે જોડાયેલા ત્રણ સૂત્રોએ ન્યૂઝ એજન્સી રોયટર્સને તેની જાણકારી આપી છે. એક સૂત્ર મુજબ ઘણી ગુપ્તચર રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું છે કે ઈરાનની સરકાર પતન થવાની સ્થિતિમાં નથી અને તે હજુ પણ દેશની જનતા પર નિયંત્રણ જાળવી રાખ્યું છે. જ્યારે, તેલની કિંમતોમાં વધારાને કારણે રાજકીય દબાણ વધી રહ્યું છે. આવા સમયે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે અમેરિકા જલ્દી યુદ્ધ બંધ કરી શકે છે. જોકે, જો ઈરાનના કટ્ટરપંથી નેતાઓ સત્તામાં રહે છે તો યુદ્ધ બંધ કરવાનો રસ્તો કાઢવો સરળ નહીં હોય. ગુપ્તચર અહેવાલો અનુસાર, 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલના હુમલાના પહેલા જ દિવસે ઈરાનના સર્વોચ્ચ નેતા



અયાતુલ્લા અલી ખામેનીનું મૃત્યુ થયું હતું, પરંતુ તેમ છતાં ત્યાંની ધાર્મિક નેતૃત્વવાળી વ્યવસ્થા હજુ પણ એકજૂટ રહી છે.

ઈઝરાયલના એક સીનિયર અધિકારીએ પણ રોઈટર્સને જણાવ્યું કે ગુપ્ત બેઠકોમાં પણ આ જ વાત સામે આવી છે કે હાલમાં ઈરાનની વર્તમાન સરકાર પડવાની કોઈ શક્યતા નથી. સૂત્રોએ એમ પણ જણાવ્યું કે જમીન પરની પરિસ્થિતિ ખૂબ ઝડપથી બદલાઈ રહી છે અને આવનારા સમયમાં ઈરાનની અંદરની સ્થિતિ અલગ દિશામાં જઈ શકે છે. અમેરિકા અને ઈઝરાયલે યુદ્ધ શરૂ થયા પછી ઈરાનના ઘણા ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. આમાં એર ડિફેન્સ સિસ્ટમ, પરમાણુ ઠેકાણાઓ અને ટોચના નેતૃત્વ સાથે સંકળાયેલા લોકો સામેલ છે. ટ્રમ્પ પ્રશાસને આ યુદ્ધના અલગ-અલગ કારણો જણાવ્યા છે. યુદ્ધ શરૂ કરતી વખતે ટ્રમ્પે ઈરાનની જનતાને કહ્યું હતું કે તેઓ પોતાની સરકારને જાતે બદલી નાખે. જોકે, બાદમાં તેમના સીનિયર અધિકારીઓએ કહ્યું કે ઈરાનની સરકારને હટાવવી એ આ ઓપરેશનનો હેતુ નથી. હુમલાઓમાં ખામેની ઉપરાંત ઘણા સીનિયર અધિકારીઓ અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના ઘણા મોટા કમાન્ડર પણ માર્યા ગયા છે. આ ઈરાનની એક શક્તિશાળી પેરામિલિટરી ફોર્સ છે, જે દેશની અર્થવ્યવસ્થાના મોટા ભાગને કન્ટ્રોલ કરે છે. આમ છતાં, અમેરિકી ગુપ્તચર અહેવાલો અનુસાર, ખામેની અને IRGCના અધિકારીઓના મૃત્યુ પછી બનેલી 'આંતરિક લીડરશિપ સિસ્ટમ' હજુ પણ દેશ પર નિયંત્રણ જાળવી રાખ્યું છે. બ્રુકિંગ્સ ઈન્સ્ટિટ્યુશનના નિષ્ણાત સુઝાન મલોનીએ જણાવ્યું હતું કે ઈરાનની અંદર હાલમાં એવી કોઈ તાકાત નથી જે સરકાર પાસે રહેલી તાકાતને પડકારી શકે. તેમના મતે, ઈરાન ભલે તેના પડોશી દેશો સામે સંપૂર્ણ તાકાતનો ઉપયોગ ન કરી શકે, પરંતુ દેશની અંદર તે હજુ પણ સંપૂર્ણ નિયંત્રણ જાળવી રાખવામાં સક્ષમ છે.

## ઓમાનના સલાલાહ પોર્ટમાં ઓઈલ સ્ટોરેજ પર ડ્રોન હુમલો: ટેન્કોમાં લાગી આગ, સુલતાને ઈરાની રાષ્ટ્રપતિને ફોન કરીને નારાજગી વ્યક્ત કરી

**તહેરાન, તા.12**

ઓમાનના દક્ષિણી શહેર સલાલાહના બંદરગાહ પર ઓઈલ સ્ટોરેજ ટેન્કો પર ડ્રોન હુમલો થયો છે. ઓમાન સરકારી મીડિયા મુજબ ડ્રોન હુમલા બાદ પોર્ટની ફ્યુઅલ સ્ટોરેજ ટેન્કોમાં આગ લાગી ગઈ છે, જોકે કોઈના જાનહાનિના સમાચાર નથી. આ હુમલા પાછળ કોનો હાથ છે, તે હજુ સ્પષ્ટ નથી. સમુદ્રી સુરક્ષા કંપની એમ્બ્રેએ જણાવ્યું કે આ ઘટનામાં પોર્ટ પર હાજર કોઈ વ્યાપારી જહાજને નુકસાન થયું નથી. ઘટના બાદ ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક અલ-સઈદે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન સાથે ફોન પર વાત કરી અને ઓમાની વિસ્તાર પર થઈ રહેલા હુમલાઓ પર નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ઓમાન પોતાની સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવા માટે તમામ જરૂરી પગલાં લેશે.

ઈરાકના વડાપ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીએ ઈરાન વિરુદ્ધ ચાલી રહેલા યુદ્ધની નિંદા કરી છે. તેમણે કહ્યું કે ઈરાક પોતાની જમીનનો ઉપયોગ ઈરાન પરના



હુમલાઓ માટે થવા દેશે નહીં.

અલ-સુદાનીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન સાથે ફોન પર વાતચીત દરમિયાન ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનીના નિધન પર સંવેદના પણ વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન અલ-સુદાનીએ કહ્યું કે જો ઈરાકના ક્ષેત્રનો ઉપયોગ ઈરાન વિરુદ્ધ હુમલા કરવા માટે કરવામાં આવશે, તો તે દેશની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાશે.

ઈઝરાયલના સંરક્ષણ મંત્રી કાત્ઝે કહ્યું છે કે ઈરાન વિરુદ્ધ ચાલી રહેલી સૈન્ય કાર્યવાહીની કોઈ નક્કી કરેલી સમયમર્યાદા નથી.

તેમણે કહ્યું કે અમેરિકા સાથે મળીને ચલાવવામાં આવી રહેલું અભિયાન ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી તમામ લક્ષ્યાંકો હાંસલ ન થઈ જાય. કાત્ઝના મતે આ ઓપરેશન જરૂર પડે ત્યાં સુધી ચાલુ રહેશે અને તેનો સમય અગાઉથી નક્કી નથી. ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક અલ-સઈદે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન સાથે ફોન પર વાતચીત કરી છે. આ દરમિયાન સુલતાને ઓમાની વિસ્તારમાં થઈ રહેલા હુમલાઓને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. ઓમાનની સરકારી સમાચાર એજન્સી મુજબ, સુલતાને વાતચીત દરમિયાન ઓમાન વિરુદ્ધ ચાલી રહેલા હુમલાઓ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે એ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે ઓમાન વર્તમાન સંઘર્ષમાં તટસ્થ છે અને વિસ્તારમાં સ્થિરતા જાળવી રાખવા માટે સતત પ્રયત્નશીલ છે. સુલતાને કહ્યું કે ઓમાન પોતાની સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવા માટે તમામ જરૂરી પગલાં લેશે.

તુર્કિયેના રાષ્ટ્રપતિ રેચપ તૈયપ એર્દોઆને કહ્યું છે કે ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધને તરત જ રોકવું જોઈએ, નહીં તો આખું મિડલ-ઈસ્ટ તેની ઝપેટમાં આવી શકે છે. તેમણે કહ્યું કે આ સંકટનો ઉકેલ માત્ર કૂટનીતિ દ્વારા જ શક્ય છે.

સંસદમાં સાંસદોને સંબોધતા એર્દોઆને કહ્યું કે જો યુદ્ધને રોકવામાં નહીં આવે તો આખો વિસ્તાર આગમાં હોમાઈ જશે. તેમણે કહ્યું કે જો વાતચીત અને કૂટનીતિને તક આપવામાં આવે તો આ સંઘર્ષને ખતમ કરવો શક્ય છે.

અમેરિકા અને ઈઝરાયલના હુમલા શરૂ થયા તે પહેલાં તુર્કિયેએ બંને પક્ષો વચ્ચે મધ્યસ્થતાની દરખાસ્ત મૂકી હતી. એર્દોઆને કહ્યું કે તુર્કિયે હજુ પણ તમામ પક્ષો સાથે વાતચીત કરીને યુદ્ધ સમાપ્ત કરાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

ઓમાનના દક્ષિણી શહેર સલાલાહના બંદરગાહ પર ઓઈલ સ્ટોરેજ ટેન્કોને ડ્રોન હુમલામાં નિશાન બનાવવામાં આવ્યા છે. ઓમાન સરકારી મીડિયા મુજબ આ હુમલામાં કોઈ જાનહાનિ થયાના સમાચાર નથી. સમુદ્રી સુરક્ષા કંપની એમ્બ્રે અનુસાર ડ્રોને પોર્ટના ફ્યુઅલ સ્ટોરેજ ટેન્કોને નિશાન બનાવ્યા હતા. ઓમાન ટીવીએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. જોકે તે સ્પષ્ટ નથી કે આ હુમલો કોણે કર્યો છે.

બંદરગાહ પર હાજર કોઈ પણ વ્યાપારી જહાજને નુકસાન થયું નથી. અલ-જઝીરાના રિપોર્ટ મુજબ મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ખાડીના વિસ્તારમાં ઊર્જા ઠેકાણાઓ પર ઈરાનના હુમલાઓ વધતા જઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી (IEA) એ જાહેરાત કરી છે કે તેના 32 સભ્ય દેશો પોતાના કટોકટીના ભંડારમાંથી 40 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ બજારમાં બહાર પાડશે.

## તંત્રી લેખ

# પ.બંગાળના રાજ્યપાલ અચાનક બદલાયા: મમતા અંધારામાં રહ્યા

પોતાના રાજ્યમાં આવતા નવા રાજ્યપાલને ભાજપના પેરોટ (પોપટ) કહીને મમતા બેનરજીએ પોતાનામાં રહેલો હારનો ડર સપાટી પર લાવી દીધો છે. મમતા બેનરજી અને કેન્દ્ર સરકાર વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી તૂંતૂં..મૈંમૈં ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકારના દરેક પગલાંનો વિરોધ કરી રહેલા મમતા બેનરજી રાજ્યપાલ અચાનક બદલવાના પગલાંથી ચોંકી ગયા છે.

એક તરફ માથે વિધાનસભાની ચૂંટણીઓ છે તો બીજી તરફ ભાજપે રાજ્યપાલ બદલીને કોઇ નવી વ્યૂહ રચનાના સંકેત આપ્યા હોવાનું મનાય છે. રાજકીય સમિક્ષકો માને છે કે ભાજપને વિધાનસભામાં કટોકટ જીત મળે એવું માનવું છે. આવા કટોકટ સમયે પોતાની તરફેણ કરે તેવા રાજ્યપાલની જરૂર હતી. સી.વી આનંદ બોઝ ભાજપની પસંદગીના રાજ્યપાલ હતા પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી તે મમતાને ટેન્ટમાં જતા રહ્યા હતા. સી.વી. આનંદબોઝ સામેના જાતીય સતામણીના આક્ષેપો હતા તેથી તે મમતાના શરણે પહોંચી ગયા હતા.

નવા રાજ્યપાલ આર.એન. રવિને ભાજપના પોપટ કહીને મમતા બેનર્જીએ પહેલા દિવસથીજ તેમનો વિરોધ પ્રદર્શીત કરી દીધો છે. રાજ્યપાલ તરીકે સી.વી. આનંદબોઝને અચાનક ખસેડીને નવા રાજ્યપાલ તરીકે આર.એન.રવિને મુકીને ભાજપે તેમની ચૂંટણી વ્યૂહ રચનાને વધુ ભેદી બનાવી છે એવું મમતા બેનરજી માની રહ્યા છે.

રાજ્યપાલને ભાજપના પપેટ કહીને રાજ્યપાલના હોદ્દાનું અપમાન કર્યું છે તો બીજી તરફ મમતા બેનર્જી કહે છે કે મને વિશ્વાસમાં લીધા સિવાય રાજ્યપાલના બદલ્યા છે તે બંધારણીય માળખાના ભંગ સમાન છે.

મમતા બેનરજીએ રાજ્યસભાના ઉમેદવાર તરીકે જે ચહેરાને પસંદ કર્યા છે તે કેટલાક વર્ગને ખુશ કરવા માટેના છે અને ચૂંટણીલક્ષી પસંદગી છે એમ કહી શકાય. કહે છેકે રાજ્યસભાના ઉમેદવારોની પસંદગીમાં મમતાને સલાહ આપનાર ભાજપ તરફી રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ હતા. રાજ્યસભાના ઉમેદવારો માટેના મમતાની પસંદગીને દરેકે વખાણી હતી.

રાજ્યપાલ તૃણમૂલ કોંગ્રેસ તરફ ઢળેલા દેખાતાજ ભાજપે તેમની જગ્યાએ તમિળનાડુના ભૂતપૂર્વ રાજ્યપાલને નિમ્યા છે. પોતાના રાજ્યમાં કેન્દ્ર સરકારની નિમણૂકોને કિન્નાખોરી ગણાવતા મમતા બેનરજી રાજ્યપાલને કામગીરી સંભાળ્યા પહેલાંજ ભાજપના પોપટ કહીને વર્ણવીને પોતે કેન્દ્ર સરકારના કટ્ટર વિરોધી છે એમ દર્શાવી રહ્યા છે.

પ.બંગાળમાં નિમેલા નવા રાજ્યપાલ આર.એન. રવિ અને તમિળનાડુમાં હતા ત્યારે તેમની અને રાજ્યના મુખ્યપ્રધાન વચ્ચે અનેક વાર જાહેરમાં ચકમક થતી જોવા મળી છે. તમિળનાડુનો વહિવટ દ્રવિડીયન મોડલ આધારિત છે એમ કહીને આર.એન. રવિ મુખ્યપ્રધાન એમ કે. સ્ટાલીનની સામે ટકરાઇ ચૂક્યા છે. પ.બંગાળમાં વિધાનસભાની ચૂંટણી દરમ્યાન મમતા અને નવા રાજ્યપાલ રવિ વચ્ચના મતભેદો મોટા પાયે જોવા મળશે.


મમતા બેનરજી એક તરફ ચૂંટણી પંચ સામે જંગ છેડી રહ્યા છે તો બીજી તરફ નવા રાજ્યપાલનું નામ લીધા વિના તેને ભાજપનો પેરેટ કહીને વિવાદ ઉભો કર્યો છે.

સી.વી. બોઝે રાજીનામં આપ્યું તેમાં પણ મમતા અંધારામાં રહ્યા હતા અને તેમની જગ્યાએ નવા રાજ્યપાલ આવ્યા તેની પણ મમતાને ખબર નહોતી પડી. મમતા ભૂતકાળમાં પણ અનેક વાર રાજ્યપાલો સાથે શિંગડા ભરાવી ચૂક્યા છે અને રાજ્યપાલના હોદ્દાને તે અવગણી ચૂક્યા છે.

**મધ્ય-પુર્વમાં ભયાનક યુદ્ધ ચાલી રહ્યું હોવાના કારણે ભારત સહિત વિશ્વના અનેક દેશો ફ્યુલ સંકટનો સામનો કરી રહ્યા છે. પાકિસ્તાન, ફ્રાન્સ, અમેરિકા, જર્મની, પોલેન્ડ, વિયેતનામ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયામાં ઈંધણની ભારે કટોકટી સર્જાઈ છે : જાપાન દ્વારા પોતાની જરૂરિયાતનું 95 ટકા ક્રૂડ આયાત કરવામાં આવે છે. તેમાંથી 75 ટકા ક્રૂડ હોર્મુઝની ખાડીમાંથી આવે છે. જાપાનની હાલત ખરાબ થઈ રહી છે. જાપાન દ્વારા નેશનલ રિઝર્વનો ઉપયોગ કરવાનો વિચાર કરાઈ રહ્યો છે. ટૂંક સમયમાં સ્થિતિ નહીં સુધરે તો આ એકમાત્ર વિકલ્પ છે**

# યુદ્ધને પગલે અનેક દેશોમાં પેટ્રોલ, ડીઝલ, ગેસની તંગી સર્જાઇ

## ક્યાંક પેટ્રોલ નથી મળતું તો ક્યાંક મોંઘવારી વધી ગઇ તો ભારતમાં ગેસની અછત સર્જાઇ છે, યુદ્ધ લાંબું ચાલ્યું તો વિશ્વભરમાં હાહાકાર થશે




અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન છેલ્લા ૧૧ દિવસથી યુદ્ધ કરી રહ્યા છે. આ યુદ્ધની અસર હવે દુનિયાભરના દેશોમાં જોવા મળી રહી છે. ઈઝરાયેલ અને અમેરિકાના હુમલાથી આકરા થયેલા ઈરાને વિશ્વભર માટે સૌથી મહત્વનો જળમાર્ગ હાર્મુઝ બંધ કરી દીધો. તેના કારણે સ્થિતિ એવી થઈ છે કે, ભારત સહિત અનેક એશિયાઈ દેશો અને યુરોપના દેશોના આયાત-નિકાસ અટકી ગયા છે. ખાસ કરીને ક્રૂડ અને ગેસનો ખાડી દેશોમાંથી એશિયા અને યુરોપમાં સપ્લાય કરનારા ટેન્કરો અને જહાજો મધદરિયે ફસાઈ ગયા છે. બીજી તરફ ઈરાન દ્વારા ખાડી દેશો ઉપર હુમલા કરવામાં આવ્યા હતા. તેના પગલે સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયા સહિતના દેશોએ પણ આયાત પર કાપ મુકી દીધો છે. તે ઉપરાંત તેમણે નિકાસ પણ બંધ કરી દીધી છે. જેના કારણે અનેક દેશોમાં ફ્યૂલ સંકટ સર્જાયું છે.

જાણકારોના મતે મધ્ય-પૂર્વમાં ભયાનક યુદ્ધ ચાલી રહ્યું હોવાના કારણે ભારત સહિત વિશ્વના અનેક દેશો ફ્યૂલ સંકટનો સામનો કરી રહ્યા છે. પાકિસ્તાન, ફ્રાન્સ, અમેરિકા, જર્મની, પોલેન્ડ, વિયેતનામ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયામાં ઈંધણની ભારે કટોકટી સર્જાઈ છે. મધ્ય-પૂર્વમાં દિવસે ને દિવસે ઘર્ષણ વધવાના કારણે ઊર્જા સપ્લાયની આયાત-નિકાસ કરવામાં ભારે અડચણો ઉભી થઈ રહી છે. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી આજ સુધીમાં હોર્મુઝની ખાડી બંધ રાખવામાં આવી છે. વૈશ્વિક ક્રૂડના સપ્લાયમાંથી ૩૦ ટકા ક્ડ આ રસ્તે મોકલવામાં આવે છે. તેના કારણે દુનિયાભરમાં ક્રૂડ અને ગેસની અછત ઊભી થઈ છે. આ અછતને પગલે જ દુનિયાભરમાં ક્રૂડ અને ગેસના ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. જાણકારોએ શંકા વ્યક્ત કરતા જણાવ્યું છે કે, જો ૧૦ જ દિવસમાં વિશ્વની આ સ્થિતિ થતી હોય તો આ યુદ્ધ લાંબું ચાલશે તો સમગ્ર વિશ્વમાં હાહાકાર થશે.

નોંધનીય છે કે, ચાર વર્ષ પહેલાં રશિયાએ જ્યારે યુક્રેન સામે જંગ શરૂ કર્યો ત્યારે વૈશ્વિક માર્કેટમાં ક્રૂડના ભાવ ઉચકાયા હતા અને હાલમાં તેના જેવી જ અસર જોવા મળી રહી છે. ક્ડ, ગેસ સપ્લાય કરતા દેશો દ્વારા સપ્લાય અટકાવી દેવામાં આવતા ક્ડ ચાર વર્ષ બાદ પહેલી વખત ૧૦૦ ડોલરને પાર ગયું છે. ચિંતાજનક બાબત એ છે કે, વિશ્વ હાલમાં ક્રૂડ અને ગેસની કટોકટી સુધી પહોંચવા આવ્યું છે છતાં અમેરિકા પ્રમુખની તુમાખી ઓછી થતી નથી.

અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિ વકરતી જાય છે તેમ તેમ દુનિયાભરમાં કોમોડિટિઝ અને ફેસેલિટિઝની સ્થિતિ આકરી થતી જાય છે. ખાસ કરીને ક્ડની આયાત-નિકાસને મોટો ફટકો પડયો છે. બીજી તરફ ભારતની પણ આયાત ને નિકાસ ખોટકાઈ છે. તેના ૨૦૦૦થી વધારે જહાજો હવે રાતા સમુદ્રમાં પણ ફસાયા છે. હોર્મુઝની ખાડીમાં ફસાયેલા જહાજો પણ આગળ વધી શકતા નથી કે ભારત તરફ આવી શકતા નથી. આ સિવાય ક્રૂડ ૧૫૦ ડોલર જવાની શક્યતા દેખાઈ રહી છે. બીજી તરફ અનેક દેશોમાં ક્રૂડ, ગેસ અને અન્ય વસ્તુઓની અછત વર્તાવા લાગી છે. તેમાંય હાલમાં દુનિયાના અંદાજે ૯ દેશોમાં સ્થિતિ અત્યંત કફોડી થઈ ગઈ છે. આ સિવાય પણ નાના મોટા દેશોનો અસર થઈ રહી છે. આ દેશોમાં અત્યારે હાલાત ખરાબ થઈ રહ્યા છે.

જાપાન : જાપાન દ્વારા પોતાની જરૂરિયાતનું ૯૫ ટકા ક્રૂડ આયાત કરવામાં આવે છે. તેમાંથી ૭૫ ટકા ક્રૂડ હોર્મુઝની ખાડીમાંથી આવે છે. ઈરાન યુદ્ધના કારણે આ ખાડી દસ દિવસથી બંધ છે અને જાપાનની હાલત ખરાબ થઈ રહી છે. જાપાન દ્વારા નેશનલ રિઝર્વનો ઉપયોગ કરવાનો વિચાર કરાઈ રહ્યો છે. ટૂંક સમયમાં સ્થિતિ નહીં સુધરે તો આ એકમાત્ર વિકલ્પ છે.

સાઉથ કોરિયા : સાઉથ કોરિયાના પ્રમુખ લી જેઈ મેયંગે જણાવ્યું કે, છેલ્લાં ૩૦ વર્ષમાં તેઓ પહેલી વખત સ્થાનિક ઈંધણના ભાવની સમીક્ષા કરશે અને લિમિટ લગાવશે. આ સિવાય ક્રૂડનો સપ્લાય અન્ય કોઈ દેશ કે સ્રોત દ્વારા કરવામાં આવે તેના પણ વિકલ્પ ચકાસવામાં આવશે. તે સિવાય બજારને સ્થાયી કરવા ૬૭ અબજ ડોલરનું સ્ટેબિલાઈઝેશન પેકેજ જારી કરાશે.

વિયેતનામ : ક્ડના ભાવ વધવાની ભીતીને પગલે વધુ એક એશિયાઈ દેશ દ્વારા ક્રૂડ ઉપરના ટેરિફમાં ઘટાડો કરાશે. કટેલીક પેટ્રોલિયમ પેદાશો ઉપર ઈમ્પોર્ટ ટેક્સ ઝીરો કરી દેવામાં આવશે. તેના દ્વારા સ્થાનિક બજારની સ્થિતિ કાબુ કરવાનો પ્રયાસ કરાશે. વિયેતનામે ચિંતા વ્યક્ત કરી છે કે, યુદ્ધ અટકશે નહીં અને હોર્મુઝની ખાડો ઉકેલ નહીં આવે તો સમગ્ર વિશ્વમાં ક્ડના ભાવ ભડકે બળશે. સ્થિતિ કાબુમાં આવશે નહીં. વિયેતનામમાં ક્રૂડના ભાવમાં વધારો થયો છે.

ઈન્ડોનેશિયા : ઈન્ડોયનેશિયાના નાણામંત્રીએ જણાવ્યું કે, ફ્યૂઅલના રેટ્સ કાબુ કરવા સરકારે જે બજેટની ફાળવણી કરી છે તેમાં વ્યાપક વધારો કરવો પડશે. ઈન્ડોનેશિયા દ્વારા તાજેતરના બજેટમાં એનર્જી સબસીડી માટે ૨૨.૫ અબજ ડોલરના ભંડોળની જાહેરાત કરાઈ હતી. હવે તેમાં વધારો કરવામાં આવશે.

ચીન : ચીન પોતાના ઉત્પાદનનું મોટાભાગનું ઓઈલ વિદેશોથી મંગાવે છે. તેમાંય ૫૭ ટકા ક્રૂડ મધ્યપૂર્વમાંથી આયાત કરે છે. આ વિસ્તારમાં કટોકટી સર્જાતા ચીને આંતરિક સખતાઈ અમલમાં મુકી છે. દેશની તમામ રિફાઈનરીઓને આદેશ આપી દીધ છે કે, વૈશ્વિક સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી નિકાસ અટકાવીને સ્થાનિક બજારને બચાવવા કામગીરી કરવામાં આવે. આ સિવાય જેમને શિપમેન્ટ આપવાની જાહેરાત થઈ ગઈ હતી કે, કરાર થઈ ગયા હતા તે પણ રદ કરવાના આદેશ આપી દેવાયા છે.

ફિલિપાઈન્સ : ક્રૂડના ભાવ કાબુ કરવા અને વપરાશ ઘટાડવા ફિલિપાઈન્સ સરકારે અઠવાડિયામાં ચાર દિવસ કામની યોજના લાગુ કરી છે. તમામ સરકારી વિભાગો ચાર જ દિવસ કામ કરે છે. તેના દ્વારા ટ્રાફિક ઘટાડવામાં આવ્યો છે અને ક્રૂડનો વપરાશ તથા ડિમાન્ડ ઘટાડવામાં આવ્યા છે. આ ઉપરાંત સરકારી વિભાગો અને એજન્સીઓમાં વીજવપરાશ પણ ૨૦ ટકા સુધી ઘટાડવાના આદેશ અપાયા છે.

મ્યાંમાર : મ્યાંમારની મિલિટરી સરકાર દ્વારા રેશનિંગ પદ્ધતિથી ઈંધણ આપવાની જાહેરાત કરાઈ હતી. તે સિવાય રસ્તે ફરતા ખાનગી વાહનોની સંખ્યા અડધી કરી દેવાના આદેશ અપાયા છે. તેમાં કદાચ નંબર પ્લેટના આધારે પદ્ધતિ લાગુ કરાઈ છે.

થાઈલેન્ડ : થાઈલેન્ડે પોતાના ૬૦ દિવસના રીઝર્વમાંથી અડધું રિઝર્વ વાપરવાનો નિર્ણય લીધો છે. તે ઉપરાંત ઈંધણના ભાવ ઉપર નિયંત્રણ લગાવ્યું છે.

બાંગ્લાદેશ : દક્ષિણ એશિયાના આ દેશમાં યુનિવર્સિટીઓ અને કોલેજો તથા શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરી દેવાઈ છે. રમઝાન ઈદના નામે વેકેશન જારી કરી દેવાયું છે. તે પોતાનું ૯૫ ટકા ક્રૂડ ઈમ્પોર્ટ કરે છે. લોકો સંગ્રહખોરી ન કરે તે માટે વાહનોની કેટેગરીના આધારે પેટ્રોલ આપવાનું નક્કી કરાયું છે.

પાકિસ્તાન : પાકિસ્તાન પાસે તો પહેલેથી જ પૈસા નથી અને તેમાંય ક્રૂડની સમસ્યા સર્જાતા કોવિડ જેવા નિયમો લાગુ કરાયા છે.

અહીંયા વર્કફ્રોમ હોમ જાહેર કરાયું છે. સ્કૂલ અને કોલેજોમાં ઘરેથી ભણવા અથવા તો એકાદ શિફ્ટમાં કામ કરવાના આદેશ અપાયા છે. આ સિવાય સરકારી કચેરીઓમાં માત્ર જરૂરી સ્ટાફ જ હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. આઈટી કંપનીઓ અને અન્ય ટેલિકોમ કંપનીઓને પણ કર્મચારીઓને અઠવાડિયામાં બે દિવસ વર્ક ફ્રોમ હોમ આપવાના આદેશ અપાયા છે. તે સિવાય સરકારી કર્મચારીઓને કારપુલ કરવા કે સાથે એક જ વાહનમાં આવવા પણ જણાવાયું છે. હાલમાં તેની પાસે ૨૫ દિવસનો જથ્થો છે અને ૧૦ દિવસનો રીઝર્વ છે. તે ઉપરાંત ૧૫ દિવસ ચાલે તેટલો એલપીજી છે.

હાલમાં પાકિસ્તાનમાં ડીઝલ ૩૨૧ રૂપિયે લીટર અને પેટ્રોલ ૩૩૬ રૂપિયે લિટર પહોંચી ગયું છે.

આ યુદ્ધની અસર હવે ભારતમાં પણ જોવા મળી રહી છે. એક તરફ ક્રૂડ અને ગેસની તંગીના કારણે સરકાર ભીંસમાં આવી છે ત્યાં બીજી તરફ નિકાસને પણ વ્યાપક નુકસાનની શક્યતાઓ જોવાઈ રહી છે. ખાડી દેશોમાં વધતા સંઘર્ષને કારણે સમુદ્રી માર્ગો જોખમી બન્યા છે. થોડા સમય પહેલાં ગલ્ફ દેશો માટે મોકલવામાં આવેલી આશરે ૨૦૦૦ કારોને હવે ચેન્નાઈ પોર્ટ પર પરત લાવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. આ ગાડીઓને હંબનટોટા પોર્ટ થઈને મધ્ય-પૂર્વના બજારોમાં મોકલવાની હતી, પરંતુ યુદ્ધના કારણે શિપિંગ કંપનીઓએ રૂટ બદલવા પડયા છે.

જાણકારોના મતે હોર્મુઝની ખાડી બાદ હવે રાતા સમુદ્રના જળમાર્ગો ઉપર પણ જોખમ વધી રહ્યું છે. તેના પગલે અંદાજે પાંચ હજાર જેટલા કન્ટેનરોને પાછા વાળવામાં આવી રહ્યા છે. બીજી તરફ ભારતમાં આંતરિક રીતે પણ ઘણી સમસ્યા સર્જાઈ છે. ખાસ કરીને એલપીજી અને એલએનજીની અછત સર્જાઈ છે. તેના કારણે પેટ્રોલ, પેટ્રોલિયમ પ્રોડક્ટ અને ગેસ માટે એસેન્શિયલ કોમોડિટિઝ એક્ટ લાગુ કર્યો છે.

# કોંગ્રેસના તીખા સવાલોથી સરકાર સ્તબ્ધ



કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર નિશાન તાંક્યું છે. વ્હાઇટ હાઉસના પ્રેસ સચીવ કૈરોલીન લીવીટના નિવેદન પછી ભારત સરકારના મૌન બાબતે કોંગ્રેસે સવાલો કર્યા હતા. અમેરિકાએ ભારતને કામચલાઉ રશિયન ઓઇલ ખરીદવાની અનુમતી આપી હતી. લીવીટએ એમ પણ કહ્યું હતું કે, આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો હતો કે ભારત અમેરિકાનું મિત્ર છે. કોંગ્રેસે આ શબ્દોને મધ્યમાં રાખીને કેન્દ્ર સરકારને ભીંસમાં લીધી છે. કોંગ્રેસના કહેવા પ્રમાણે આ વાત આપણી ગરીમા અને સાર્વભૌમત્વનું અપમાન છે. કોંગ્રેસે સોશ્યલ મીડિયામાં મુકેલી એક પોસ્ટમાં કહ્યું છે કે, 'તમે વ્હાઇટહાઉસના પ્રેસ સચીવનું નિવેદન ફરીથી વાંચો. એમણે કહ્યું છે કે અમેરિકાએ 'ભારતને ઓઇલ ખરીદવાની પરવાનગી આપી છે.' ભારત આ અપમાન સામે ચૂપ શા માટે છે? ભારતના આત્મસન્માનની રક્ષા કરવાને બદલે વડાપ્રધાન મૌન રહે છે.' ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી રવિશંકર પ્રસાદ આજકાલ સમાચારમાં નથી. સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે જ લોકોને ખબર પડે છે કે રવિશંકર પ્રસાદ હજી સુધી ભાજપમાં છે. પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે રવિશંકર પ્રસાદે વધુ અવાજ કરવો પડે છે. લોકસભાના સ્પિકર ઓમ બીરલાને હટાવવાના પ્રસ્તાવની ચર્ચા દરમિયાન આ જોવા મળ્યું હતું. રવિશંકર પ્રસાદે વિરોધપક્ષ પર હુમલો કરતા કહ્યું હતું કે, સ્પિકરને હટાવવાનો પ્રસ્તાવ એક નેતાના અહમને સંતોષવા માટે કરવામાં આવ્યો હતો. એમણે કહ્યું હતું કે, મને દુ:ખ થાય છે કે ગૃહે આજે આ વિષય પર ચર્ચા કરવી પડી રહી છે. વિરોધપક્ષના નેતાએ રાષ્ટ્રીય સુરક્ષા જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર વિચારીને બોલવું જોઈએ. ત્યાર પછી ગૃહમાં હોહા થઈ ગઈ હતી. આરોપનો જવાબ આપતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે એમને ગૃહમાં બોલતા અટકાવવામાં આવે છે. લોકસભા કોઈ એક પક્ષની નથી, પરંતુ આખા દેશનું પ્રતિનિધિત્વ કરે છે.

કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે કે લાંબા યુદ્ધ માટે ઈરાન તૈયાર છે. ઈરાનની રણનીતિ 'એટ્રીશ્યન' (ધીરેધીરે થકવી નાખવાની રણનીતિ) પર આધારીત છે. ઈરાનના મિસાઈલો તોડી પાડવા માટે અમેરિકા જે ટેક્નીકનો ઉપયોગ કરે છે એ ખૂબ મોંઘી હોય છે. એટલે કે મોંઘા હથિયારો વડે ઈરાનના સસ્તા ડ્રોન તોડી પાડવામાં આવે છે. યુદ્ધ લાંબુ ચાલે તો એની આર્થિક અસર ઈરાનમાં તેમજ દુનિયામાં મોટાપાયે થવાની છે. દુનિયાભરના ઓઈલનો ૨૦ ટકા હિસ્સો હોર્મુઝ સ્ટેટ મારફતે પસાર થાય છે. આ રસ્તો હમણા બંધ છે. ઈરાન પણ આર્થિક દબાણમાં છે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને કારણે એની અર્થવ્યવસ્થા નબળી પડી ચૂકી છે. જોકે ખાડી વિસ્તારના ઘણા દેશો માને છે કે યુદ્ધ લાંબુ ચાલશે તો એમને મોટું આર્થિક નુકશાન થવાની શક્યતા છે. જો યુદ્ધ લાંબુ ચાલે તો આ દેશો અમેરિકા અને ઇઝરાયલ પર સીઝ ફાયર માટે દબાણ કરશે. ઈરાનમાં આંતરીક અસંતોષ છે જ એટલે ઈરાને ખાસ ગુમાવવા જેવું નથી. તેલગાણા વિધાનસભાના અધ્યક્ષ ગદ્દામ પ્રસાદ રાવએ બીઆરએસના ધારાસભ્ય દાનમ નાગેન્દ્ર અને કાદીયમ શ્રીહરી વિરુદ્ધની અરજીઓ રદ કરી છે. ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) અને ભાજપ દ્વારા કરવામાં આવેલી અરજીમાં આરોપ મૂકવામાં આવ્યા હતા કે, બંને ધારાસભ્યએ પક્ષ વિરોધી કાયદાનો ભંગ કર્યો છે. વિધાનસભા અધ્યક્ષનું કહેવું છે કે બંને ધારાસભ્યોએ પક્ષ બદલ્યો છે એના કોઈ પુરાવા નથી. સુનાવણી વખતે જે પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા એને આધારે અરજીઓ રદ કરવામાં આવી છે. આ નિર્ણય સુપ્રિમ કોર્ટમાં થનારી સુનાવણીના એક દિવસ પહેલા લેવામાં આવ્યો હતો. આ પહેલા અધ્યક્ષએ આજ પ્રકારના કિસ્સાઓમાં આઠ બીજા ધારાસભ્યોને પણ ક્લીનચીટ આપી હતી. બીઆરએસના કાર્યકારી પ્રમુખ કે ટી રામારાવે આ નિર્ણયની ટીકા કરી છે. એમના કહેવા પ્રમાણે આ બંને ધારાસભ્યોને ક્લીનચીટ આપવી એ લોકશાહીનું અપમાન છે. બાંગ્લાદેશમાં નવી સરકાર સત્તામાં આવ્યા પછી વડાપ્રધાન તારીક રહેમાન ભારત સાથે સંબંધ સુધારવા માંગતા હોય એમ લાગે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે એક માર્ચથી ત્રણ માર્ચ સુધી બાંગ્લાદેશની જાસુસી સંસ્થા ડીજીએફઆઇના પ્રમુખ મેજર જનરલ કૈસર રાસીદ ચૌધરી દિલ્હીના પ્રવાસે આવ્યા હતા. તારીક રહેમાન સત્તા પર આવ્યા પછી બાંગ્લાદેશના ઉચ્ચ અધિકારીનો આ પહેલો ભારત પ્રવાસ હતો. એક રીપોર્ટ પ્રમાણે ડીજીએફઆઇના પ્રમુખે પોતાના પ્રવાસ દરમિયાન રોના વડા પરાગ જૈન અને સૈન્ય જાસુસી સંસ્થાના મહાનિર્દેશક લેફ્ટેનન્ટ જનરલ આર એસ રમણ સાથે પણ અગત્યની મીટીંગો કરી હતી. ત્રીજી માર્ચે ડીનર પર મળેલા બંને દેશોની જાસૂસી એજન્સીના વડાઓએ બંને દેશની સુરક્ષા માટે શું કરવું જોઈએ એ બાબતે ચર્ચા કરી હતી.

બળાત્કારના એક કેસની સુનાવણી વખતે કર્ણાટક હાઈકોર્ટે અગત્યની ટીપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું હતું કે કાયદો દિલ તૂટવાને ગુનો નથી માનતો. કોર્ટે સાફ કહ્યું હતું કે બે પુખ્ત વયની વ્યક્તિઓ પોતાની મરજીથી લાંબો સમય સંબંધમાં રહે અને પછી પુરુષ લગ્નનો ઈન્કાર કરે તો ફક્ત એજ કારણે બનાવવામાં આવેલા સંબંધને બળાત્કાર કહી શકાય નહીં. આ ચૂકાદો જસ્ટીસ એમ નાગપ્રસન્નાની બેન્ચે આપ્યો હતો. આ કેસ એક મહિલાની ફરિયાદ સંદર્ભનો હતો. મહિલાએ એક પુરુષ પર બળાત્કારનો આરોપ મૂક્યો હતો. બંનેની મુલાકાત આયર્લેન્ડમાં થઈ હતી અને બે વર્ષ સુધી બંને વચ્ચે સંબંધ રહ્યો હતો. આ સમય દરમિયાન બંને લીવ ઈન રીલેશનશીપમાં પણ રહ્યા હતા. મહિલા પહેલા પરણીત હતી. એને સાત વર્ષનું એક બાળક પણ છે. આરોપી જ્યારે ભારત આવ્યો પછી એણે મહિલા સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું અને લગ્ન કરવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યાર પછી મહિલાએ એની સામે બળાત્કારની ફરિયાદ દાખલ કરી હતી. પશ્ચિમ એશિયામાં ચાલુ રહેલા યુદ્ધને કારણે ગેસની આયાત અટકી ગઈ છે અને દેશ આખામાં એલપીજી ગેસની અછત દેખાઈ રહી છે. દિલ્હીના ઘણા વિસ્તારોમાં કોમર્શિયલ એલપીજી ગેસ સિલીન્ડરની તકલીફ દેખાઈ રહી છે. ગેસ એજન્સીઓની સાથે સાથે દિલ્હીની હોટલો અને રેસ્ટોરાંના માલિકોની ચિંતા પણ વધી ગઈ છે. સપ્લાયમાં અનિયમિતતા અને સિલીન્ડર પ્રાપ્તિમાં તકલીફને કારણે લોકો હેરાન છે. આ મામલે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલએ સરકારને જવાબદાર ઠેરવી છે. એમણે કેન્દ્ર સરકાર પર દેશના હિતો વેચી દેવાનો આક્ષેપ કર્યો છે. સામે ભાજપે કેજરીવાલ પર સંકટ સમયએ અવસરવાદી રાજકારણ કરવાનો આક્ષેપ મૂક્યો છે. કેજરીવાલે કહ્યું હતું કે, 'આખા દેશમાં એલપીજી સિલીન્ડરની ભારે અછત છે. દેશમાં એલપીજીનું ઉત્પાદન લગભગ ૫૦ ટકા ઘટી ગયું છે.

# આજના જમાનામાં ત્યાં સુધી જ તમે ઓળખાશો, જયાં સુધી તમે કામ આવશો, બાકી તો દીવો સળગાવીને દિવાસળી ફેંકી જ દેવાય છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

એક દિવસ,એક પરિચિત ખેડૂત ને મળવા આવ્યો.તે ઘરે નહોતો. તેની પત્નીએ કહ્યું,'તે ખેતરમાં ગયો છે.હું બાળકને તેને લેવા મોકલીશ.કૃપા કરીને ત્યાં સુધી રાહ જુઓ.'

થોડી વાર પછી,ખેડૂત ખેતરમાંથી ઘરે પાછો ફર્યો. તેનો પાલતુ કૂતરો પણ જોરથી હાંફી રહ્યો હતો. તેની હાલત જોઈને મુલાકાતીએ પૂછ્યું, 'શું તમારું ખેતર દૂર છે?' ખેડૂતે જવાબ આપ્યો,'ના,નજીક માં છે. પણ તમે કેમ પૂછો છો? 'માણસે કહ્યું,'મને આશ્ચર્ય થયું કે તમે અને તમારો કૂતરો સાથે આવ્યા છો.પણ તમારા ચહેરા પર થાકનો કોઈ પત્તોનથી,જ્યારે કૂતરો જોરથી હાંફી રહ્યો છે.'

ખેડૂતે કહ્યું,'હું અને કૂતરો એક જ રસ્તે ઘરે આવ્યા. મારું ખેતર ખાસ દૂર નથી.હું થાક્યો નથી. મારો કૂતરો થાકી ગયો છે. કારણ એ છે કે મેં સીધો રસ્તો ઘરેલીધો હતો,પરંતુ કૂતરો તેની આદતથી મજબૂર છે.'નજીકમાં બીજા કૂતરાઓને જોતાં તે તેમને ડરાવવા માટે તેમની પાછળ દોડતો અને ભસતો મારી પાસે પાછો આવતો પછી,બીજો કૂતરો જોતાં જ તે તેની પાછળ દોડવા લાગતો. આખી મુસાફરી દરમ્યાન તેની આદત મુજબ આ ચાલુ રહ્યું તેથી જ તે થાકી ગયો છે.જો આપણે નજીકથી જોઈએ તો,આજના માણસોની પણ આવી જ સ્થિતિ છે.જીવન નું લક્ષ્ય પ્રાપ્ત કરવું મુશ્કેલ નથી, પરંતુ રસ્તામાં મળતા કૂતરાઓ જીવનના સીધા અને સરળ માર્ગ થી વિચલિત કરી રહ્યા છે.

માનવ પોતાના ધ્યેયથી ભટકી રહ્યા છે,અને આ વિચલન તેમને થાકી રહ્યું છે.આ તે પ્રાપ્ત કરવા માં સૌથી મોટો અવરોધ છે. રસ્તામાં મળતા કૂતરાઓ તમારી શક્તિનો વ્યય કરે છે.

આ કૂતરાઓને ભસવા દો અને તમારા ધ્યેય પ્રાપ્ત કરવા તરફ સીધા આગળ વધતા રહો... એક દિવસ તમે તમારા લક્ષ્ય સુધી પહોંચશો. પરંતુ જો તમે તેમાં ફસાઈ જશો, તો તમે થાકી જશો.હવે તમારે નક્કી કરવાનુંછે કે ખેડૂતની જેમ સીધા માર્ગ પર ચાલવું કે તેના કૂતરાની જેમ.

એક વખત ભજનમાં આનંદ મળી જાય તો સંસારનો આનંદ ફિક્કો લાગે છે. બ્રાહ્મણનો અવતાર તપ માટે છે.બ્રાહ્મણ વિલાસમાં પડે એ ભગવાનને ગમતું નથી.વૈશ્ય અને ક્ષત્રિય વિલાસમાં પડે તો થોડુંયે ક્ષમ્ય છે બ્રાહ્મણ માટે ક્ષમ્ય નથી.શાંડિલ્ય ઋષિ અને તેમનાં પત્ની તપસ્વી હતાં. પૂર્ણમાસી પતિમાં પરમેશ્વરની ભાવના રાખતાં.પતિ ભોજન ન કરે એટલે પતિવ્રતા સ્ત્રીનો ધર્મછે કે ભોજન ન કરવું,એટલે પૂર્ણ માસી પણ ફળાહારથી ચલાવી લે. ઘરમાં એક છોકરો હતો.તે નંદબાબાને ઘરે જમવા જાય એટલે ઘરમાં કાંઈ રસોઈ થાય નહીં.

જીવનમાં જરૂરિયાત જેમ ઓછી કરશો તેમ પાપ ઘટશે.ભોગવધશે તો પાપ વધશે. ભોગ ઘટશે તો પાપ ઘટશે.આદત અને હાજતને વધારશો નહીં તો જ સુખી થશો. આ 'જોઈએ'નો અંત આવતો નથી.આ જોઈએ એમ કહો છો, પણ ભગવાન જોઈએ એમ કહો ને,તો બધું 'જોઈએ'એમાં સમાઈ જશે.

પૂર્ણમાસી મધુમંગલને કહે છે, બેટા ઘરમાં કંઈ નથી. કનૈયાને માટે હું શું આપું?તપસ્વી બ્રાહ્મણ,અજાચક વ્રત-કોઈની પાસે કશું માગવું નહીં. અપરિગ્રહ વ્રત-એટલે કશું સંઘરવું નહીં. ઘરમાં કાંઈ નથી, પણ મધુમંગલ કહે છે,મા,મને કંઈક આપ!પૂર્ણમાસી ઘરમાં કંઈક હોય તો તે શોધવા લાગ્યાં. ઘરમાંથી થોડી છાશ મળી. તે છાશ મટકીમાં ભરી આપી.

પરમાત્મા કોઈ દિવસ જોતા નથી કે મારા માટે શું લાવ્યો છે, પણ જુએ છેકે,કેવા ભાવથી લાવ્યો છે. વસ્તુને જુએ એ જીવ અને કેવળ ભાવને જુએ તે ઈશ્વર. મધુમંગલ છાશ લઈને આવ્યો છે પણ તે છાશ શ્રીકૃષ્ણ ને આપતાં તેને સંકોચ થયો. એટલે મધુમંગલ તે છાશ પોતે જ પી જવા લાગ્યો. શ્રીકૃષ્ણની નજર મધુમંગલ પર પડી.એય મધુમંગલ!તારી બાએ છાશ મારા માટે આપી છે.તું એકલો એકલો છાશ પી જાય છે છાશ મને આપ!પણ મધુ મંગલ સાંભળતો નથી.મધુમંગલ ઉતાવળથી છાશ પીવા લાગ્યો. કનૈયો દોડતો આવ્યો. મધુમંગલે એકદમ મોંમાં હાંડલી ખાલી કરી પણ મોઢામાં થી છાશનો રેલો નીકળ્યો. કનૈયો તેનું મોઢું ચાટવા લાગ્યો.ભગવાન શ્રીકૃષ્ણ મધુમંગલનું મોઢું ચાટતા હતા તે વખતે બ્રહ્માજી આકાશમાંથી આવ્યા

કનૈયો મધુમંગલને કહે છે કે,તારી એંઠી છાશ મળે તો મારી બુદ્ધિ સુધરે.તારા પિતા બ્રાહ્મણ છે, તપસ્વી છે.

શ્રીકૃષ્ણ બાળક સાથે ભોગી છે, યોગી સાથે યોગી,જ્ઞાની સાથે જ્ઞાની અને ભોગી સાથે ભોગી છે બાળક બ્રહ્મજ્ઞાનની વાતો કરે કે બ્રહ્મ સત્ય હૈ, જગત મિથ્યા હૈ, તો તેઓ કાંઈ સમજે નહીં. બાળકોને આવી વાત ગમે નહીં. એટલે માખણ નિમિત્તથી ભગવાન ગોપ બાળકોનું મન હરે છે. તેમના મિત્ર બને છે અને અનાયાસે તેઓને બ્રહ્માનુભવ કરાવે છે.

શ્રીકૃષ્ણને મધુમંગલના મોઢા પર ની છાશ ચાટતા જોઈ બ્રહ્માજી ને આશ્ચર્ય થયું કે,આ ભગવાન છે કે કોણ છે?આ તો ગોપ બાળકોનાં મોઢાં ચાટે છે. આ કંઈ ઈશ્વર હોઈ શકે?ઈશ્વરનાં લક્ષણ આવાં હોય?બ્રહ્માને શંકા થાય છે.આ જ બ્રહ્મા ક્ષીર સાગરમાં ભગવાનને અવતાર લેવાનું કહેવા ગયા હતા પ્રભુ દેવકીજીના ગર્ભમાં આવ્યા ત્યારે આ જ બ્રહ્માજી ગર્ભસ્તુતિ કરવા ગયા હતા. આવા બ્રહ્માજી પણ શ્રીકૃષ્ણની સગુણ લીલા જોઈ મોહમાં પડી ગયા.નિર્ગુણ બ્રહ્મનો પાર પામવો શક્ય છે, પણ સગુણ બ્રહ્મની લીલાનો પાર પામવો મુશ્કેલ છે એવું તુલસી દાસજી કહે છે તે બિલકુલ સત્ય છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ધો.૧૦-૧૨ની વાર્ષિક પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે સફળતા માટે યોગ્ય સમય ની જરૂર નથી,તેને યોગ્ય નિર્ણય ની જરૂર છે.પ્રેમ દુર્લભ છે તેને પકડી રાખો. ગુસ્સો ખરાબ છે તેને દબાવી દો.ભય ભયંકર છે, તેનો સામનો કરો.યાદો મીઠી છે, તેને સાચવો.બસ આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## ખેડામાં સામૂહિક વન નિર્માણ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં 7.27 લાખ રોપાઓનું વાવેતર

# "એક પેડ મા કે નામ" અભિયાનથી પર્યાવરણ સુરક્ષા તરફ જનભાગીદારીનો મજબૂત સંદેશ

### ખેડા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ ૫૩૫ હેક્ટરમાં વિકસી રહી છે હરિયાળી : વૃક્ષો: પ્રકૃતિનું શ્વાસ - પર્યાવરણ સંતુલન અને માનવજીવન માટે અનિવાર્ય આધાર





**નડિયાદ, તા.12**

વૃક્ષો પ્રકૃતિનો અમૂલ્ય ખજાનો છે. વૃક્ષો આપણને શુદ્ધ હવા, ઓક્સિજન, છાયો, વરસાદનું સંતુલન, જમીનની ઉર્વરતા અને જૈવ વૈવિધ્ય જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પર્યાવરણના સંતુલન સાથે માનવજીવનના આરોગ્ય અને વિકાસ માટે પણ વૃક્ષો અતિ મહત્વપૂર્ણ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ દેશભરમાં ભાવનાત્મક રીતે ચાલી રહેલું "એક પેડ મા કે નામ" અભિયાન લોકોમાં વૃક્ષારોપણ પ્રત્યે નવી પ્રેરણાનું નિર્માણ કરી રહ્યું છે. આ અભિયાન માત્ર દેશમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રેરણારૂપ બન્યું છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાનએ તેમના ઘાના પ્રવાસ દરમિયાન એક શાળાની મુલાકાત દરમ્યાન વૃક્ષારોપણ પ્રસંગે આ અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. ભારતમાંથી પ્રેરણા લઈને ગાઢ જંગલો ધરાવતા દેશ ઘાનાએ પણ "એક પેડ મા કે નામ" અભિયાનનો પોતાના દેશમાં પ્રારંભ કર્યો છે, જે ભારત માટે ગૌરવની બાબત છે.

વાત કરીએ, ખેડા જિલ્લાની તો, મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૧૪૬૦.૯ લાખના ખર્ચે ૫૩૫ હેક્ટર વિસ્તારમાં ૭.૨૭ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમાંથી હાલમાં ૬.૬૨ લાખ રોપાઓ જીવંત છે, જે આ યોજનાની સફળતા અને અસરકારક અમલવારી દર્શાવે છે.

વિધાનસભા ગૃહમાં ધારાસભ્યદ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ગ્રીન કવર વધારવાના શુભ આશયથી વન વિભાગ દ્વારા વૃક્ષોના ઉછેર અને જતન માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. તેમાં રૂ.૧૦૦ થી રૂ.૨,૫૦૦ સુધીના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આ અંતર્ગત ટ્રી ગાર્ડ લગાવવું, પાણી આપવું તેમજ ત્રણ વર્ષ સુધી વૃક્ષોની યોગ્ય સંભાળ રાખવામાં આવે છે.

આ ઉપરાંત રાજ્યમાં હેરિટેજ વૃક્ષોની જાળવણી માટે વિશેષ યોજના અમલમાં છે. ઓળખાયેલા આવા વૃક્ષોના સંરક્ષણ માટે ખેડૂતને દર વર્ષે અંદાજે રૂ.૫,૦૦૦ સુધીનું વળતર આપવામાં આવે છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે રાજ્યમાં જંગલ વિસ્તાર બહાર શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વન કવર વધારવા માટે વન વિભાગ દ્વારા "વન કવચ" તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ યોજના હેઠળ મિયાવાકી પદ્ધતિથી એક હેક્ટરમાં આશરે ૧૦ હજાર વિવિધ પ્રકારના વૃક્ષો વાવી ગાઢ જંગલ તૈયાર કરવામાં આવે છે. આવા વન કવચ નાગરિકો માટે હરવા-ફરવાની સાથે સાથે પ્રાકૃતિક શિક્ષણના કેન્દ્ર તરીકે પણ વિકસી રહ્યા છે.

પર્યાવરણનું સંતુલન જાળવવા અને આવતી પેઢીને સ્વચ્છ અને હરિયાળું પર્યાવરણ આપવા માટે વૃક્ષારોપણ અને વૃક્ષ સંવર્ધન આજની મહત્વપૂર્ણ જરૂરિયાત બની છે. "એક પેડ મા કે નામ" જેવા અભિયાનો દ્વારા જનસામાન્યમાં વૃક્ષ પ્રત્યે ભાવનાત્મક જોડાણ વધતું જાય છે, જે પર્યાવરણ સંરક્ષણ માટે સકારાત્મક દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહ્યું છે.

# પશ્ચિમ રેલવેનો બિન-ભાડા આવક બમણી કરવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય

**અમદાવાદ, તા.12**

પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા ભારતીય રેલવેના બિન-ભાડા આવક (NFR) વધારવાના સૂચનોને અનુસરીને, પશ્ચિમ રેલવેએ બિન-ભાડા સ્ત્રોતોમાંથી પોતાની આવકમાં નોંધપાત્ર વધારો કરવાનો એક મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનિત અભિષેક દ્વારા જાહેર કરાયેલ પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, પશ્ચિમ રેલવેના પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરુણ જૈને બિન-ભાડા આવક વધારવાની વ્યૂહરચનાઓ અંગે ચર્ચા કરવા પશ્ચિમ રેલવેના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકો સાથે ઉચ્ચ સ્તરીય વિચાર-વિમર્શ બેઠકની અધ્યક્ષતા કરી હતી.



બેઠક દરમિયાન શ્રી તરુણ જૈને જણાવ્યું કે, "અમારો ઉદ્દેશ મુસાફરોને મૂલ્યવર્ધિત સેવાઓ પ્રદાન કરવાનો છે. અમારા ડિજિટલ લાઉંજ અને મિની મોલની સફળતા સ્પષ્ટ રીતે દર્શાવે છે કે મુસાફરો હવે આધુનિક, ટેક્નોલોજી આધારિત તેમજ ગુણવત્તાસભર સેવાઓ તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે. બિન-ભાડા આવકને બમણી કરીને અમે સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે પશ્ચિમ રેલવે પોતાની વાણિજ્યિક સંપત્તિઓની આવક ક્ષમતાને નવા દ્રષ્ટિકોણથી જુએ."

ચાલુ નાણાકીય વર્ષમાં ફેબ્રુઆરી 2026 સુધી પશ્ચિમ રેલવેએ બિન-ભાડા આવક તરીકે 117 કરોડ પ્રાપ્ત કર્યા છે, જેના કારણે પશ્ચિમ રેલવે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઝોનોમાં સામેલ થયું છે. ભારતીય રેલવેની બિન-ભાડા આવકને 750 કરોડથી વધારી 1,500 કરોડ કરવા માટેના રાષ્ટ્રીય નિર્દેશોને અનુરૂપ, પશ્ચિમ રેલવેએ નાણાકીય વર્ષ 2026-27 માટે 239.24 કરોડનું લક્ષ્ય નક્કી કર્યું છે.

શ્રી તરુણ જૈને જણાવ્યું કે આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે મુંબઈ સેન્ટ્રલ ખાતે આવેલ ડિજિટલ લાઉંજ, રતલામ સ્ટેશન પરનો મિની મોલ તેમજ અમદાવાદ ખાતે એસી સાથેનો ડિજિટલ લાઉંજ જેવા સફળ અને નવોત્તર પહેલોને પુનરાવર્તિત કરવાની જરૂર પડશે, જેને સરાહના મળી ચુકી છે. આ પહેલ મુસાફરોની સુવિધા અને આરામને મહત્તમ બનાવવા માટે કરવામાં આવી છે.

તેમણે આગળ ઉમેર્યું કે સમયની માંગ મુજબ પરંપરાગત જાહેરાતોની સીમા બહાર જઈ નવીન અભિગમ અપનાવવો જરૂરી છે. બેઠક દરમિયાન કેટલીક નવી પહેલ અંગે પણ ચર્ચા કરવામાં આવી, જેમાં પશ્ચિમ રેલવે પર યોગ્ય સ્થળોની ઓળખ કરીને બ્રાન્ડેડ કિયોસ્ક અને એક્સપિરિયન્સ ઝોન સંપત્તિઓનું મુદ્રીકરણ, વધુ મુસાફરોના આવાગમન ધરાવતા સ્ટેશનો પર ડિજિટલ આઉટ-ઓફ-હોમ (DOOH) જાહેરાતનો વિસ્તરણ તથા રેલવે સ્ટેશનોને સજીવ વાણિજ્યિક કેન્દ્રો તરીકે વિકસિત કરવાનો સમાવેશ થાય છે.

# મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ

**નડિયાદ, તા.12**

મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે ઉદભવતા વર્તમાન સંજોગોમાં સમગ્ર રાજ્યમાં LPG સિલિન્ડરોના અવિરત વિતરણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો તથા મોનિટરીગ કરવામાં આવી રહેલ છે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્યમાં ઉપલબ્ધ LPG સ્ટોકનું પરિવહન અને કાર્યક્ષમ રીતે વિતરણ માટે રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ છે. એમ રાજ્યના અન્ન નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયુ છે. ગુજરાત રાજ્યમાં 30% ઘરેલુ ગેસ PNG GAS PIPELINE મારફત પૂરો પાડવામાં આવે છે. PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ગુજરાત રાજ્યની પરિસ્થિત વધારે સારી છે.

રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેના એલ.પી.જી નો પુરતો પુરવઠો દરેક સ્થળે મળી રહે તે માટે તકેદારીના ભાગરૂપે કેન્દ્ર સરકારના સૂચન હેઠળ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા બે એલ.પી.જી સિલિન્ડરના બુકીંગ વચ્ચે 25 દિવસનો સમયગાળો રાખવા નિર્ણય લેવામાં આવેલ છે. આ નિર્ણયના લીધે લોકોમાં અનાવશ્યક તણાવ તેમજ એલ.પી.જી સંગ્રહ ન કરવામાં આવે તેવો મુખ્ય ઉદ્દેશ છે.

કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ હાલ કોર્મશિયલ સિલિન્ડરનું વેચાણ નિયંત્રિત કરવામાં આવેલ છે. પરંતુહોસ્પિટલ તેમજ શૈક્ષણિક સસ્થાઓ તેમની જરૂરીયાત મુજબ એલ.પી.જી ફાળવણી ચાલુ રાખવામાં આવેલ છે. પરંતુ, એલ.પી.જીનો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી, નિયત ઉપયોગ સિવાય અન્ય ઉપયોગ તથા નિયત કરેલ કીંમત કરતા વધુ ભાવ વસૂલવો એ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-1955 તથા એલ.પી. જી કંટ્રોલ ઓડર-2000 મુજબ કાયદાકીય રીતે ગુનો બને છે. તથા આવી પ્રવૃતિ કરનાર સામે રાજ્ય સરકારના સક્ષમ અધિકારી દ્વારા ફોજદારી પગલા પણ લેવાની જોગવાઈ છે.

# "સેવાસેતુ 2.0 દ્વારા સરકારી સેવા તમારા દ્વારે - વાંઠવાળી ગામે લાભાર્થીઓને સહાયનું વિતરણ"

**નડિયાદ, તા.12**

મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામે આજે સેવાસેતુ ૨.૦ કાર્યક્રમ અંતર્ગત પ્રજાલક્ષી સરકારના અભિગમને સાકાર કરતાં વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવ્યો હતો. પ્રાથમિક શાળા, વાંઠવાળી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે ઉપસ્થિત રહીને કાર્યક્રમમાં સૌને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ વિવિધ વિભાગોના સ્ટોલની મુલાકાત લઈ યોજનાઓ અંગે માહિતી મેળવી તેમજ લાભાર્થીઓ સાથે સંવાદ કરી સરકારની યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે સૂચના આપી હતી. કાર્યક્રમ દરમિયાન તેમના હસ્તે વિવિધ યોજનાઓના



લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં વિધવા સહાય, વૃદ્ધ સહાય, અંત્યોદય રેશનકાર્ડ, પીએમ જય કાર્ડ, ST બસ પાસ તેમજ ખેતીવાડી વિભાગના લાભાર્થીઓને પ્રમાણપત્રો, કાર્ડ, પાસ અને કૃષિ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેવાસેતુ ૨.૦ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી અને પારદર્શક રીતે સીધો જ સામાન્ય નાગરિક સુધી પહોંચાડવાનો છે. આ કાર્યક્રમ દ્વારા સરકાર "સરકારી સેવા, તમારા દ્વારે" ના સંકલ્પને સકારાત્મક રીતે સાકાર કરી રહી છે. કાર્યક્રમમાં મહેમદાબાદ તાલુકાના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, મેડિકલ ઑફિસર, વિસ્તરણ અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સિટી સર્વે મહેમદાવાદ, સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પશ્ચિમ રેલવે અને એક્સિસ બેંક વચ્ચે સમજુતી કરાર (MoU)

## બે સ્વર્ગસ્થ રેલવે કર્મચારીઓના પરિજનોને ₹10-10 લાખની આર્થિક સહાય

**અમદાવાદ, તા.12**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ અને એક્સિસ બેંક વચ્ચે થયેલ સમજુતી કરાર (MoU) અંતર્ગત આજે તા. 12.03.2026ના રોજ મંડળ રેલ પ્રબંધક કચેરી ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે એક્સિસ બેંક દ્વારા બે સ્વર્ગસ્થ રેલવે કર્મચારીઓના આશ્રિત પરિવારજનોને 10-10 લાખની આર્થિક સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

આર્થિક સહાય: સ્વર્ગસ્થ કર્મચારી શ્રી મોહનલાલ મીના (TCM-I, ટેલિકોમ/મહેસાણા) તથા શ્રી મહેશકુમાર લિંબાચિયા (લોકો પાયલોટ, CTCC/ અમદાવાદ) ના કુદરતી અવસાન



બાદ તેમના પરિજનોને 10-10 લાખની સહાય રકમના ચેક મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશ, એક્સિસ બેંકના ડિરેક્ટર શ્રી ગુરવિંદરજીત સિંહ સંધુ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓની ગૌરવમય ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યા.

વીમા સુરક્ષા: વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થે જણાવ્યું કે આ MoU હેઠળ રેલવે કર્મચારીઓને આધુનિક બેંકિંગ સુવિધાઓ સાથે વ્યાપક વીમા લાભો પણ આપવામાં આવી રહ્યા છે.

MoU હેઠળ મળતા મુખ્ય લાભો: એક્સિસ બેંક અને અમદાવાદ મંડળ વચ્ચે થયેલ આ કરાર મુજબ કર્મચારીઓ માટે 'ઝીરો બેલેન્સ સેલેરી એકાઉન્ટ' ખોલવામાં આવે છે, જેમાં નીચે મુજબના સુરક્ષા કવર સામેલ છે: વ્યક્તિગત અકસ્માત વીમો: અકસ્માતમાં મૃત્યુ અથવા સંપૂર્ણ કાયમી અપંગતા થવા પર 100 લાખ સુધીનું કવર. કુદરતી મૃત્યુ કવર: 60 વર્ષની વય સુધી કુદરતી મૃત્યુની સ્થિતિમાં 10 લાખનું ગ્રુપ ટર્મ લાઈફ કવર. શૈક્ષણિક સહાય: અકસ્માત મૃત્યુના કેસમાં બાળકોના શિક્ષણ માટે 8 લાખ સુધીની સહાય. અપંગતા લાભ: આંશિક સ્થાયી અપંગતાની સ્થિતિમાં મૂળ કવરના 75% સુધીના લાભ.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, 'પશ્ચિમ રેલવે અને એક્સિસ બેંક વચ્ચે થયેલ આ સમજુતી અમારા રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારના ભવિષ્યને સુરક્ષિત બનાવવાના દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આથી કર્મચારીઓને ઉત્તમ બેંકિંગ સેવાઓ તો મળે જ છે, સાથે સાથે આકસ્મિક પરિસ્થિતિઓમાં તેમના પરિવારજનોને સામાજિક અને આર્થિક સુરક્ષા પણ સુનિશ્ચિત થાય છે.'

# ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો 'બોગસ ડોક્ટર' ઝડપાયો: આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરને સાથે રાખી SOGની ક્લિનિક પર રેડ

**વડોદરા, તા.12**

વડોદરા શહેરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ ડોક્ટરો વિરુદ્ધ પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ લાલ આંખ કરી છે. એસ.ઓ.જી.ની ટીમે ગાજરાવાડી વિસ્તારમાં રેડ કરી મેડિકલ ડિગ્રી વગર એલોપેથિક ક્લિનિક ચલાવતા એક શખ્સને મેડિકલ સાધનો અને દવાઓના જથ્થા સાથે દબોચી લીધો છે.

એસ.ઓ.જી. પી.આઈ. જે. આર. ગામીતના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી, તે



દરમિયાન એ.એસ.આઈ. જયેન્દ્રસિંહ ભીમસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, ગાજરાવાડીના શિવનગર મહોલ્લામાં આવેલ 'સ્વસ્તિક ક્લિનિક'માં ધવલ ભરતભાઇ કવાડ નામનો શખ્સ કોઈપણ માન્ય ડિગ્રી વગર એલોપેથિક પ્રેક્ટિસ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરને સાથે રાખી ક્લિનિક પર દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન સામે આવ્યું કે, મૂળ ભાવનગરના મહુવાનો વતની ધવલ કવાડ છેલ્લા 7 મહિનાથી આ વિસ્તારમાં ગેરકાયદેસર ક્લિનિક ચલાવી દર્દીઓને એન્ટિબાયોટિક અને સ્ટીરોઈડ જેવી દવાઓ આપી તેમના જીવ જોખમમાં મૂકી રહ્યો હતો. તેની પાસે ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક કે યુનાની સિસ્ટમ્સનું કોઈ રજિસ્ટ્રેશન કે મેડિકલ ડિગ્રી મળી આવી ન હતી. ઝડપાયેલા આરોપી ધવલ કવાડ વિરુદ્ધ ભારતીય નાગરિક ન્યાય સંહિતાની કલમ 125 તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ-1963ની કલમ 30 અને 33 મુજબ પાણીગેટ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસે ક્લિનિકમાંથી વિવિધ મેડિકલ સાધનો અને દવાઓ સહિત કુલ રૂ. 30,170ની મત્તા જપ્ત કરી છે, સ્ટીરોઈડ, એન્ટિબાયોટિક અને પેઈન કિલર દવાઓ તથા સિરપ, ઈન્જેક્શન અને ગ્લુકોઝની બોટલો અને બીપી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, નેબ્યુલાઈઝર અને સ્ટેથોસ્કોપ, UPI સ્કેનર મશીન અને મોબાઈલ ફોન જપ્ત કર્યા છે.

# ખેડા જિલ્લામાં ડોમેસ્ટિક એલપીજી ગેસનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ

### જિલ્લાના નાગરિકોએ એલપીજી ગેસના જથ્થા બાબતે કોઈપણ પ્રકારની ભ્રામક માહિતીથી ગભરાવું નહીં: જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અક્ષય પારગી

**નડિયાદ, તા.12**

ખેડા જિલ્લામાં વર્તમાન સ્થિતિએ એલપીજી ગેસ વિતરણ વ્યવસ્થા અને સ્ટોક વિશે માહિતી આપતા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અક્ષય પારગીએ જણાવ્યું કે જિલ્લામાં ડોમેસ્ટિક એલપીજી ગેસનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. જિલ્લાના નાગરિકોએ આ બાબતે કોઈપણ પ્રકારની ભ્રામક માહિતીથી ગભરાવાની જરૂર નથી.

આ વિષયે ખેડા જિલ્લાના ગેસ વિતરક ધારકો સાથે બેઠક યોજવામાં આવી છે અને જરૂરી સમીક્ષા કરવામાં આવી છે. શ્રી અક્ષય પારગીએ ઉમેર્યું હતું કે કોમર્શિયલ એલપીજી વિતરણ બાબતે શાળા સંકુલો અને હોસ્પિટલને પ્રાથમિકતા આપવામાં આવશે. વધુમાં, ગ્રાહકોને ગેસ બુકિંગ પ્રક્રિયામાં એક વાર બુકિંગ કર્યા બાદ ૨૫ દિવસના સમયગાળા પછી જ ફરી વાર ગેસ બુક થઈ શકશે. વધુમાં, ઓનલાઈન ગેસ બુકિંગમાં આવી રહેલી સમસ્યાને સત્વરે દૂર કરી આ પ્રક્રિયાને પુન: કાર્યાન્વિત કરવામાં આવશે.

નોંધનીય છે કે હાલ ખેડા જિલ્લામાં ૨,૦૧,૫૪૩ ઉજ્વલા કનેક્શન, ૧,૬૨,૩૪૫ સામાન્ય કનેક્શન એમ ડોમેસ્ટિકના કુલ ૩,૬૩,૮૮૮ કનેક્શન છે અને કોમર્શિયલ માટે ૧૮૫૬ ગેસ કનેક્શન કાર્યરત છે.

# શું ધોનીએ યુવરાજ સિંહને ટીમ ઈન્ડિયાથી બહાર કઢાવ્યો? પૂર્વ સિલેક્ટરે કર્યો ખુલાસો



**નવી દિલ્હી, તા.12**

પૂર્વ ભારતીય ક્રિકેટર યોગરાજ સિંહ ઘણી વાર આરોપ લગાવી ચૂક્યા છે કે, 'મહેન્દ્ર સિંહ ધોનીના કારણે મારા દીકરા યુવરાજ સિંહનું ઈન્ટરનેશનલ કરિયર જલ્દી ખતમ થઈ ગયું. મારા દીકરા સાથે જે થયુ તેના માટે હું ધોનીને ક્યારેય માફ નહીં કરું.'

પરંતુ હવે આ વિવાદ પર પૂર્વ ચીફ સિલેક્ટર સંદીપ પાટિલે અલગ જ સત્ય જણાવ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ટીમ સિલેક્શન દરમિયાન ધોનીએ ક્યારેય પણ યુવરાજ સિંહને ટીમમાંથી બહાર કરવાની વાત નથી કરી.

એક યુટ્યુબ શોમાં વાતચીત દરમિયાન સંદીપ પાટીલે કહ્યું કે હું રેકોર્ડ પર આ વાત કહી રહ્યો છું કે, ભલે સિલેક્શન બેઠક હોય, વિદેશ પ્રવાસ હોય કે મેચ દરમિયાન ચર્ચા હોય, ધોનીએ ક્યારેય યુવરાજ સિંહને ટીમમાંથી હટાવવા નથી રહ્યું. પાટીલના મતે ધોનીને સિલેક્શન કમિટી પર સંપૂર્ણ વિશ્વાસ હતો અને તેણે ક્યારેય સિલેક્શન પ્રક્રિયામાં દખલ નહોતી કરી. ટીમમાં કોને સામેલ કરવામાં આવશે અને કોને નહીં તે નિર્ણય હંમેશા સિલેક્શન કમિટી જ કરતી હતી.

સંદીપ પાટીલે એ પણ સ્વીકાર્યું કે એક પિતા તરીકે યોગરાજ સિંહનું પોતાના દીકરા માટે ભાવુક થવું એ ખોટું નહોતું. પરંતુ તેમણે સ્પષ્ટ કહ્યું કે, યુવરાજ સિંહને ટીમમાંથી બહાર કરવા માટે ધોનીને જવાબદાર ઠેરવવો એ યોગ્ય નથી.

યોગરાજ સિંહ વર્ષોથી ધોની પ્રત્યે જાહેરમાં નારાજગી વ્યક્ત કરતા આવ્યા છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે, 'હું ધોનીને ક્યારેય માફ નહીં કરું. યુવરાજ સિંહ હજુ ચાર કે પાંચ વર્ષ વધુ ઈન્ટરનેશનલ ક્રિકેટ રમી શક્યા હોત. મારા દીકરા સાથે અન્યાય થયો હતો.'

યુવરાજ સિંહને ભારતીય ક્રિકેટના મહાન મેચ વિજેતાઓમાંથી એક ગણવામાં આવે છે. તેમણે 2007ના T20 વર્લ્ડ કપ અને 2011ના વનડે વર્લ્ડ કપમાં ભારતને જીતાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. 2011ના વર્લ્ડ કપમાં યુવરાજ સિંહને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તે સમયે તેઓ ફેફસાના કેન્સર સામે લડી રહ્યા હતા, પરંતુ સારવાર બાદ તેણે મેદાનમાં વાપસી કરી હતી.

સંદીપ પાટિલનું કહેવું છે કે, ટીમ સંબંધિત દરેક મોટો નિર્ણય સિલેક્શન સમિતિ દ્વારા લેવામાં આવતો હતો. ધોનીએ ક્યારેય કોઈ ખેલાડીને બહાર કરવા માટે દબાણ નથી કર્યું. આનો અર્થ એ થયો કે સિલેક્શન સમિતિના યુવરાજ સિંહને પડતો મૂકવાના નિર્ણયમાં ધોનીની કોઈ ભૂમિકા નહોતી.

# ટીમમાંથી ડ્રોપ થયા બાદ લાલચોળ થયો હતો અક્ષર પટેલ, સૂર્યાએ ભૂલ સ્વીકારી માફી માંગી: રિપોર્ટ

**નવી દિલ્હી, તા.12**



ભારતીય ટીમે ઈતિહાસમાં ત્રીજી વખત અને સતત બીજી વખત ટી-20 વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો છે. જોકે, આ સફર એટલી સરળ નહોતી. ખાસ કરીને સુપર-8માં દક્ષિણ આફ્રિકા સામે મળેલી 76 રનની કારમી હાર બાદ ટીમ ઈન્ડિયા પર બહાર થવાનું જોખમ તોળાઈ રહ્યું હતું. આ મેચમાં વાઈસ કેપ્ટન અક્ષર પટેલને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવાના નિર્ણય પર હવે કેપ્ટન સૂર્યકુમાર યાદવે મોટો ખુલાસો કર્યો છે.

અમદાવાદમાં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં ભારતે રણનીતિક નિર્ણય લેતા અક્ષર પટેલના સ્થાને વોશિંગ્ટન સુંદરને ટીમમાં સામેલ કર્યો હતો. દક્ષિણ આફ્રિકાની ટીમમાં ડાબોડી બેટર્સની સંખ્યા વધુ હોવાથી મેનેજમેન્ટે સુંદરને પ્રાધાન્ય આપ્યું હતું. જોકે, આ દાવ ઊંધો પડ્યો અને ભારતને મોટીહારનો સામનો કરવો પડ્યો. આ નિર્ણયથી અક્ષર પટેલ બિલકુલ ખુશ નહોતો.

એક અખબાર સાથેની વાતચીતમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્વીકાર્યું કે, અક્ષર પટેલને બહાર રાખવો કદાચ ખોટો નિર્ણય હતો. સૂર્યાએ કહ્યું, 'અક્ષર ખૂબ જ ગુસ્સામાં હતો અને તેનું ગુસ્સે થવું વ્યાજબી પણ હતું. તે એક અનુભવી ખેલાડી છે અને આઈપીએલમાં ફ્રેન્ચાઈઝીનું નેતૃત્વ કરે છે. મેં તેની માફી માંગી હતી. મેં તેને કહ્યું કે આ મારી ભૂલ હતી અને હું દિલગીર છું, પરંતુ આ નિર્ણય ટીમ માટે લેવામાં આવ્યો હતો.'

સૂર્યાએ દક્ષિણ આફ્રિકા સામેની હારને ટૂર્નામેન્ટનો ટર્નિંગ પોઈન્ટ ગણાવતા કહ્યું કે, આ હારને કારણે અમારી આંખો ઉઘડી હતી. અને ટીમને વધુ મજબૂત બનાવી.હાર બાદ અમારી પાસે પાછા વળવાનો કોઈ વિકલ્પ નહોતો. ઝિમ્બાબ્વે સામેની મેચ અમારા માટે પ્રી-ક્વાર્ટર ફાઈનલ જેવી બની ગઈ હતી. અમે ત્યારબાદની દરેક મેચ નોકઆઉટની જેમ જ રમ્યા હતા.

દક્ષિણ આફ્રિકા સામેના ઝટકા બાદ ભારતે જોરદાર વાપસી કરી હતી. સુપર-8ની બાકીની મેચો જીત્યા બાદ સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડ અને ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ભારત સતત બે ટી-20 વર્લ્ડ કપ જીતનારી વિશ્વની પ્રથમ ટીમ બની ગઈ છે.

# 'અર્શદીપે માફી માગવાની જરૂર નહોતી..', ડેરિલ મિચેલ સાથેના વિવાદમાં ગંભીરે પણ ઝંપલાવ્યું

**નવી દિલ્હી, તા.12**



ભારતીય ક્રિકેટ ટીમે T20 વર્લ્ડ કપ 2026ના ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને 96 રને હરાવીને સતત બીજી વાર વિશ્વ વિજેતા બનીને ઈતિહાસ રચી દીધો છે. સમગ્ર ટૂર્નામેન્ટમાં ભારતનું પ્રદર્શન દબદબાભર્યું રહ્યું હતું, પરંતુ ફાઈનલ મેચ દરમિયાન ભારતીય બોલર અર્શદીપ સિંહ અને ન્યૂઝીલેન્ડના બેટર ડેરીલ મિશેલ વચ્ચે થયેલી એક ઘટનાએ મેદાન પર ગરમાવો લાવી દીધો હતો. ન્યૂઝીલેન્ડની ઈનિંગની 11મી ઓવરમાં મિશેલે સતત બે છગ્ગા ફટકાર્યા બાદ, અર્શદીપે વળતો જવાબ આપતા રન આઉટ કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં બોલ મિશેલને વાગતા બંને ખેલાડીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે, કેપ્ટન સૂર્યકુમાર યાદવે તરત જ વચ્ચે પડીને મામલો થાળે પાડ્યો હતો.

મેચ પૂરી થયા બાદ અર્શદીપ સિંહે સ્પષ્ટતા કરી હતી કે તેણે જાણી જોઈને બોલ માર્યો નહોતો અને ડેરીલ મિશેલની માફી પણ માંગી હતી. જોકે, ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર આ વાત સાથે સહમત નથી. ગૌતમ ગંભીરે એક પોડકાસ્ટમાં જણાવ્યું હતું કે, 'આ બધું બરાબર છે. તમે તમારા દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છો, એટલે તમારામાં આક્રમકતા હોય એ તો સ્વાભાવિક છે. જો તમે વળતો જવાબ આપો છો કે થ્રો કરો છો, તો એમાં ખોટું શું છે? કોઈપણ બોલરને સતત બે છગ્ગા ખાવા ગમતા નથી અને હું મારા ખેલાડીઓ પાસેથી આવા જ રિસ્પોન્સની આશા રાખું છું. એમાં કંઈ પણ ખોટું નથી. જો તેણે સોરી ન પણ કહ્યું હોત, તો પણ મને કોઈ વાંધો નહોતો. તેને માફી માગવાની કોઈ જરૂર નથી.'

આ અગે ગંભીરે વધુમાં કહ્યું કે, 'હા, એ સારી વાત છે કે તેણે માફી માગી, પણ ક્રિકેટના મેદાન પર કોઈ દોસ્ત કે દુશ્મન નથી હોતું. તમારું કામ તમારા દેશને રિપ્રેઝન્ટ કરવાનું અને દેશ માટે જીતવાનું છે. આવી ઘટનાઓ પહેલા પણ થતી હતી, પરંતુ સોશિયલ મીડિયાના આવી નાની ઘટનાઓને ખૂબ મોટી બનાવવામાં આવે છે, જેની મને લાગે છે કે કોઈ જરૂર નથી.'

# રાહુલ દ્રવિડને 'લાઈફટાઈમ અચિવમેન્ટ' એવોર્ડ આપશે BCCI, શુભમન ગિલનું પણ કરાશે સન્માન!

**નવી દિલ્હી, તા.12**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા આગામી 15 માર્ચના રોજ દિલ્હીમાં પ્રતિષ્ઠિત વાર્ષિક 'નમન એવોર્ડ્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં ભારતીય ક્રિકેટના દિગ્ગજ બેટર અને પૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડને સર્વોચ્ચ સન્માન 'કર્નલ સીકે નાયડુ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ'થી નવાજવામાં આવશે. 53 વર્ષીય રાહુલ દ્રવિડની સફર ભારતીય ક્રિકેટ માટે પ્રેરણારૂપ રહી છે. 'ધ વોલ'નું બિરુદ ધરાવતા દ્રવિડ સચિન તેંડુલકર, સૌરવ ગાંગુલી અને વીવીએસ લક્ષ્મણની 'બિગ ફોર' બેટિંગ લાઈન-અપના અભિન્ન અંગ છે. ભારતને વિદેશની ધરતી પર જીતતા શીખવ્યું હતું. ટેસ્ટ અને વનડેમાં 10,000 થી વધુ રન બનાવનાર દ્રવિડ તેમની પેઢીના સૌથી શ્રેષ્ઠ બેટર્સમાંના એક ગણાય છે. કોચ તરીકે તેમણે 2018 માં અંડર-19 વર્લ્ડ કપ જીતાડ્યો હતો. ત્યારબાદ 2021 માં સીનિયર ટીમના હેડ કોચ બન્યા. તેમના માર્ગદર્શન હેઠળ ભારત 2023 વનડે વર્લ્ડ કપમાં રનર્સ-અપ રહ્યું અને 2024 T20 વર્લ્ડ કપનો ખિતાબ જીતીને આઈસીસી ટ્રોફીનો દુષ્કાળ ખતમ કર્યો. નોંધનીય છે કે ભારતે ત્યારબાદ ચેમ્પિયન્સ ટ્રોફી અને T20 વર્લ્ડ કપ 2026 માં પણ જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે. ક્રિકેટર ઓફ ધ યર: વર્તમાન સમયના સ્ટાર બેટર શુભમન ગિલને તેના શાનદાર પ્રદર્શન બદલ 'ક્રિકેટર ઓફ ધ યર'નો



એવોર્ડ મળશે.

બેસ્ટ ઓલરાઉન્ડર: મુંબઈના યુવા ખેલાડી આયુષ મ્હાત્રેને ઘરેલું લિમિટેડ ઓવર ક્રિકેટમાં તેના દમદાર દેખાવ માટે 'લાલા અમરનાથ એવોર્ડ' આપવામાં આવશે.

શ્રેષ્ઠ એસોસિએશન: ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન બદલ મુંબઈ ક્રિકેટ એસોસિએશનને (MCA) શ્રેષ્ઠ ક્રિકેટ એસોસિએશન તરીકે સન્માનિત કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, BCCI ભારતની પૂર્વ મહિલા કેપ્ટન મિતાલી રાજને પણ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપવા પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે, જે મહિલા ક્રિકેટ માટે ગર્વની વાત હશે.


કર્નલ સીકે નાયડુ (કોટ્ટારી કનકૈયા નાયડુ) ભારતીય ક્રિકેટના પિતામહ અને પ્રથમ ટેસ્ટ કેપ્ટન હતા. વર્ષ 1932માં લોર્ડ્સ ખાતે ભારતની પ્રથમ ટેસ્ટમાં તેમણે ટીમનું નેતૃત્વ કર્યું હતું. હોલકરના મહારાજાએ તેમને લશ્કરમાં 'કર્નલ'નો હોદ્દો આપ્યો હતો, જે તેમની ઓળખ બની ગયો. તેઓ વિસ્ફોટક બેટિંગ અને લાંબી સિક્સર મારવા માટે જાણીતા હતા. આશ્ચર્યજનક રીતે, તેમણે 68 વર્ષની ઉંમર સુધી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમીને રેકોર્ડ સર્જ્યો હતો. ભારત સરકારે તેમને 1956માં પદ્મભૂષણથી નવાજ્યા હતા.

# કોવિડ પછી પહેલી વખત યૂએઈ-ગલ્ફ દેશોમાં ઈદ પર કોઈ બોલિવૂડ રિલીઝ નહીં

## ધુરંધર અને બોર્ડર 2 પર પ્રતિબંધ, રાજાસાબના ધબડકા અને ટોક્સિક -જન નાયગન પાછી ઠેલાતાં 15 મિલિયન ડોલરનું નુકસાન

**મુંબઈ, તા.12**

ઈદ દુનિયાભરમાં ખાસ કરીને યુનાઈટેડ આરબ અમીરાત અને ગલ્ફ પ્રદેશો માટે ખુબ જ મહત્વનો તહેવાર છે. આ તહેવાર સાથે મોટી ફિલ્મ રિલીઝ પણ જોડાયેલી રહે છે, ખાસ કરીને બોલિવૂડ ફિલ્મો, જે આ વિસ્તારમાં સામાન્ય રીતે ખુબ સારું પ્રદર્શન કરે છે. પરંતુ છેલ્લા છ વર્ષમાં પહેલીવાર એવી સ્થિતિ ઉભી થઈ છે કે ઈદના તહેવાર પર આ દેશોમાં કોઈ હિન્દી ફિલ્મ રિલીઝ નહીં થાય. છેલ્લી વખત આવી સ્થિતિ 2020માં કોવિડ પેન્ડેમિક દરમિયાન જોવા મળી હતી. આ વર્ષની સૌથી મોટી બોલિવુડ ઈદ રિલીઝ 'ધુરંધર: ધ રિવેન્જ' ફિલ્મને માનવામાં આવે છે, પરંતુ પહેલી ફિલ્મની જેમ આ સિક્વલને પણ ગલ્ફ દેશોમાં રિલીઝ કરવાની મંજૂરી મળવાની શક્યતા ઓછી છે. બીજી તરફ, 'ટોક્સિક' ફિલ્મ પણ 'ધુરંધર' સાથે રિલીઝ થવાની હતી, પરંતુ ઈરાન-અમેરિકા તણાવને કારણે તેની રિલીઝ 4 જૂન સુધી મુલતવી રાખવામાં આવી છે.



આ અંગે ઈન્ડસ્ટ્રીના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર છેલ્લા છ મહિનાથી મધ્યપૂર્વમાં ભારતીય ફિલ્મોની બોક્સ ઓફિસ આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તાજેતરમાં બોક્સ ઓફિસ પર સફળ રહેલી 'બોર્ડર 2' અને 'ધુરંધર'નો પહેલો ભાગ પણ ગલ્ફ દેશોમાં રિલીઝ થયા નહોતા. જ્યારે છેલ્લે રિલીઝ થયેલી સાઉથની ફિલ્મોએ પણ અહીં ખાસ પ્રદર્શન કર્યું નથી, માત્ર 'કાંતારા: અ લેજન્ડ ચેપ્ટર - 1'એ આશરે 4 મિલિયન ડોલરની કમાણી કરી હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીને 'ટોક્સિક' અને વિજય થલપથીની છેલ્લી ફિલ્મ 'જના નાયગન' પાસેથી ઘણી આશા હતી, પરંતુ રાજકીય કારણોસર 'જના નાયગન'ની રિલીઝ અનિશ્ચિત સમય સુધી માટે મુલતવી રાખવામાં આવી છે.

આ દરમિયાન 'ધ રાજાસાબ' ફિલ્મે ગલ્ફ દેશોમાં માત્ર 0.45 મિલિયન ડોલરની ઘણી ઓછી કમાણી કરી શકી. 'કાંતારા' પછી ભારતીય ફિલ્મોમાંથી માત્ર બે ફિલ્મો 'સર્વમ માયા' અને 'એકૉ'એ સન્માનજનક કમાણી કરી હતી. આ ફિલ્મોએ યુએઈમાં અનુક્રમે 2.6 મિલિયન અને 1.2 મિલિયન ડોલરની કમાણી કરી હતી.

પરંતુ આ આંકડા 2025ની ઈદ પર આવેલી 'L2 એમ્પુરાન'ના આંકડાથી ખુબ ઓછા છે, જેણે માત્ર યૂએઈમાંથી જ 6.3 મિલિયન ડોલર કમાયા હતા. એ જ રીતે 'લોકાહ: ચેપ્ટર 1 - ચંદ્રા', 'સૈયારા' અને 'કૂલી' ફિલ્મોએ ગલ્ફ વિસ્તારમાં અનુક્રમે 8.5 મિલિયન, 5.9 મિલિયન અને 4.4 મિલિયન ડોલરની કમાણી કરી હતી. જો 'ધુરંધર'નો પહેલો ભાગ ગલ્ફમાં રિલીઝ થયો હોત, તો તે 5-6 મિલિયન ડોલર સુધી કમાણી કરી શક્યો હોત. ઈન્ડસ્ટ્રીના એક સુત્રે જણાવ્યું, "ધુરંધર: ધ રિવેન્જ વધુ મોટી ફિલ્મ હોવાથી તે ગલ્ફ વિસ્તારમાં લગભગ 7-8 મિલિયન ડોલર સુધી કમાણી કરી શકતી હતી."

ટ્રેડ વિશ્લેષક તરણ આદર્શે કહ્યું, "યૂએઈ અને ગલ્ફ દેશો વિદેશી બોક્સ ઓફિસમાં મોટો ફાળો આપી શકે છે. ફિલ્મ પ્રમાણે આ આંકડો બદલાય છે. મલ્ટિપ્લેક્સ અને નવા સ્ક્રીન વધતા બજારને ઘણો વેગ મળ્યો છે. સાથે સાથે ફિલ્મોની ગુણવત્તા પણ સુધરી. અહીં ભારતીય, બાંગ્લાદેશી, પાકિસ્તાની અને શ્રીલંકન પ્રેક્ષકો મોટી સંખ્યામાં આપણી ફિલ્મો જોતાં થયાં છે. અરબ દર્શકો પણ ભારતીય ફિલ્મો પસંદ કરે છે." ટ્રેડ એનાલિસ્ટ અતુલ મોહને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, "મધ્યપૂર્વમાં ઈદ ખૂબ મોટો તહેવાર છે અને દુ:ખની વાત એ છે કે આ વખતે ત્યાં કોઈ મોટી ભારતીય ફિલ્મ રિલીઝ થવાની નથી. આ ગલ્ફ બોક્સ ઓફિસ માટે મોટો ઝટકો છે." ફિલ્મ પ્રોડક્શન અને ડિસ્ટ્રિબ્યુશન કંપની કર્મિક ફિલ્મ્સના સહ-સ્થાપક સુનિલ વધવા માને છે, "સમગ્ર ગલ્ફ વિસ્તારમાં હાલ પરિસ્થિતિ સારી નથી. દક્ષિણ ભારતીય ફિલ્મો માટે વિદેશી આવકમાં લગભગ 40% ફાળો આ વિસ્તારથી મળે છે.'જવાન'ની વૈશ્વિક કમાણીમાં લગભગ 35-36% ફાળો ગલ્ફ વિસ્તારમાંથી આવ્યો હતો. 'પુષ્પા 2' માટે આ આંકડો લગભગ 32% હતો, જ્યારે 'એનિમલ' માટે લગભગ 30% હતો. સામાન્ય રીતે કુલ ફાળો 15-18% વચ્ચે રહે છે." જ્યારે ગિરીશ જોહરે કહ્યું, "સામાન્ય રીતે વર્ષોથી આપણી ફિલ્મો કુલ બોક્સ ઓફિસના લગભગ 30-35% સુધી ફાળો આપે છે." જોકે આવનારા દિવસોમાં અક્ષય કુમારની 'ભૂત બંગલા' લગભગ એક મહિનામાં, 10 એપ્રિલે રિલીઝ થવાની છે. તેને સૌથી મોટો લાભ મળી શકે છે. આ એક મનોરંજક ફિલ્મ લાગે છે અને તેને સફળ થવાની સંભાવના છે. 'ઉસ્તાદ ભગત સિંહ' અને 'દ્રશ્યમ 3' પણ સારો બિઝનેસ કરી શકે છે." 'ઉસ્તાદ ભગત સિંહ' પવન કલ્યાણની તેલુગુ ફિલ્મ છે, જે 19 માર્ચે રિલીઝ થવાની છે, જ્યારે મોહનલાલની 'દ્રશ્યમ 3' વિશ્વભરમાં 2 એપ્રિલે રિલીઝ થવાની તૈયારીમાં છે. પરંતુ વિસ્તારમાં તણાવ યથાવત રહેતાં આમાંથી કોઈ ફિલ્મ પણ પાછી ઠેલાઈ શકે છે.

# રશ્મિકા મંધાનાનાં મહેંદી લૂક પર છેડાયો વિવાદ

## ઓઢણીમાં લક્ષ્મી માતાની છબીના વિવાદમાં સોશિયલ મીડિયા પર લોકો બે જૂથમાં વહેંચાયાં



મુંબઈ, તા.12 : રશ્મિકા મંધાના અને વિજય દેવરકોંડાનાં લગ્નના દરેક લૂક ચર્ચામાં રહ્યાં છે અને તેના ભરપુર વખાણ થયાં છે. સમયાંતરે રશ્મિકા અને વિજય તેમનાં લગ્નની વિવિધ સેરેમનીના ફોટો શેર કરતાં રહ્યાં છે. હવે તેમણે સોશિયલ મીડિયા પર તેમની મહેંદી સેરેમનીની તસવીરો શેર કરી હતી. ઘણા ચાહકોને તેમનો આ લૂક ખુબ પસંદ આવ્યો, પરંતુ સોશિયલ મીડિયામાં કેટલાક યુઝર્સે તેમના આઉટફિટને લઈને ટીકા પણ કરી છે. એક તરફ રશ્મિકાની મહેંદીમાં ઓમ, શક્તિ, સ્વસ્તિક, ચંદ્ર સહિત શક્તિ અને શિવ લખેલું દેખાય છે અને તેણે ઘણી બારીક અને ઓછી પરંતુ અર્થસભર મહેંદી મુકી હતી. વિજય અને રશ્મિકાના આ વિધીના કપડાં ખાસ કરણ તોરાની દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યાં હતાં. આ બંને કલરફુલ કપડામાં રોયલ તો દેખાતા હતાં પણ રશ્મિકાની ઓઢણીમાં રહેલાં લક્ષ્મીજીના ચિત્રએ વિવાદ સર્જ્યો છે. કેટલાક લોકોએ દેવતાની છબી કપડાં પર ઉપયોગ કરવાને અયોગ્ય ગણાવીને અસંતોષ વ્યક્ત કર્યો છે. કેટલાક યુઝર્સે તેમના વસ્ત્રની પસંદગી પર સવાલ ઉઠાવ્યા છે. એક યુઝરે લખ્યું, "ભગવાન અને દેવીને તમારા આઉટફિટ માટે ઉપયોગ કરવો યોગ્ય નથી... આ સૌથી ખરાબ આઉટફિટમાંથી એક છે." એક અન્ય યુઝરે લખ્યું, "આઉટફિટનો કલર પેલેટ અને ડિઝાઈન સુંદર છે, પરંતુ લક્ષ્મી માતાની છબી આગળના ભાગમાં ઊંચી જગ્યાએ રાખવી જોઈએ હતી અને પાછળનો ભાગ ટાળવો જોઈએ હતો. દેવતા માટે આ સન્માનની નિશાની બની રહે." પરંતુ બીજી તરફ રશ્મિકાના ચાહકો તેનાં સમર્થનમાં આવી ગયાં અને ટીકા કરનારાઓને જવાબ આપ્યો. એક ચાહકે લખ્યું, "મને ખબર નહોતી કે રશ્મિકાની ફેશન સેન્સ આટલી સરસ છે, આ બધા લુક ખરેખર અદ્‌ભુત છે."

# 'શક્તિ શાલિની' પછી મધુબાલાની બાયોપિકમાં પણ અનીતે કિયારાને રિપ્લેસ કર્યાની ચર્ચા

## નેટીઝન્સની ઈચ્છા આ રોલમાં અનીત કરતાં વધુ તૃપ્તિ ડિમરીને જોવાની છે



**મુંબઈ, તા.12**

સૈયારા ફિલ્મ રિલીઝ થયા બાદ અહાન પાંડે અને અનીત પડ્ડા રાતોરાત ચર્ચામાં આવી ગયા હતા. તેમની આગામી ફિલ્મોની આતુરતાથી રાહ જોવાય છે, ત્યારે. અહાન પાંડે પોતાના આગામી પ્રોજેક્ટ માટે દિગ્દર્શક અલી અબ્બાસ ઝફર સાથે કામ કરી રહ્યો છે અને અનીત પડ્ડા મેડોક હોરર કોમેડી યુનિવર્સની આગામી ફિલ્મ શક્તિ શાલિનીમાં લીડ રોલ કરી રહી છે. આ પહેલા આ ફિલ્મ માટે કિયારા અડવાણીનું નામ ચર્ચામાં હતું.

હવે તાજેતરની ચર્ચાઓ મુજબ અનીત પડ્ડાને વધુ એક પ્રોજેક્ટ મળ્યો હોવાના અહેવાલો છે, ભારતીય સિનેમાની દંતકથા અભિનેત્રી મધુબાલાના જીવન પર આધારિત બાયોપિક. આ ફિલ્મમાં પણ પહેલાં કિઆરાના નામની ચર્ચા હતી.

છેલ્લા કેટલાક અઠવાડિયાઓથી કિયારા અડવાણી ને મધુબાલાની બાયોપિકમાં કાસ્ટ કરવામાં આવશે એવી ચર્ચાઓ ચાલી રહી હતી. આ ફિલ્મનું ડિરેક્શનજસ્મીત કે. રીન કરશે, જેમણે અગાઉ 'ડાર્લિંગ્સ'નું ડિરેક્શન કર્યું હતું. સાથે જ એવી પણ વાત સામે આવી હતી કે જાણીતા ફિલ્મમેકર સંજય લીલા ભન્સાલી પણ આ પ્રોજેક્ટ સાથે જોડાવાના છે.

હવે નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો કે સૈયારા ફિલ્મની એક્ટ્રેસ અનીત પડ્ડાને મધુબાલાની બાયોપિક માટે સાઈન કરવામાં આવી છે અને તે ટૂંક સમયમાં શૂટિંગ શરૂ કરી શકે છે. અહેવાલ મુજબ નિર્માતાઓ ટૂંક સમયમાં કાસ્ટિંગ અંગે સત્તાવાર જાહેરાત કરી શકે છે.

જોકે, સોશિયલ મીડિયા પર ચાહકોની વિવિધ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક નેટિઝન્સને લાગે છે કે મધુબાલાની ભૂમિકામાં અનીત યોગ્ય પસંદગી છે. એક ચાહકે લખ્યું, "કિયારા કરતાં ઘણી સારી પસંદગી." જ્યારે બીજા એકે કહ્યું, "પરફેક્ટ પસંદગી. તે અભિનય કરી શકે છે અને દેખાવમાં પણ થોડો સામ્ય છે."

પરંતુ કેટલાક લોકો માને છે કે આ કાસ્ટિંગ યોગ્ય નથી. એક કમેન્ટમાં લખાયું, "ખૂબ જ ખરાબ કાસ્ટિંગ, તે દેખાવમાં મધુબાલા જેવી બિલકુલ દેખાતી નથી." આ સાથે સોશિયલ મીડિયા પર ઘણા ચાહકો માને છે કે મધુબાલાની બાયોપિક માટે તૃપ્તિ ડિમરી વધુ યોગ્ય પસંદગી બની શકે. ચાહકોને લાગેલ છે કે,"તૃપ્તિ પોતાની આંખોના અભિનયથી પણ દ્રશ્યને જીવંત બનાવી શકે છે. મધુબાલાનું પાત્ર નિભાવવા માટે આંખોથી અભિનય કરવાની ક્ષમતા ખૂબ જરૂરી છે. મધુબાલાના અભિનયમાં આંખોમાં દેખાતી પીડા, આનંદ અને લાગણીઓ મહત્વપૂર્ણ હતાં."

# સેન્સેક્સ 829 પોઈન્ટ ઘટીને 76,034 પર બંધ: નિફ્ટી પણ 228 પોઈન્ટ તુટ્યો, ઓટો અને બેંકિંગ શેર વેચલાવી રહી...

**મુંબઈ, તા.12**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન તણાવને કારણે, 12 માર્ચે શેરબજારમાં સતત ઘટાડાનો સામનો કરવો પડ્યો. સેન્સેક્સ 829 પોઈન્ટ (1.08%) ઘટીને 76,034 પર બંધ થયો.



નિફ્ટી પણ 228 પોઈન્ટ (0.95%) ઘટીને 23,639 પર બંધ થયો. આજે ઓટો, એફએમસીજી, રિયલ્ટી અને બેંકિંગ શેરોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો.

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધથી સપ્લાય ચેઈન ખોરવાઈ જવાનો ભય. ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી ભારતનું ઈમ્પોર્ટ બિલ અને મોંઘવારી વધશે. અમેરિકા અને એશિયન બજારોમાં ઘટાડાની અસર ભારત પર.

ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ વધી રહ્યા છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ લગભગ 9% વધીને $101 પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. આ દરમિયાન, યુએસ ક્રૂડ ઓઈલ, WTI પણ $95 પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. અગાઉ, ગઈકાલે આ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો હતો. 9 માર્ચે, બ્રેન્ટ ક્રૂડ ઓઈલ $116 પર પહોંચી ગયું હતું.

સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 1.30% ઘટીને 5,537 પર કારોબાર કરી રહ્યો છે. જાપાનનો નિક્કેઈ 848 પોઈન્ટ અથવા 1.50% ઘટીને 54,177 પર કારોબાર કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 344 પોઈન્ટ અથવા 1.30% ઘટીને 25,554 પર કારોબાર કરી રહ્યો છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 26 પોઈન્ટ અથવા 0.64% વધીને 4,106 પર કારોબાર કરી રહ્યો છે.

ડાઉ જોન્સ 289 પોઈન્ટ (0.61%) ઘટીને 47,417 ના સ્તરે બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.08% વધીને 22,716 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 6 પોઈન્ટ (0.08%) ઘટીને 6,775 પર બંધ થયો.

વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 6,267 કરોડના શેર વેચ્યા. સ્થાનિક રોકાણકારો (DIIs) એ 4,965 કરોડની નેટ ખરીદી કરી.

માર્ચ મહિનામાં વિદેશી રોકાણકારોએ અત્યાર સુધીમાં 39,116 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ સમયગાળા દરમિયાન 53,099 કરોડની નેટ ખરીદી કરી છે.

ફેબ્રુઆરી મહિનામાં વિદેશી રોકાણકારોએ 6,640 કરોડના શેર વેચ્યા છે. જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ સમયગાળા દરમિયાન 38,423 કરોડની નેટ ખરીદી કરી હતી.

આ પહેલા ગઈકાલે એટલે કે 11 માર્ચે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1342 પોઈન્ટ (1.72%)ના ઘટાડા સાથે 76,864ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ 395 પોઈન્ટ (1.63%)નો ઘટાડો જોવા મળ્યો, તે 23,867 પર બંધ થયો હતો.

# દેશમાં LPGની અછત, ઇન્ડક્શનની માંગ વધી: એમેઝોનમાં પ્રોડક્ટનું 30 ગણું વેચાણ, ઘણી ઈ-કોમર્સ વેબસાઈટ પર આઉટ ઓફ સ્ટોક

**નવી દિલ્હી, તા.12**

દેશમાં LPGની ઉપલબ્ધતાની વધતી ચિંતા વચ્ચે ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પર ઈન્ડક્શનની માંગ અચાનક વધી ગઈ છે. ઘણી ઈ-કોમર્સ સાઈટ્સ પર આ પ્રોડક્ટ આઉટ ઓફ સ્ટોક થઈ ગઈ છે.

એમેઝોન, ફ્લિપકાર્ટ અને બ્લિંકિટ જેવા પ્લેટફોર્મ પર ઈન્ડક્શનના સ્ટોકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. બ્લિંકિટ પર તો લગભગ બધા જ મોડલ આઉટ ઓફ સ્ટોક દેખાઈ રહ્યા છે, જ્યારે એમેઝોન અને ફ્લિપકાર્ટ પર પણ અમુક જ બ્રાન્ડ મળી રહી છે.

મિડલ ઈસ્ટમાં વધતા તણાવ અને ગેસ સપ્લાય પર અસરને કારણે ઘણા શહેરોમાં લોકો LPG સિલિન્ડર ન મળવાથી પરેશાન છે. આ જ કારણોસર બેકઅપ તરીકે ઈન્ડક્શન કુકટોપ ખરીદી રહ્યા છે.

ભારતમાં સામાન્ય રીતે ઈન્ડક્શનની કિંમત 1300થી 2000થી શરૂ થાય છે. જ્યારે, મિડ



રેન્જમાં તે 2,000 - 3,500માં મળે છે. પ્રીમિયમ મોડેલ 3,500 - 4,500+નું હોય છે.

ઈન્ડક્શન કુકટોપની માંગ વધ્યા પછી ઘણા બ્રાન્ડના મોડેલની કિંમતોમાં લગભગ 10-20% સુધીનો વધારો જોવા મળી રહ્યો છે. તે જ દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, ચેન્નઈ અને કોલકાતા જેવા શહેરોમાં ઈન્ડક્શનનું વેચાણ ઝડપથી વધ્યું છે.

ઈ-કોમર્સ કંપનીઓ અનુસાર, છેલ્લા કેટલાક દિવસોમાં ઈન્ડક્શનના વેચાણમાં ઝડપી ઉછાળો આવ્યો છે. એમેઝોન પર વેચાણ લગભગ 30 ગણું અને ફ્લિપકાર્ટ પર વેચાણ લગભગ ચાર ગણું થઈ ગયું છે. આ ઉપરાંત, ઈલેક્ટ્રિક કેટલ, રાઈસ કૂકર અને અન્ય ઈલેક્ટ્રિક કુકિંગ ઉપકરણોનું વેચાણ પણ ઝડપથી વધી રહ્યું છે.

ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમા અનુસાર, છેલ્લા કેટલાક દિવસોમાં ઈન્ડક્શન કુકટોપની માંગ લગભગ 3 ગણી વધી ગઈ છે. જ્યારે, કિચન એપ્લાયન્સ બનાવતી કંપની સ્ટોવક્રાફ્ટે જણાવ્યું કે ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર તેમનું સાપ્તાહિક વેચાણ લગભગ ચાર ગણું વધી ગયું છે.

જોકે, સરકારે લોકોને કહ્યું છે કે ગભરાવાની જરૂર નથી. દેશનો ઉર્જા પુરવઠો સુરક્ષિત છે અને LPG ઉત્પાદન પણ વધારવામાં આવ્યું છે. અધિકારીઓ અનુસાર, ઘરેલું LPGનો પુરવઠો સામાન્ય છે અને સિલિન્ડર બુકિંગ પછી લગભગ અઢી દિવસમાં ડિલિવરી થઈ રહી છે.

## ગુજરાતમાં નેશનલ હાઈવે પરથી 5 વર્ષમાં ₹20,383 કરોડનો ટોલ વસૂલાયો: તેની સામે ₹47,236 કરોડની ફાળવણી....

**નવી દિલ્હી, તા.12**

કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પરથી કુલ રૂ. 20,383 કરોડનો ટોલ વસૂલવામાં આવ્યો છે. આ જ સમયગાળા દરમિયાન, રાજ્યના નેશનલ હાઈવેના વિકાસ અને જાળવણી માટે કેન્દ્ર સરકારે રૂ. 47,236 કરોડની ફાળવણી પણ કરી છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ 11 માર્ચ, 2026ના રોજ આ માહિતી આપી હતી.



મુખ્ય હાઈવે પ્રોજેક્ટ્સની સ્થિતિ અને સમયમર્યાદા વિવિધ હાઈવે પ્રોજેક્ટ્સના કામ અને તેની પૂર્ણ થવાની સંભવિત સમયમર્યાદા વિશે પણ વિગતો રજૂ કરી હતી:

NH-48 (વાપી-સુરત-ભરૂચ): આ સ્ટ્રેચ પર 16 પુલ અને ફ્લાયઓવરનું કામ પ્રગતિ હેઠળ છે, જે જાન્યુઆરી 2027 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

ભરૂચ-વડોદરા સેક્શન: અહીં 7 પુલ અને ફ્લાયઓવરનું કામ ડિસેમ્બર 2026 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

શામળાજી-મોટા ચિલોડા: સિક્સ-લેનિંગનું બાકી રહેલું કામ જૂન 2026 સુધીમાં પૂર્ણ થશે.

રાજકોટ-જેતપુર (NH-27): આ સેક્શનનું સિક્સ-લેનિંગ કાર્ય જાન્યુઆરી 2027 સુધીમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે: આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માર્ચ-2028 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

પરિમલ નથવાણીએ ભરૂચ-સુરત અને અમદાવાદ-હિંમતનગર જેવા મુખ્ય માર્ગો પરના ખાડાઓ અને તૂટેલી સપાટી અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેના જવાબમાં જણાવાયું હતું કે NH-48ના મોટાભાગના સ્ટ્રેચ હાલ પર્ફોર્મન્સ બેઝ્ડ રોડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (PBMC) હેઠળ જાળવણી હેઠળ છે. નોંધનીય છે કે રાજકોટ-અમદાવાદ પ્રોજેક્ટ હાલ ગુજરાત સરકારના અધિકારક્ષેત્રમાં છે અને રાજ્યના બજેટમાંથી તેનું કામ કરવામાં આવી રહ્યું છે.

# ભારત સામે ટ્રમ્પે નવું હથિયાર ઉગામ્યું: શું છે 'સેક્શન 301', અમેરિકાએ ભારત સહિત 16 દેશ સામે તપાસ શરૂ કરી, ફરી ભારે ટેરિફ લગાવવાની તૈયારી

**વોશિંગ્ટન, તા.12**

અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને ભારત અને ચીન સહિત તેના 16 મુખ્ય ટ્રેડિંગ પાર્ટનર્સ વિરુદ્ધ 'સેક્શન 301' હેઠળ નવી તપાસ શરૂ કરી છે. 'સેક્શન 301' અમેરિકાને એવા દેશો પર એકતરફી ટેક્સ વધારવાની શક્તિ આપે છે, જે તેની કંપનીઓને નુકસાન પહોંચાડી રહ્યા હોય.

ગયા મહિને અમેરિકી સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર ઠેરવ્યા બાદ, પ્રશાસન હવે નવા કાનૂની રસ્તાઓથી ટેરિફનું દબાણ પાછું બનાવવાની તૈયારીમાં છે.

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) જેમિસન ગ્રીર અનુસાર, આ તપાસના કારણે આ વર્ષે ઉનાળા સુધીમાં ભારત, ચીન, યુરોપિયન યુનિયન અને મેક્સિકો જેવા દેશો પર નવા ટેરિફ લગાવી શકાય છે.

ટ્રમ્પ પ્રશાસને કુલ 16 ટ્રેડિંગ પાર્ટનર્સ સામે તપાસ શરૂ કરી છે. આમાં ભારત, ચીન, યુરોપિયન યુનિયન (EU), જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, વિયેતનામ, તાઈવાન, થાઈલેન્ડ, મલેશિયા, કંબોડિયા, સિંગાપોર, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ, સ્વિટ્ઝર્લેન્ડ અને નોર્વેનો સમાવેશ થાય છે.

20 ફેબ્રુઆરીના રોજ અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી ગ્લોબલ ટેરિફને ગેરકાયદેસર ઠેરવી હતી. આ પછી ટ્રમ્પે 150 દિવસ માટે 10%નો અસ્થાયી ટેરિફ લગાવ્યો હતો.

હવે પ્રશાસન 'સેક્શન 301'નો ઉપયોગ કરી રહ્યું છે જેથી ટ્રેડિંગ પાર્ટનર્સ પર ટેરિફનો ખતરો યથાવત રહે અને તેમને વાતચીતના ટેબલ પર લાવી શકાય.

આ 'ટ્રેડ એક્ટ ઓફ 1974'નો એક ભાગ છે. આ અમેરિકી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવને એ શક્તિ આપે છે કે જો કોઈ દેશ 'અયોગ્ય વેપાર પ્રથાઓ' (Unfair Trade Practices) કરે છે, તો અમેરિકા તેના પર વળતરરૂપ ટેરિફ અથવા અન્ય પ્રતિબંધો લગાવી શકે છે.

અમેરિકા એવા દેશોની તપાસ કરી રહ્યું છે જેઓ પોતાની જરૂરિયાત કરતાં વધુ સામાન બનાવી રહ્યા છે અને વપરાશ ન થવા પર તે માલને સસ્તા ભાવે અમેરિકી બજારોમાં ડમ્પ કરી રહ્યા છે.



અમેરિકા એ જોવા માંગે છે કે શું આ દેશો જાણી જોઈને પોતાની વધારાની ક્ષમતાનો ઉપયોગ કરીને અમેરિકી કંપનીઓ અને ત્યાંના મેન્યુફેક્ચરિંગ સેક્ટરને નુકસાન તો નથી પહોંચાડી રહ્યા.

ધારો કે કોઈ દેશમાં જૂતાની એક એવી ફેક્ટરી છે જે વર્ષમાં 100 જૂતા બનાવી શકે છે, પરંતુ તે દેશના લોકોને ફક્ત 20 જૂતાની જરૂર છે. હવે તે ફેક્ટરી બંધ ન થાય, તેથી ત્યાંની સરકાર તેને સબસિડી અથવા મદદ આપીને પૂરા 100 જૂતા બનાવડાવે છે.

હવે જે 80 જોડી જૂતા બચ્યા છે, તેને તે દેશ ખૂબ ઓછી કિંમતે બીજા દેશોના બજારોમાં ઉતારી દે છે. આનાથી ત્યાંની પોતાની કંપનીઓને નુકસાન થાય છે, કારણ કે તેઓ આટલી સસ્તી કિંમતનો મુકાબલો કરી શકતી નથી. અમેરિકા આ જ 'જરૂરિયાત કરતાં વધુ ઉત્પાદન'ની તપાસ કરી રહ્યું છે.

2024માં અમેરિકા સાથે ભારતનો ગુડ્સ ટ્રેડ સરપ્લસ 58,216 મિલિયન ડોલર (5.37 લાખ કરોડ) હતો. આ 2025માં ઘટીને 45,801 મિલિયન ડોલર (4.23 લાખ કરોડ) થઈ ગયો.

એમાં ઘટાડો થયો છે. તેમ છતાં ભારત એ 16 દેશોની યાદીમાં છે, જેમની તપાસ થશે. જો તપાસમાં ભારતની નીતિઓ 'અયોગ્ય' જણાશે તો ભારતીય સામાન પર ભારે ટેરિફ લાગી શકે છે.

ચીન આ યાદીમાં સૌથી ઉપર છે. 2024માં ચીનનો ટ્રેડ સરપ્લસ 202,071 મિલિયન ડોલર હતો, જે 2025માં વધીને 295,515 મિલિયન ડોલર થઈ ગયો. એટલે કે એક જ વર્ષમાં લગભગ 93,444 મિલિયન ડોલરનો મોટો ઉછાળો આવ્યો છે.

ગ્રીરે જણાવ્યું કે તેઓ 'સેક્શન 301' હેઠળ વધુ એક તપાસ શરૂ કરી રહ્યા છે, જેનો હેતુ ફોર્સ્ડ લેબરથી બનેલા સામાનની આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો છે.

અમેરિકા પહેલાથી જ ઉઈગર ફોર્સ્ડ લેબર પ્રોટેક્શન એક્ટ હેઠળ ચીનના શિનજિયાંગ ક્ષેત્રમાંથી આવતા સોલર પેનલ અને અન્ય સામાન પર કાર્યવાહી કરી ચૂક્યું છે.

હવે આ પ્રકારની કાર્યવાહી અન્ય દેશો પર પણ થઈ શકે છે. અમેરિકા ઈચ્છે છે કે અન્ય દેશો પણ બંધુઆ મજૂરી કે જબરદસ્તીથી કરાવાતા શ્રમથી બનેલા સામાન પર પ્રતિબંધ મૂકે.

15 એપ્રિલ સુધી સામાન્ય લોકો અને કંપનીઓ પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા છે. આ પછી 5 મેની આસપાસ જાહેર સુનાવણી થશે. લક્ષ્ય એ છે કે જુલાઈમાં અસ્થાયી ટેરિફ સમાપ્ત થાય તે પહેલાં જ આ તપાસના પરિણામો અને નવા ટેરિફના પ્રસ્તાવો તૈયાર કરી લેવામાં આવે.

હા, જેમિસન ગ્રીરે સ્પષ્ટપણે કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ ટેરિફ લાદવા માટે પ્રતિબદ્ધ છે. તેઓ વેપાર ખાધ ઘટાડવા અને અમેરિકી મેન્યુફેક્ચરિંગને બચાવવા માટે દરેક સંભવિત માર્ગ અને સાધન અપનાવશે. તેમણે ટ્રેડિંગ પાર્ટનર્સને હાલના કરારોનું પાલન કરવાની ચેતવણી આપી.

યુરોપિયન યુનિયન સાથે અમેરિકાની ખાધ 2025માં વધીને 235,874 મિલિયન ડોલર થઈ ગઈ છે. મેક્સિકો સાથે પણ ખાધ 171,491 મિલિયન ડોલરના સ્તરે છે. તાઈવાન અને વિયેતનામ જેવા દેશોની ખાધમાં જોકે ઘટાડો થયો છે, તેમ છતાં તેઓ તપાસના ઘેરામાં છે.

જો તમે એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બિઝનેસમાં છો, તો અમેરિકી પોલિસી પર નજર રાખો. જુલાઈ પછી ટેક્સટાઈલ, ઈલેક્ટ્રોનિક્સ અને એન્જિનિયરિંગ ગુડ્સની કિંમતોમાં મોટા ફેરફારો આવી શકે છે.

# ગેસના બાટલાની કાળાબજારી, 900 રૂપિયાના સિલિન્ડરના ₹1800: કોમર્શિયલ સિલિન્ડરના ₹4000, એજન્સી સંચાલકો-દલાલો લોકોને લૂંટી રહ્યાં છે......

**નવી દિલ્હી, તા.12**

અમેરિકા-ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધને કારણે દેશભરમાં એલપીજીની અછત વધી રહી છે. ગેસ સિલિન્ડર એજન્સીઓ પર લાંબી કતારો લાગી છે. આ ઉપરાંત ગેસ સિલિન્ડરની કાળાબજારી પણ શરૂ થઈ ગઈ છે.

બિહારમાં ઘરેલુ ગેસ સિલિન્ડર 1800 રૂપિયા સુધી વસૂલવામાં આવી રહ્યા છે. જ્યારે મધ્યપ્રદેશમાં કોમર્શિયલ સિલિન્ડર બ્લેકમાં 4000 રૂપિયામાં વેચાઈ રહ્યું છે. એટલું જ નહીં, કોમર્શિયલ ગેસ સિલિન્ડરના સપ્લાય પર પ્રતિબંધને કારણે હોટલો અને રેસ્ટોરન્ટ્સમાં ઈન્ડક્શન પર રસોઈ બનાવવાનું શરૂ કરી દેવાયું છે.

1,918 રૂપિયાનો કોમર્શિયલ સિલિન્ડર ભોપાલમાં બ્લેકમાં 4000 રૂપિયામાં વેચાઈ રહ્યું છે. ભાસ્કર ઈન્વેસ્ટિગેશનમાં સામે આવ્યું કે ભોપાલના બરખેડા પઠાણીમાં ભારત ગેસની એજન્સી પર ખુલ્લેઆમ 4 હજારમાં સિલિન્ડર વેચાઈ રહ્યું છે.

સરકારે કાળાબજાર રોકવા માટે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ લાગુ કર્યો છે, પરંતુ કાળાબજાર કરનારાઓ પર તેની કોઈ અસર થઈ નથી. આ કૌભાંડમાં એક ખાનગી ગેસ એજન્સી સંચાલક, કર્મચારીઓ અને દલાલો પણ સામેલ છે. આ ઉપરાંત ગેસની ગેરકાયદેસર રિફિલિંગ કરનારાઓ પણ તકનો લાભ લઈ રહ્યા છે.

ગેસ સિલિન્ડરની અછતને કારણે તેની કાળાબજારી વધી ગઈ છે. 918 રૂપિયામાં મળતા ગેસ સિલિન્ડરને બ્લેકમાં વેચનારા 1700 થી 1800 રૂપિયા સુધી લઈ રહ્યા છે. જ્યારે કોમર્શિયલ ગેસ સિલિન્ડરની સામાન્ય કિંમત 1910



રૂપિયા છે, તેના બ્લેકમાં 5000 રૂપિયા સુધી વસૂલવામાં આવી રહ્યા છે. ઈરાન સાથે અમેરિકા-ઈઝરાયના ચાલી રહેલા યુદ્ધની અસર દુનિયાભરમાં દેખાવા લાગી છે. ગુજરાતમાં કોમર્શિયલ સિલિન્ડરનો ઉપયોગ કરતા રેસ્ટોરન્ટ અને લારીવાળાઓની મુશ્કેલીમાં પણ રાતોરાત વધારો થયો છે. ગુજરાત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના મતે કોમર્શિયલ ગેસ સિલિન્ડરની સપ્લાય ખોરવાતા જે રેસ્ટોરન્ટ પાસે પાઈપ ગેસની સુવિધા નથી તેઓની મુશ્કેલી વધી છે.

દેશમાં એલપીજી સિલિન્ડરની અછત વચ્ચે તેના ભાવ પણ આસમાને પહોંચી રહ્યા છે. લખનઉમાં દિવસભર લાઈનમાં ઊભા રહેવા છતાં લોકોને સિલિન્ડર મળી રહ્યું નથી. લોકોનો દાવો છે કે આ બધા છતાં 950 રૂપિયાવાળો સિલિન્ડર 1600 રૂપિયા આપવા પર તરત મળી રહ્યું છે. કોમર્શિયલ સિલિન્ડર પણ 3500 રૂપિયામાં સરળતાથી ઉપલબ્ધ છે.

પંજાબમાં કોમર્શિયલ સિલિન્ડર મળવાના બંધ થઈ ગયા છે, જ્યારે ઘરેલુ સિલિન્ડરો માટે પણ બુકિંગમાં સમસ્યા આવી રહી છે. યુદ્ધ પહેલાં જ્યાં ઘરેલુ સિલિન્ડર ઘરોમાં ડિલિવર થતા હતા, હવે સ્થિતિ એવી છે કે લોકો એજન્સીઓ સામે સિલિન્ડર લઈને લાઈનોમાં ઊભા છે. છતાં તેમને ગેસ નથી મળી રહ્યો. જલંધરમાં લોકો કોમર્શિયલ સિલિન્ડર બ્લેકમાં ખરીદવા મજબૂર છે. અહીં જે સિલિન્ડર પહેલા 1600 રૂપિયામાં મળતો હતો, તે હવે 3500 રૂપિયામાં મળી રહ્યો છે. જ્યારે, તમામ જિલ્લાના વહીવટી અધિકારીઓ જણાવી રહ્યા છે કે LPGની કોઈ સમસ્યા નથી. તેમની પાસે ગેસનો ભરપૂર ભંડાર છે.

ગેસનો પુરવઠો પ્રભાવિત થવાને કારણે કોમર્શિયલ અને ઘરેલું ગ્રાહકોની મુશ્કેલી વધી ગઈ છે. સરકારે ફૂડ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ-કર્મચારીઓની રજાઓ રદ કરી દીધી છે. કાળાબજાર રોકવા માટે ટીમો દરોડા પાડી રહી છે.

કોટામાં ગેસ સિલિન્ડરની અછતને કારણે લાકડા અને કોલસાની ભઠ્ઠીની માગ વધી ગઈ છે. મેસ અને હોસ્ટેલો માટે 35 થી 40 કિલો વજનની ભઠ્ઠીઓ બનાવવામાં આવી રહી છે, પરંતુ વધતી માગને કારણે સપ્લાય કરવી મુશ્કેલ બની રહ્યો છે.

દેહરાદૂન અને હલ્દ્વાનીમાં વ્યાવસાયિક ગેસ સિલિન્ડરનો પુરવઠો પ્રભાવિત થવાથી હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને લારી ચલાવનારાઓ સામે મોટું સંકટ ઊભું થયું છે. સિલિન્ડરની અછતને કારણે ઘણી સંસ્થાઓએ તેમના મેનૂમાંથી લગભગ 70% ફૂડ આઈટમ્સ હટાવી દીધી છે, જ્યારે ઘણા લોકો વૈકલ્પિક વ્યવસ્થામાં લાગી ગયા છે. ઘરેલું સિલિન્ડરોની ડિલિવરી જે પહેલા 1-2 દિવસમાં થઈ જતી હતી, હવે એક અઠવાડિયા સુધી રાહ જોવી પડી રહી છે. હિસાર, સોનીપત, ફતેહાબાદ, હાંસી, કૈથલ, રેવાડી અને ફરીદાબાદમાં ગેસ એજન્સીઓની બહાર લોકોની લાંબી કતારો લાગી છે. ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના: સંકટને ધ્યાનમાં રાખીને પેટ્રોલિયમ મંત્રાલયે ત્રણ તેલ કંપનીઓના કાર્યકારી નિર્દેશકોની એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરી છે, જે પુરવઠાની સમીક્ષા કરશે.

આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ લાગુ: ગેસના પુરવઠાને નિયંત્રિત કરવા માટે કેન્દ્ર સરકારે દેશભરમાં 'આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ 1955' લાગુ કર્યો છે.

25 દિવસ પછી થશે LPG બુકિંગ: ઘરેલું સિલિન્ડરના બુકિંગના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઉપભોક્તા એક સિલિન્ડર ડિલિવર થયા પછી બીજો સિલિન્ડર 25 દિવસ પછી જ બુક થશે. OTP અને બાયોમેટ્રિક ફરજિયાત: ગેસની સંગ્રહખોરી રોકવા માટે ડિલિવરી એજન્ટ OTP અથવા બાયોમેટ્રિક વેરિફિકેશનનો ઉપયોગ કરી રહ્યા છે.

LPG ઉત્પાદન વધારવાનો આદેશ: સરકારે તમામ ઓઈલ રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો હતો. સૂત્રોનું કહેવું છે કે હવે ઉત્પાદન 10% વધી ગયું છે.

ભારત માટે સૌથી મોટો પડકાર સ્ટ્રેટ ઓફ હોર્મુઝનું બંધ થવું છે. આ લગભગ 167 કિમી લાંબો જળમાર્ગ છે, જે ફારસની ખાડીને અરબી સમુદ્ર સાથે જોડે છે. ઈરાન યુદ્ધના કારણે આ રૂટ હવે સુરક્ષિત રહ્યો નથી. ખતરાને જોતા કોઈ પણ તેલ ટેન્કર ત્યાંથી પસાર થઈ રહ્યું નથી. દુનિયાના કુલ પેટ્રોલિયમનો 20% હિસ્સો અહીંથી પસાર થાય છે. સાઉદી અરબ, ઈરાક અને કુવૈત જેવા દેશો પણ પોતાના નિકાસ માટે આના પર નિર્ભર છે. ભારત પોતાની જરૂરિયાતનું 50% ક્રૂડ ઓઈલ અને 54% એલએનજી આ જ રસ્તેથી મંગાવે છે. ઈરાન પોતે આ જ રૂટથી નિકાસ કરે છે.

ગયા અઠવાડિયે અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હતો. તેના જવાબમાં ઈરાને UAE, કતાર, કુવૈત અને સાઉદી જેવા દેશોમાં હાજર અમેરિકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે.

ઈરાનના ડ્રોન હુમલા બાદ ભારતને ગેસ સપ્લાય કરનાર સૌથી મોટા દેશ કતારે પોતાના LNG પ્લાન્ટનું ઉત્પાદન રોકી દીધું છે. તેનાથી ભારતમાં ગેસનો સપ્લાય ઘટી ગયો છે. ભારત પોતાની જરૂરિયાતની 40% LNG (લગભગ 2.7 કરોડ ટન વાર્ષિક) કતારથી જ આયાત કરે છે. સરકારે ઘરેલુ ગેસ સિલિન્ડર 60 રૂપિયા મોંઘો કર્યો છે. દિલ્હીમાં 14.2 કિલોગ્રામનો LPG ગેસ હવે 913 રૂપિયામાં મળી રહ્યો છે. પહેલા તે 853 રૂપિયાનો હતો. વધેલા ભાવ 7 માર્ચથી લાગુ થઈ ગયા છે.

# રશિયા પાસેથી 3 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ ખરીદશે ભારત: રિલાયન્સ-IOCએ બુકિંગ કર્યું, ઈરાન યુદ્ધ વચ્ચે સપ્લાય બંધ થયા બાદ નિર્ણય

**નવી દિલ્હી, તા.12**

ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ રૂટ બંધ થઈ ગયો છે. આવી સ્થિતિમાં, ક્રૂડ ઓઈલનો પુરવઠો બંધ થયા પછી, ભારત લગભગ 3 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી ખરીદશે.

આ દાવો બ્લૂમબર્ગના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવી કંપનીઓએ રશિયા સાથે તેલના કરાર કર્યા છે.

તાજેતરમાં અમેરિકાએ દરિયામાં ફસાયેલા રશિયન તેલના શિપમેન્ટ ખરીદવા માટે ભારતને 30 દિવસ (3 એપ્રિલ સુધી)ની છૂટ આપવાનો દાવો કર્યો હતો.

જોકે, આ અંગે ભારતીય અધિકારીઓ કહી ચૂક્યા છે કે ભારત તેલ ખરીદવા માટે કોઈ પણ દેશની પરવાનગી પર નિર્ભર નથી.

રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ઈઝરાયલના ઈરાન પરના હુમલાઓ પછી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' દ્વારા થતી તેલની સપ્લાય પ્રભાવિત થઈ છે. આવી સ્થિતિમાં, ભારતીય રિફાઈનર્સે તે રશિયન જહાજોને સુરક્ષિત કર્યા છે જેઓ પહેલાથી જ એશિયન સમુદ્રમાં હાજર હતા, પરંતુ તેમને ખરીદદારો મળી રહ્યા ન હતા.

વેપારીઓનું કહેવું છે કે ઈન્ડિયન ઓઈલે લગભગ 1 કરોડ બેરલ અને રિલાયન્સે પણ ઓછામાં ઓછું 1 કરોડ બેરલ તેલ ખરીદ્યું છે. બાકીનું તેલ અન્ય ભારતીય રિફાઈનિંગ કંપનીઓએ લીધું છે.

શિપિંગ ડેટા પરથી જાણવા મળ્યું છે કે રશિયન જહાજો 'માયલો' અને 'સારા' જેવા ઘણા મોટા તેલ ટેન્કરો, જેઓ અગાઉ સિંગાપોર તરફ જઈ રહ્યા હતા, તેમણે હવે ભારતના બંદરો તરફ



પોતાનો રસ્તો વાળ્યો છે. અમેરિકી છૂટ મળ્યાના તરત જ આ જહાજોના ગંતવ્ય સ્થાન બદલી દેવામાં આવ્યા. રશિયાએ આ વખતે યુરાલ્સ, ESPO અને વરાન્ડે જેવા ગ્રેડનું તેલ ઓફર કર્યું છે.

છેલ્લા કેટલાક મહિનામાં ભારતે રશિયા પાસેથી તેલની ખરીદી ઘટાડી દીધી હતી અને તેની જગ્યાએ સાઉદી અરેબિયા અને ઈરાક પાસેથી વધુ તેલ લેવાનું શરૂ કર્યું હતું. આંકડાઓ અનુસાર, ફેબ્રુઆરીમાં રશિયા પાસેથી આયાત ઘટીને દરરોજ 10.6 લાખ બેરલ રહી ગઈ હતી, જે 2024ના મધ્યમાં દરરોજ 20 લાખ બેરલથી વધુ હતી.

હવે મિડલ ઈસ્ટ સંકટને કારણે ફરી એકવાર ભારતે રશિયા તરફ વળ્યું છે, જેથી દેશમાં ઊર્જાની અછત ન થાય.

ઈરાને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને બ્લોક કરી દીધું છે, જ્યાંથી દુનિયાની 20% તેલ સપ્લાય થાય છે. જ્યારે, ભારત પોતાની જરૂરિયાતનું 50% ક્રૂડ ઓઈલ અને 54% એલએનજી આ જ માર્ગેથી મંગાવે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિને જોતા ભારતે પોતાની રણનીતિ બદલી લીધી છે અને આ વિવાદિત માર્ગ પર નિર્ભરતા ઘટાડી દીધી છે. ભારતીય કંપનીઓ વહેલી તકે પોતાનો સ્ટોક ભરવા માંગે છે.

10%નો વધારો: ભારતે એ માર્ગોથી થતી ક્રૂડ ઓઈલની આયાતમાં 10%નો વધારો કર્યો છે, જે હોર્મુઝના દાયરામાં આવતા નથી.

નવો રૂટ: પહેલાં ભારત તેની જરૂરિયાતનું 60% ક્રૂડ ઓઈલ હોર્મુઝ સિવાયના અન્ય માર્ગોથી મંગાવતું હતું, જેને હવે વધારીને 70% કરી દેવામાં આવ્યું છે. આનાથી ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધની અસર ભારતની સપ્લાય ચેઈન પર ઓછી પડશે. જણાવી દઈએ કે ભારત તેની જરૂરિયાતનું લગભગ 85-90% ક્રૂડ ઓઈલ 40+ દેશોમાંથી મંગાવે છે.

સરકારે એવા સંકેતો પણ આપ્યા છે કે હોર્મુઝ રૂટ પાસે જહાજોની અવરજવર જલ્દી શરૂ થઈ શકે છે. ઈરાનનું વલણ: સૂત્રો અનુસાર, ઈરાને વચન આપ્યું છે કે તે તેના પડોશી દેશોને ત્યાં સુધી નિશાન બનાવશે નહીં, જ્યાં સુધી તેમના વિસ્તારમાંથી ઈરાન પર હુમલો ન થાય.

ગ્લોબલ ઓફર: ભારત માટે સારી વાત એ છે કે દુનિયાના ઘણા અન્ય દેશો પણ તેને તેલ અને LNG સપ્લાય કરવામાં રસ દાખવી રહ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે ભારત પાસે હાલમાં LNGનો સરપ્લસ સ્ટોક ઉપલબ્ધ છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી અશાંતિ છતાં ભારતની ઊર્જા સુરક્ષા મજબૂત થઈ છે. સરકારી અધિકારીઓ અનુસાર, તાજેતરની સમીક્ષામાં તેલના સ્ટોકના સ્તરમાં સુધારો જોવા મળ્યો છે. સ્ટોકની સ્થિતિ: સૂત્રો અનુસાર, 'ભારતની ઊર્જા સ્ટોક પોઝિશન સુધરી રહી છે. જેમ જેમ પરિસ્થિતિ સુધરી રહી છે, તેમ તેમ અમારો આત્મવિશ્વાસ પણ વધી રહ્યો છે.' સમીક્ષા બેઠક: આંતરિક સમીક્ષા બેઠકોમાં પણ આ વાત સામે આવી છે કે ભારતનો ઊર્જા સ્ટોક પહેલા કરતા ઘણી સારી સ્થિતિમાં પહોંચી ગયો છે.

# ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે ગેસની અછત સર્જાતા હવે ડેરી પ્લાન્ટ પણ બંધ કરવા પડે તેવા સંકેત જોવા મળ્યા છે

**અમદાવાદ, તા.12**

કોમર્શિયલ ગેસના પૂરવઠાની અછત સર્જાતા હોટલ-રેસ્ટોરન્ટ, કેટરિંગ ઉદ્યોગની મુશ્કેલી વધી છે. જ્યારે પ્રોપેન ગેસની અછત સર્જાતાં સિરામિક ઉદ્યોગ પર ગંભીર અસર પડી છે. મહેસાણા સહિત અન્ય ડેરી પ્લાન્ટમાં અપાતાં ગેસ પુરવઠામાં 40 ટકાનો કાપ મૂકાયો છે, ત્યારે ડેરી પ્લાન્ટ બંધ કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. મિડલ ઈસ્ટમાં યુદ્ધ હવે ડેરી ઉદ્યોગને પણ નડે તેવી પૂરેપૂરી શક્યતા જોવાઈ રહી છે.



ઈરાન સામે ઈઝરાયલ-અમેરિકાના યુદ્ધની અસર હવે ગુજરાત પર જોવા મળી રહી છે જેમકે, કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછતને લીધે હોટલ-ખાણીપીણી વ્યવસાય સામે જોખમ ઊભું થયું છે. તેમાં ગેસ સિલિન્ડર નોંધાવવાના સમયમાં વધારો કરાતા લોકોમાં રાંધણ ગેસના બાટલા નહીં મળે તેવો ડર ઊભો થયો છે. મિડલ ઈસ્ટમાં યુદ્ધ વધુ વણસી રહ્યું છે, ત્યારે મહેસાણાની દૂધસાગર ડેરીના ગેસ પુરવઠામાં 40 ટકાનો કાપ મૂકાશે તેવું જાણવા મળ્યું છે. ડેરી પ્લાન્ટમાં દૂધ પ્રોસેસિંગ માટે હવે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા માટે પણ તૈયારી કરાઈ છે. જોકે, ગેસની અછત ઊભી થાય તો ડેરી પ્લાન્ટ પણ બંધ કરવા પડે તેમ છે. આ ઉપરાંત ડેરી પ્લાન્ટ બંધ પડે તો, મિલ્ક પાવડરના ઉત્પાદનમાં ઘટાડો થાય તેવી સંભાવના છે.

આ બાજુ, પ્રોપેન ગેસની સપ્લાય બંધ થવા સિરામિક સહિત અન્ય ઉદ્યોગોએ તાળા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. માત્ર મોરબીમાં જ સિરામિકની 100થી વધુ ફેક્ટરીઓ બંધ પડી છે. પરિસ્થિતિને જોતાં ઉત્પાદન ઠપ થયું છે. ત્યારે રાજ્ય સરકારે પણ પ્રોપેન ગેસ વાપરતા ઉદ્યોગોએ હાલ પૂરતો એક મહિના સુધી ઉત્પાદન બંધ રાખવા અભિપ્રાય માંગ્યો છે. ગેસની અછતને લઈને સિરામિક ઉદ્યોગકારો ગાંધીનગર દોડી આવ્યા હતાં. તેમના પ્રતિનિધી મંડળે મુખ્યમંત્રીને મળીને ગેસ સંબધિત રજૂઆત કરી હતી.

શાપર-વેરાવળના ઉદ્યોગકારોએ પણ ગાંધીનગરમાં સરકાર સમક્ષ રજૂઆત કરી હતી કે, કાસ્ટિંગ અને ફોર્જિંગ જેવા ગેસ આધારિત ઉદ્યોગો મુશ્કેલીમાં મૂકાયા છે. હવે 600થી વધુ એકમો બંધ કરવા પડે તેવી સ્થતિ સર્જાઈ છે. જો ગેસમાં કાપ મૂકાશે તો, ઉદ્યોગોને મોટો આર્થિક ફટકો પડી શકે છે. સાથે સાથે હજારો કામદારોની રોજીરોટી સામે જોખમ તોળાઈ રહ્યું છે.

# અમદાવાદ મેટ્રોપોલિટન કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી: ફાયર વિભાગની ત્રણ ગાડીઓ કોર્ટ સંકુલમાં હાજર

**અમદાવાદ, તા.12**



અમદાવાદ મેટ્રોપોલિટન કોર્ટ (ઘી કાંટા)ને આજે(12 માર્ચ) બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ઘટનાની જાણ થતાં જ ફાયરવિભાગની ત્રણ ગાડીઓ કોર્ટ સંકુલમાં પહોંચી ગઈ છે. હાલ આખી બિલ્ડિંગ ખાલી કરાઈ છે અને પોલીસ દ્વારા તપાસ ચાલું કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી માત્ર હાઈકોર્ટ અને ગ્રામ્ય કોર્ટને ઉડાવવાની ધમકીઓ મળી હતી, જ્યારે આ વખતે ઘી કાંટા ખાતે આવેલી મેટ્રો કોર્ટને બોમ્બથી ઉડાવવાની પ્રથમવાર ધમકી મળી છે. અમદાવાદની મેટ્રોપોલિટન કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળતા સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ફાયર વિભાગની ત્રણ ગાડીઓ સહિત સ્થાનિક પોલીસ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી છે અને સુરક્ષાના કારણોસર આખી બિલ્ડિંગ તેમજ અપના બજારમાં કાર્યરત કોર્ટના વિભાગોને પણ ખાલી કરાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ઝોન-2 ડીસીપી ભરત રાઠોડે જણાવ્યું હતું કે, તમામ લોકોને સલામત રીતે બહાર કાઢી લેવાયા છે અને હાલ સઘન ચેકિંગ ચાલી રહ્યું છે.

# અમદાવાદ ટ્રાફિક પોલીસનું સો. મીડિયા X એકાઉન્ટ સસ્પેન્ડ: T20 ફાઈનલ મેચની એક પોસ્ટ મોટા પ્રમાણમાં રીપોસ્ટ અને કોમેન્ટથી એકાઉન્ટ બંધ

**અમદાવાદ, તા.12**

અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા અમદાવાદ ટ્રાફિક પોલીસનું સોશિયલ મીડિયા X એકાઉન્ટ બનાવવામાં આવ્યું હતું જેને X દ્વારા હાલ પૂરતું સસ્પેન્ડ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. સોશિયલ મીડિયા X દ્વારા એકાઉન્ટનો ઉપયોગ કરવા માટે કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે. જે નિયમોનો ભંગ કરવામાં આવતા @PoliceAhmedabad નામથી X પર ટ્રાફિક પોલીસનો એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે જેથી લોકો તેના ઉપર પોસ્ટ કરી શકતા નથી. અમદાવાદીઓ સૌથી વધુ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. દિન પ્રતિદિન વધતા જતા વાહનોની સાથે ટ્રાફિકની સમસ્યા પણ વધી રહી છે, ત્યારે નાગરિકો ટ્રાફિકને લગતી અપડેટ અને ટ્રાફિક વિશે માહિતી પોલીસ સુધી પહોંચાડી શકે તેના માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા સોશિયલ મીડિયા X એકાઉન્ટ બનાવવામાં આવ્યું હતું. જેમાં દિન પ્રતિદિન ટ્રાફિક પોલીસને લગતી અપડેટ મૂકવામાં આવતી હતી. કોઈપણ વ્યક્તિ ટ્રાફિકને લગતી ફરિયાદ કરે તો ટ્રાફિક પોલીસ તરફથી પોસ્ટ પણ કરવામાં આવતી હતી. જોકે સોશિયલ મીડિયા X પર @PoliceAhmedabad નામથી




બનાવવામાં આવેલા એકાઉન્ટને હાલ પૂરતું સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વર્લ્ડ કપ T20 ફાઈનલ મેચની એક પોસ્ટ કરવામાં આવેલી હતી. જે પોસ્ટમાં ખૂબ મોટા પ્રમાણમાં રીપોસ્ટ અને કોમેન્ટ આવેલી હતી જેના પગલે સોશિયલ Xના ધ્યાન પર આ બાબત આવી હતી અને કોઈ નીતિ નિયમનો ભંગ થયો હોવાને લઈને ટેમ્પરરી એકાઉન્ટને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. અમદાવાદ ટ્રાફિક પોલીસ X એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવામાં આવતા તાત્કાલિક ધોરણે ટ્રાફિક પોલીસના અધિકારીઓ દ્વારા આ બાબતે ધ્યાન લઈને X કંપનીને ઈમેલ કરીને જાણ કરી છે. જેથી ગુરૂવાર સાંજ સુધીમાં ફરીથી એકાઉન્ટ ચાલુ થાય તેવી શક્યતા જણાય છે. પોલીસ સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, વર્લ્ડ કપ ટી20 ફાઈનલ મેચના દિવસે દિલ્હી પોલીસ દ્વારા કરવામાં આવેલા પોસ્ટ બાબતે X એકાઉન્ટને કોમ્પ્રોમાઈઝ કરી દેવામાં આવ્યું હોવાનું લાગ્યું હોવાથી તાત્કાલિક ધોરણે તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે.

# સુભાષ બ્રિજ તોડવા માટે સાબરમતી નદી ખાલી કરાશે, 235 કરોડના ખર્ચે બનશે નવો બ્રિજ.....

**અમદાવાદ, તા.12**



અમદાવાદના ટ્રાફિક માટે મહત્ત્વનો ગણાતો સુભાષ બ્રિજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 235 કરોડ રૂપિયાના ખર્ચે નવો અને મોર્ડન બ્રિજ બનાવવાની મંજૂરી આપી દેવામાં આવી છે. જૂના બ્રિજનો સ્પાન બેસી જતાં તેને જોખમી જાહેર કરી તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. જાન્યુઆરી 2027 સુધીમાં આ નવો પ્રોજેક્ટ પૂર્ણ કરી જનતા માટે ખુલ્લો મૂકવાનું લક્ષ્ય કોર્પોરેશનનું છે.

મળતી માહિતી અનુસાર, આગામી પહેલી એપ્રિલથી 15મી જૂન સુધીના અઢી મહિનાના સમયગાળા દરમિયાન સાબરમતી નદીને સંપૂર્ણપણે ખાલી રાખવામાં આવશે. સિંચાઈ વિભાગ દ્વારા વાસણા બેરેજના 30 પૈકી 18 દરવાજા નવા નાખવા અને અન્યમાં રિપેરિંગની કામગીરી કરવાની હોવાથી નદીનું પાણી છોડી દેવાશે. નદી ખાલી હોવાનો સીધો ફાયદો કોર્પોરેશનને મળશે, જેથી સુભાષ બ્રિજ તોડતી વખતે તેનો કાટમાળ નદીના પટમાં જમા કરી સરળતાથી નિકાલ કરી શકાય.

બ્રિજ ડિમોલિશનની પ્રક્રિયા માટે સાવચેતી રાખવામાં આવી રહી છે. સુભાષ બ્રિજ જૂની બેલેન્સ કેન્ટી લિવર પદ્ધતિથી બનેલો હોવાથી તેના 6 સ્પાન તોડવા માટે સુરત SVNIT અથવા IIT પાસે સ્પેશિયલ મેથડ તૈયાર કરાવવામાં આવી છે. એપ્રિલ માસથી જ ઉપરના સ્ટ્રક્ચરને તોડવાનું કામ શરૂ થશે. અધિકારીઓના જણાવ્યાનુસાર, નદી ખાલી હશે તે દરમિયાન જ ડિમોલિશનની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવશે જેથી ચોમાસા પહેલા પાયાનું કામ શરૂ થઈ શકે.

હાલમાં બ્રિજની આસપાસ સોઈલ ટેસ્ટિંગ અને માપણીની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. નવા બ્રિજની ડિઝાઈન નક્કી કરવા માટે જમીન કેટલી ઊંડી છે અને તે કેટલો ભાર સહન કરી શકશે તેનું સાયન્ટિફિક ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. કલેક્ટર ઓફિસ તરફના છેડેથી ટેસ્ટિંગની શરૂઆત કરી દેવામાં આવી છે, જે નવા સ્ટ્રક્ચરના પાયા નાખવા માટે પાયારૂપ સાબિત થશે.

વાસણા બેરેજ ખાતે 'ડેમ સેફ્ટી' અંતર્ગત થનારી મરામત અને સુભાષ બ્રિજનું નવનિર્માણ, આ બંને પ્રોજેક્ટ્સ એકસાથે ચાલવાના હોવાથી આ ઉનાળો સાબરમતી નદી કોરી જોવા મળશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા એવી રીતે આયોજન કરાયું છે કે નદીમાં ફરી પાણી ભરવામાં આવે તે પહેલાં જોખમી સ્ટ્રક્ચર હટાવી લેવામાં આવે, જેથી ભવિષ્યમાં બાંધકામ વખતે કોઈ અવરોધ ન આવે.

# 41 તળાવ ડેવલપમેન્ટની કામગીરી પુરી, અમદાવાદમાં તળાવ ભરેલા રાખવા મિની એસ.ટી.પી.બનાવવા આયોજન

## ગટરના ટ્રીટ થયેલા પાણીને વધુ ગુણવત્તાયુકત બનાવવા પાયલોટ પ્રોજેક્ટ

**અમદાવાદ, તા.12**

અમદાવાદ મ્યુનિ.ની હદમાં આવેલા તળાવો પૈકી ૪૧ તળાવના ડેવલપમેન્ટની કામગીરી પુરી કરાઈ છે.વિવિધ વિસ્તારમા આવેલા તળાવ બારેમાસ પાણીથી ભરેલા રહે તે માટે તળાવોને ઈન્ટરલિંક કરવા ઉપરાંત એસ. ટી.પી.બનાવવા આયોજન કરાયુ છે. ગટરના પાણી ટ્રીટ કરી તળાવોમાં છોડવામા આવશે. આ ઉપરાંત ટ્રીટ થયેલા ગટરના પાણીને વધુ ગુણવત્તાયુકત બનાવવા પાંચ તળાવમા નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરવા પાયલોટ પ્રોજેક્ટ અમલમા મુકાશે.



મ્યુનિસિપલ કોર્પોરેશનના નેશનલ રિવર કન્ઝર્વેશન પ્રોજેક્ટ દ્વારા તળાવોમાં ભરાયેલા પાણીની ગુણવત્તા સુધારવા તથા લીલ કે જળકુંભી જેવી વનસ્પતિ થાય નહીં તે માટે નેનો બબલ ટેકનોલોજી સહિત ત્રણ પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરવા પાયલોટ પ્રોજેક્ટને મંજૂરી આપવામા આવી છે.વિવિધ વિસ્તારમા આવેલા ૧૭ તળાવને ડેવલપ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. આગામી સમયમા ૧૯ તળાવનુ ડેવલપમેન્ટ કરવામા આવશે.તળાવ આસપાસના વિસ્તારમા ભૂગર્ભ જળ સ્તર ઉંચા લાવવા માટે મિની એસ.ટી.પી. બનાવવા આયોજન કરાયુ છે. તળાવો ઈન્ટરલિંક થવાથી મિની એસ.ટી.પી.વાળા તળાવમાંથી વધારાનુ પાણી અન્ય તળાવમા પણ મોકલી શકાશે.શહેરના પાંચ તળાવ ખાતે ટ્રીટ થયેલા પાણીમા ડિઝોલ્વ્ડ ઓકિસજનના પ્રમાણમા વધારો થાય અને બાયોલોજીકલ ઓકિસજન ડિમાન્ડ અને કેમિકલ ઓકિસજન ડિમાન્ડનુ પ્રમાણ ઘટે એ માટે નેનો બબલ જનરેટર, સરફેસ એરેટર, ડીપ એરેટર તથા અલ્ટ્રા સાઉન્ડ જનરેટર એમ ત્રણ પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરવામા આવશે.

કયા તળાવમા પાયલોટ પ્રોજેક્ટ થશે? - સરખેજ મકરબા તળાવ, સરખેજ બેદાર તળાવ, રાણીપ ચેનપુર તળાવ, ચાંદખેડા તળાવ તથા નિકોલ-સુરભી તળાવ.

# 'કરોડોનું મ્યુઝિયમ ભલે બને, અમને બે લોટા પાણી તો આપો!...' લોથલના સરગવાડા ગામમાં પીવાના પાણીના ફાંફા!

**અમદાવાદ, તા.12**

એક તરફ સરકાર કરોડોના ખર્ચે લોથલમાં વિશ્વકક્ષાનું મ્યુઝિયમ ઊભું કરી ઈતિહાસને જીવંત કરવાના બણગાં ફૂંકી રહી છે, તો બીજી તરફ એ જ ઈતિહાસની સાક્ષી પૂરતા ધોળકા તાલુકાના સરગવાડા ગામ ખાતે પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે અને સ્થાનિકો-મહિલાઓ પાણી માટે વલખાં મારી રહ્યા છે. છેલ્લા 15 દિવસથી પાણી ન આવતા મહિલાઓ તળાવના ગંદા પાણીમાં કપડાં-વાસણ ધોવા મજબૂર બની છે. આમ, મ્યુઝિયમ પાછળ કરોડોનો ખર્ચ કરાશે, પરંતુ પ્રજાની તરસ છિપાવવામાં તંત્ર નાકામ રહ્યું છે.



તેવામાં સવાલ થાય છે કે, શું આને જ સરકાર 'વિકાસ' કહે છે?

અમદાવાદના ધોળકાના ભાલ પંથકમાં આવેલા સરગવાડા ગામે ઉનાળાની શરૂઆત પહેલા જ 'જળ સંકટ' ઘેરાયું છે. છેલ્લા બે અઠવાડિયાથી નળમાં પાણી ન આવતા ગ્રામજનોની હાલત કફોડી બની છે. ગામના સીમ વિસ્તારમાં જ આંતરરાષ્ટ્રીય કક્ષાનું લોથલ મ્યુઝિયમ બની રહ્યું છે, પરંતુ 'દીવા તળે અંધારું' હોય તેમ ખુદ સરગવાડા ગામ પાણી માટે રઝળપાટ કરી રહ્યું છે. પાણી માટે પોકાર કરતી મહિલાઓએ આપવીતી વ્યક્ત છે કે, 'ઘરકામ કરવું, રસોઈ બનાવવી કે બાળકોને સાચવવા કરતા પણ વધુ સમય પાણી ભરવામાં જાય છે.'

ભાલ વિસ્તાર હોવાથી હાલ ચણા અને ઘઉંની સિઝન ચાલી રહી છે, જેના કારણે પુરુષો ખેત મજૂરીએ જાય છે. તેવામાં ઘરની તમામ જવાબદારી સાથે પાણીની વ્યવસ્થા કરવાનું ભારણ મહિલાઓ પર આવી પડ્યું છે.

સ્થાનિકો મુજબ, ભોળાદ ગામ પાસેથી પસાર થતી મુખ્ય પાઈપલાઈનમાં અનેક ગેરકાયદે કનેક્શન હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ભાલ પંથકની આ ધરતી પર આંતરરાષ્ટ્રીય પ્રવાસનનું 'અજવાળું' પાથરવાની વાતો કરતું તંત્ર પોતાના જ નાક નીચે ચાલતા ગેરકાયદે કનેક્શનો સામે આંખ આડા કાન કરીને બેઠું હોય તેવું લાગી રહ્યું છે. તેવામાં સવાલ એ થાય છે કે, આ કનેક્શનો કોની રહેમનજર હેઠળ ચાલી રહ્યા છે? તંત્રના મૌન પાછળનું કારણ શું?

મહિલાઓએ જણાવ્યું હતું કે, 'પાણીની એટલી બધી સમસ્યા છે કે અમે 15 દિવસથી હેરાન થઈએ છીએ. પીવાનું પાણી લેવા માટે બે કિલોમીટર દૂર જવું પડે છે. તળાવના ગંદા પાણીમાં કપડાં ધોવા પડે છે, જેનાથી બીમારીનો ભય રહે છે. સરકાર મ્યુઝિયમ બનાવે છે પણ અમને પાણી નથી આપી શકતી.'

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
**વોટ્સએપ નંબર - 8980070599**

